અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


16 JUNE-2026 TUESDAY | Vol. : 17 | Issue : 344 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ટ્રમ્પના 80માં જન્મદિવસે 575 કરોડ રૂપિયાના ખર્ચે કેજ ફાઈટ

4

એટલાન્ટિક મહાસાગરમાં ગરમી અને ઠંડી બંને વધ્યા, જળપ્રલયનો સંકેત!

6

બ્રાઝિલ અને મોરક્કો વચ્ચે રોમાંચક મુકાબલો 1-1થી ડ્રો

7

ઈરાન-અમેરિકા વચ્ચે સમજૂતીના સમાચારોથી શેરબજારમાં તેજી

## મોદીએ ખુલ્લા દિલથી કર્યું ટ્રમ્પની પીસ ડીલનું સ્વાગત

# હવે ટકાઉ અને અંતિમ સમજૂતીની આશા છે : PM મોદી

### આ સંઘર્ષને કારણે વિશ્વભરમાં ગંભીર આર્થિક ઉથલપાથલ થઈ છે : ભારતને આશા છે કે, આ કરારના અમલીકરણથી શાંતિ અને સ્થિરતા પુન:સ્થાપિત કરવામાં મદદ મળશે

**નવી દિલ્હી, તા.15**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી શાંતિ સમજૂતી પર પહેલી પ્રતિક્રિયા આપી છે. આમાં તેમણે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ સમાપ્ત કરવા અંગે બનેલી આ સમજણનું સ્વાગત કર્યું છે. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X)ના માધ્યમથી આ પગલાની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, ‘હું અમેરિકા અને ઈરાન વચ્ચે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ સમાપ્ત કરવા માટે બનેલી સમજણનું સ્વાગત કરું છું. આ સંઘર્ષના કારણે આખી દુનિયામાં ગંભીર આર્થિક અવરોધો ઊભા થયા અને કેટલાય દેશોમાં લોકોએ જીવ ગુમાવ્યા છે.’ પીએમ મોદીએ કહ્યું કે, સંઘર્ષનો અંત લાવવા માટે આ કરારને આવકારીએ છીએ. હવે ટકાઉ અને અંતિમ સમજૂતીની આશા છે.

પીએમ મોદીએ આ સાથે જ પશ્ચિમ એશિયામાં શાંતિની આશા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ‘નવી સમજણના અસરકારક અમલીકરણથી ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પુન:સ્થાપિત થવાની આશા છે. સાથે જ આ દરિયાઈ માર્ગો પર અવરોધ વિનાની અવરજવર અને વૈશ્વિક વેપારને સુરક્ષિત રાખવામાં પણ મદદરૂપ સાબિત થશે.’

પીએમ મોદીના નિવેદનની સૌથી મહત્વની વાત હોર્મુઝ સ્ટ્રેટને લઈને રહી છે. તેમણે સ્પષ્ટ સંકેત આપ્યો કે ભારતને આશા છે કે આ સમજૂતી પછી દરિયાઈ માર્ગો પર સામાન્ય સ્થિતિ પુન:સ્થાપિત થશે અને વૈશ્વિક વેપાર કોઈ પણ અવરોધ વિના સતત ચાલુ રહી શકશે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક છે, જ્યાંથી વિશ્વભરમાં તેલ અને ગેસ સપ્લાયનો મોટો હિસ્સો પસાર થાય છે. આ યુદ્ધ દરમિયાન પહેલા તો ઈરાને હોર્મુઝ પર નાકાબંધી લગાવી દીધી હતી, પછી અમેરિકાએ અહીં બેવડી નાકાબંધીની જાહેરાત કરી હતી. આ કારણે દુનિયાભરના કેટલાય દેશોમાં તેલ અને ગેસ સપ્લાયની અછત સર્જાઈ હતી.

અમેરિકા અને ઈરાને હવે યુદ્ધ સમાપ્ત કરવા માટે એક પ્રારંભિક સમજૂતી પર સહમતિ દર્શાવી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આને પોતાની રાજદ્વારી સફળતા ગણાવતા એલાન કર્યું કે હવે હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે ખુલી જશે. મળતી માહિતી મુજબ, પાકિસ્તાનની મધ્યસ્થતામાં થયેલી વાતચીત બાદ બંને દેશો યુદ્ધવિરામ પર સહમત થયા છે. આ સમજૂતી અંતર્ગત લેબનાન સહિત તમામ મોરચે સૈન્ય કાર્યવાહી રોકવા પર સહમતિ બની છે. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે પણ સંકેત આપ્યા છે કે સૈન્ય કામગીરી કાયમી ધોરણે સમાપ્ત કરવામાં આવશે.

જો કે, ઈરાનના પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધોમાં રાહત અને અન્ય વ્યૂહાત્મક મુદ્દાઓ પર હજુ વાતચીત બાકી છે. આ વિષયો પર ૬૦ દિવસના પ્રસ્તાવિત યુદ્ધવિરામ દરમિયાન ચર્ચા થવાની સંભાવના છે.

આ સમજૂતીના સમાચાર સામે આવ્યા બાદ વૈશ્વિક બજારોમાં પણ સકારાત્મક પ્રતિક્રિયા જોવા મળી છે. કાચા તેલની કિંમતોમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે એશિયાઈ શેરબજારોમાં તેજી જોવા મળી છે. નિષ્ણાતોનું માનવું છે કે જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં કાયમી ધોરણે સામાન્ય સ્થિતિ બહાલ થશે તો ઉર્જા બજારો પરનું દબાણ ઓછું થશે અને વૈશ્વિક અર્થતંત્રને રાહત મળશે.

## TMCમાં ભંગાણથી સંસદમાં NDA મજબૂત થશેઃ

# લોકસભામાં 314, રાજ્યસભામાં 154 સાંસદો હોઈ શકે છે

**કોલકાતા, તા.15**

તૃણમૂલ કોંગ્રેસ (TMC) માં બળવાને કારણે સંસદમાં NDA ની તાકાત હવે વધુ વધી શકે છે. TMC ના 20 બળવાખોર સાંસદોના સમર્થન પછી લોકસભામાં NDA ની સંખ્યા 294 થી વધીને 314 સુધી પહોંચી શકે છે.

18 જૂને યોજાનારી રાજ્યસભા ચૂંટણી અને TMC સાંસદોના સંભવિત રાજીનામા પછી ઉપલા ગૃહમાં NDA નો આંકડો 148 થી વધીને 154 સુધી પહોંચવાની સંભાવના છે. જોકે, બે-તૃતીયાંશ બહુમતી સુધી પહોંચવા માટે NDA ને લોકસભામાં 46 અને રાજ્યસભામાં 9 બેઠકોની જરૂર રહેશે.

બીજી તરફ, કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોમવારે દાવો કર્યો, ’ગૃહમંત્રી અમિત શાહે આ સાંસદોના ગેરકાયદેસર રીતે અલગ થવાનું ષડયંત્ર રચ્યું હતું. આ વિચિત્ર પગલું લોકસભામાં NDA માટે બે-તૃતીયાંશ બહુમતી હાંસલ કરવાની તેમની રણનીતિનો એક ભાગ છે.’ બજેટ સત્ર દરમિયાન સરકાર સીમાંકન બિલ માટે બંધારણ સુધારા બિલને લોકસભામાં પસાર કરાવી શકી ન હતી. ભાજપના આ પ્રયાસોને તેની સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.

લોકસભામાં NDA પાસે હાલમાં 294 સાંસદો છે. TMCના 20 બળવાખોર સાંસદો NCPIમાં



ભળી ગયા છે. તેમણે NDAને સમર્થન આપવાની વાત કહી છે. તેનાથી NDA સાંસદોની સંખ્યા 314 સુધી પહોંચી જશે.

હાલમાં લોકસભાની 543માંથી 3 બેઠકો ખાલી છે. આવા સંજોગોમાં ગૃહની અસરકારક સંખ્યા 540 છે અને બે-તૃતીયાંશ બહુમતી માટે 360 સાંસદોના સમર્થનની જરૂર પડશે. આવા સંજોગોમાં NDAને બે-તૃતીયાંશ બહુમતીનો આંકડો હાંસલ કરવા માટે વધુ 46 સાંસદોની જરૂર પડશે.

હાલમાં રાજ્યસભામાં NDA પાસે 148 સાંસદો છે. ગઠબંધન બે-તૃતીયાંશ બહુમતીથી 16 બેઠકો પાછળ છે. 18 જૂને ઝારખંડ અને મિઝોરમની રાજ્યસભા બેઠકો પર ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીઓ અને કેટલાક અપક્ષ સભ્યોના સમર્થનથી NDAની સંખ્યા 151 સુધી પહોંચી શકે છે.

TMCના 3 રાજ્યસભા સાંસદોના રાજીનામાથી પશ્ચિમ બંગાળમાં 3 બેઠકો ખાલી પડશે. વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં આ બેઠકો પર NDA સમર્થિત ઉમેદવારોની જીતની સંભાવના છે. આવું થવાથી ગઠબંધનની સંખ્યા 154 સુધી પહોંચી શકે છે.

રાજ્યસભામાં કુલ 245 સભ્યો છે. બે-તૃતીયાંશ બહુમતી માટે 163 સાંસદોની જરૂર હોય છે. એટલે કે NDA આ સંખ્યાથી માત્ર 9 બેઠકો પાછળ રહેશે. જો TMC ના વધુ રાજ્યસભા સાંસદો રાજીનામું આપે છે તો ગઠબંધન આ આંકડો પણ મેળવી શકે છે.

જોકે NDA સામે આગળ પડકાર પણ છે. નવેમ્બરમાં ઉત્તર પ્રદેશમાંથી 10 રાજ્યસભા સાંસદોનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. વિધાનસભામાં મજબૂત સ્થિતિને કારણે સમાજવાદી પાર્ટી પોતાની બેઠકો વધારી શકે છે, જેનાથી રાજ્યસભાનું સમીકરણ બદલાઈ શકે છે.

રાજ્યસભામાં INDIA બ્લોક પાસે હાલમાં 64 સાંસદોનું સમર્થન હોવાનું કહેવાય છે. રિપોર્ટ્સ અનુસાર, તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા TVKને સમર્થન આપવાથી DMK નારાજ છે અને તેણે ગઠબંધનથી અંતર બનાવી લીધું છે. જ્યારે, આમ આદમી પાર્ટી (AAP) પણ INDIA બ્લોકથી અલગ થઈ ચૂકી છે. જ્યારે YSRCP, BJD અને MDMK જેવા પ્રાદેશિક પક્ષો પાસે પણ પર્યાપ્ત સંખ્યામાં સાંસદો છે. કોઈ નજીકના મતદાનની સ્થિતિમાં આ પક્ષોની ભૂમિકા મહત્વપૂર્ણ બની શકે છે.

## સુપ્રીમ કોર્ટે કહ્યું- RTI એક્ટિવિઝમ હવે બિઝનેસ બન્યું: સરકાર પોતાના કામનું ધ્યાન પોતે જ રાખી લેશે

**નવી દિલ્હી, તા.15**

સુપ્રીમ કોર્ટે કહ્યું કે RTI એક્ટિવિઝમને નવો વ્યવસાય ગણાવતા RTI કાર્યકર્તા રાકેશ બેહલ અને તેના સહયોગીની આગોતરા જામીન અરજી ફગાવી દીધી. બંને પર રોડ નિર્માણમાં અવરોધ ઉભો કરવાનો આરોપ છે. FIR મુજબ, રાકેશ અને રાજીવ કુમારે પંજાબના ગુરદાસપુરમાં રોડ નિર્માણ કાર્યમાં અવરોધ ઉભો કર્યો. બંને પર નિર્માણ કાર્યની દેખરેખ રાખી રહેલા લોકો અને સ્થળ પર હાજર મજૂરોને ડરાવવા-ધમકાવવાનો આરોપ છે.

જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ વિજય બિશ્નોઈની બેન્ચે સોમવારે આ કેસની સુનાવણી કરી. જસ્ટિસ બિશ્નોઈએ કહ્યું કે આ રસ્તાઓના નિર્માણની દેખરેખ રાખનારા તમે કોણ છો? તમે કઈ ઓથોરિટી છો? તમને આ અધિકારો કોણે આપ્યા છે. આ પહેલા, પંજાબ-હરિયાણા હાઈકોર્ટે 14 મેના રોજ આ કેસમાં બંનેને આગોતરા જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. RTI (માહિતી અધિકાર) કાયદાનો ઉપયોગ કરીને સરકારી કામકાજમાં પારદર્શિતા લાવવા, ભ્રષ્ટાચારને ઉજાગર કરવા અને જનતા પ્રત્યે જવાબદારી નક્કી કરવાને ’RTI એક્ટિવિઝમ’ કહેવાય છે. આ અંતર્ગત સામાજિક કાર્યકરો અથવા સામાન્ય નાગરિકો જનહિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર સરકારી વિભાગો પાસેથી મહત્વપૂર્ણ માહિતી માંગે છે. જોકે, તાજેતરના દિવસોમાં કેટલાક લોકો દ્વારા તેનો ખોટો ઉપયોગ કરીને અધિકારીઓને ડરાવવા અથવા બ્લેકમેલ કરવાના કિસ્સાઓ પણ સામે આવ્યા છે. દિલ્હીના પૂર્વ સીએમ અને આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલે પણ RTI દ્વારા ભ્રષ્ટાચાર ઉજાગર કરીને ઓળખ બનાવી હતી. આ માટે તેમને 2006માં રેમન મેગ્સેસે પુરસ્કાર પણ મળી ચૂક્યો છે. સુપ્રીમ કોર્ટે 5 મેના રોજ કહ્યું કે પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન (જનહિત અરજી) હવે પ્રાઈવેટ ઈન્ટરેસ્ટ અને પબ્લિસિટી ઈન્ટરેસ્ટ, પૈસા ઈન્ટરેસ્ટ લિટિગેશન અને પોલિટિકલ ઈન્ટરેસ્ટ લિટિગેશન બની ગઈ છે. કોર્ટે ઈન્ડિયન યંગ લોયર્સ એસોસિએશનની 2006ની PILના હેતુ પર સવાલ ઉઠાવ્યો, જેમાં કેરળના સબરીમાલા મંદિરમાં 10થી 50 વર્ષની મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધને પડકારવામાં આવ્યો હતો.

# PM મોદી સ્લોવાકિયાના વડાપ્રધાનને મળ્યા: ભારત આવવા આમંત્રણ આપ્યું

### વંદે માતરમ પર્ફોર્મન્સ અને પરંપરાગત રીત-રિવાજ મુજબ બ્રેડ-મીઠાથી મોદીનું સ્વાગત કર્યું

**બ્રાતિસ્લાવા, તા.15**



વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના બે દેશોના પ્રવાસના બીજા તબક્કામાં રવિવારે રાત્રે 2:18 વાગ્યે સ્લોવાકિયા પહોંચ્યા. તેઓ અહીં 16 જૂન સુધી રહેશે. રાજધાની બ્રાતિસ્લાવામાં વિદેશ અને યુરોપિયન બાબતોના મંત્રી જુરાય બ્લાનારે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. PM મોદીએ દ્વિપક્ષીય સંબંધો અને ચર્ચાઓને આગળ વધારવા માટે બ્રાતિસ્લાવા ખાતે સ્લોવાકિયાના PM રોબર્ટ ફિકો સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે ફિકોને ભારત આવવા આમંત્રણ આપ્યું હતું.

સ્લોવાકિયાના વડાપ્રધાન ફિકોએ મોદીને ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન બનવા બદલ અભિનંદન આપ્યા અને આ સિદ્ધિને રાજકીય ચમત્કાર ગણાવી. આજે અમે અમારા સંબંધોને વ્યાપક ભાગીદારીનો દરજ્જો આપવાનો નિર્ણય લીધો છે. આ અમારા પરસ્પર વિશ્વાસ, પ્રાથમિકતાઓ અને ભવિષ્યનું પ્રતીક છે. ભારત-EU ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટને અંતિમ સ્વરૂપ આપવામાં સ્લોવાકિયા તરફથી મળેલા સહયોગ બદલ હું PM ફિકોનો વિશેષ આભાર વ્યક્ત કરું છું. સ્લોવાકિયાની એક યુનિવર્સિટીમાં AIના વિષય પર ઈન્ડિયા ચેર બનાવવામાં આવી રહી છે. AI માનવતાની સેવા અને પ્રગતિનું સશક્ત માધ્યમ બને, એ જ અમારી સહિયારી વિચારધારા છે. રક્ષા સહયોગ અમારા ગાઢ પરસ્પર વિશ્વાસ અને વ્યૂહાત્મક તાલમેલનો પુરાવો છે. મને ખુશી છે કે આ મહત્વપૂર્ણ ક્ષેત્રમાં આજે અમે લેટર ઓફ ઈન્ટેન્ટ સાઈન કર્યો. ભારતના પ્રાચીન ઉપનિષદોનું “સ્લોવાક” ભાષામાં ભાષાંતર થવું એ અમારી સાંસ્કૃતિક નિકટતાનું ઉત્તમ ઉદાહરણ છે.

બ્લાનારે મોદીને પરંપરાગત સ્લોવાક રીત-રિવાજ મુજબ બ્રેડ અને મીઠું ભેટ કર્યું, જેને અહીં આતિથ્ય, સન્માન અને સદ્ભાવનાનું પ્રતીક માનવામાં આવે છે. મોદીએ એરપોર્ટ પર સ્લોવાકિયામાં હાજર ભારતીયો સાથે પણ મુલાકાત કરી.

સ્લોવાકિયા 1993માં આઝાદ થયું હતું. તેના 33 વર્ષના ઈતિહાસમાં કોઈ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ મુલાકાત છે. મોદી આજે સ્લોવાકિયાના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની અને વડાપ્રધાન રોબર્ટ ફિકો સાથે મુલાકાત કરશે. મોદી ફ્રાન્સના નીસ શહેરથી સ્લોવાકિયા પહોંચ્યા છે. આ પહેલા રવિવારે તેમણે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય વાર્તા કરી હતી અને ભારત ઈનોવેટ્સ કાર્યક્રમના ઉદ્ઘાટનમાં પણ ભાગ લીધો હતો. ખરેખર, મોદી 13 જૂનથી ફ્રાન્સ-સ્લોવાકિયાના 6 દિવસના પ્રવાસે છે. તેઓ 17 જૂને ફ્રાન્સના એવિયન ખાતે G7 સમિટમાં ભાગ લેશે. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળશે. સ્લોવાકિયામાં 9,200થી વધુ ભારતીયો રહે છે. સ્લોવાકિયામાં ભારતીયો IT સેવાઓ, ડેવલપમેન્ટ સેન્ટર્સ અને ટેકનિકલ ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. સ્લોવાકિયા શેંગેન (યુરોપિયન દેશોનો સમૂહ જ્યાં એક જ વિઝાથી પ્રવેશ મળે છે) દેશ હોવાને કારણે ભારતીયોને એક જ વિઝા પર 26 દેશો ફરવાની સુવિધા મળે છે.

## કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર અભિજીતને લાફા પડ્યા.....

### જયપુરમાં શિક્ષણ મંત્રીના રાજીનામાને લઈને વિરોધ પ્રદર્શન હતું, સમર્થકોએ હુમલાખોરોને માર માર્યો

**જયપુર, તા.15**



જયપુરમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેને થપ્પડ મારવામાં આવ્યા છે. આ પછી પાર્ટીના સમર્થકોએ થપ્પડ મારનાર યુવકને પકડીને માર માર્યો. અભિજીત NEET પેપર લીક, શિક્ષણ વ્યવસ્થા, બેરોજગારી અને યુવાનો સાથે જોડાયેલા અલગ-અલગ મુદ્દાઓને લઈને પ્રદર્શનમાં સામેલ થવા આવ્યા છે. પ્રદર્શન માટે મોટી સંખ્યામાં લોકો શહીદ સ્મારક પર એકઠા થયા હતા. આ પહેલા અહીં સૂત્રોચ્ચાર કરતી વખતે યુવકો એકબીજા સાથે ભીડાઈ ગયા. આના પર પોલીસે એક યુવકને કસ્ટડીમાં લીધો. ધરણા સ્થળ પરથી ઘણા પ્રદર્શનકારીઓના મોબાઈલ ચોરાઈ ગયા. આ પછી મંચ પરથી લોકોને પોતાના મોબાઈલ સુરક્ષિત રાખવા માટે કહેવામાં આવ્યું. યુવાનો પોતાના હાથમાં ’મને દેશથી પ્રેમ છે, ભ્રષ્ટાચાર અસ્વીકાર્ય છે’, ’પેપર લીક બંધ કરો’ જેવા નારા લખેલા પોસ્ટર અને રાષ્ટ્રીય ધ્વજ તિરંગો લઈને પહોંચ્યા છે. પ્રદર્શનમાં એકઠા થયેલા યુવાનોએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે સૂત્રોચ્ચાર કર્યા. આ પહેલા પાર્ટીના સ્વયંસેવકોએ શહીદ સ્મારકના ગેટ પર કોકરોચનું સ્કેચ બનાવ્યું. સાથે જ ‘ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપો’નો નારો પણ લખ્યો. આ એક સંગઠન નહીં, વિદ્યાર્થીઓ-વાલીઓની લડાઈ છે CJPના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકાએ જણાવ્યું- આ ફક્ત કોઈ એક સંગઠનની નહીં, પરંતુ દેશના વિદ્યાર્થીઓ, યુવાનો અને વાલીઓની લડાઈ છે. આ શિક્ષણ વ્યવસ્થાને સુધારવાની લડાઈ છે. વધતી બેરોજગારી, શિક્ષણ વ્યવસ્થામાં અવ્યવસ્થા, ભરતી પરીક્ષાઓમાં પેપર લીક અને યુવાનો સાથે થઈ રહેલા અન્યાયનો વિરોધ છે.



# સુરત મેયરને ચપ્પલના શોરૂમનું ઉદ્ઘાટન વધુ વહાલું?: માયા માવાણીને 16'દિમાં 40 કાર્યક્રમ માટે સમય મળ્યો પણ નાસીરનગરના લોકોને મળવાનો નહીં

**સુરત, તા.15**

સુરતના નાસીરનગરમાં થયેલા ભૂતિયા ડિમોલિશનને આજે 15 જૂને 16 દિવસ વીતી ગયા છે, પરંતુ સ્થાનિક તંત્ર અને શાસક પક્ષની ક્રૂરતા તેમજ ઉદાસીનતાની પરાકાષ્ઠા સામે આવી રહી છે. આ 16 દિવસમાં શહેરના પ્રથમ નાગરિક એટલે કે, સુરત મેયર માયા માવાણીએ અંદાજે 40 જેટલા સરકારી અને ખાનગી ઝાકઝમાળવાળા કાર્યક્રમોમાં હાજરી આપી છે, જેમાં ચપ્પલના શોરૂમના ઉદ્ઘાટન જેવા પ્રસંગો પણ સામેલ છે. પરંતુ, અત્યંત દુ:ખદ બાબત એ છે કે પોતાના જ વિસ્તારના આ બેઘર બનેલા 100 પરિવારની આંખના આસુ લૂછવા માટે મેયર સાહેબા હજુ સુધી નાસીરનગર પહોંચી શક્યા નથી.

એક તરફ ગરીબોના આશિયાના ઉજ્જડ થઈ ગયા છે, તો બીજી તરફ આ જ નાસીરનગરની બાજુમાં બની રહેલા બે મોટા પ્રોજેક્ટ્સની 'દુઆ સેરેમની'ના ઈન્વિટેશન કાર્ડ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાઈરલ થઈ રહ્યા છે. તંત્ર દ્વારા આ ગરીબોને ન્યાય આપવા કે વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે હજુ સુધી કોઈ પણ નક્કર એક્શન લેવામાં આવ્યા નથી, જેને કારણે જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાલમાં પડી રહેલી કાળઝાળ અને ભીષણ ગરમી આ વિસ્થાપિત પરિવારો માટે કાળ સાબિત થઈ રહી છે. ઘરની છત છીનવાઈ જતાં રસ્તા કિનારે ઝાડના છાંયડે રહેતા નાના-નાના માસૂમો આ કઠોર ઋતુનો સૌથી પહેલો ભોગ બન્યા છે. પ્રચંડ તાપ અને બફારાના કારણે બાળકોના આખા શરીર પર અસહ્ય ગરમી (અળાઈઓ) નીકળી ગઈ છે, જેના લીધે તેમના આખા શરીર લાલચોળ થઈ ગયા છે. ગરમી અને ખંજવાળની પીડા એટલી હદે અસહ્ય છે કે લાચાર માતા-પિતા પોતાના વહાલસોયા બાળકોને શરીર પર કપડાં પણ પહેરાવી શકતા નથી. ખુલ્લા શરીરે રડતા આ બાળકોની સ્થિતિ જોઈને કોઈપણ સંવેદનશીલ વ્યક્તિનું હૃદય દ્રવી ઊઠે, પરંતુ તંત્રના બહેરા કાન સુધી આ માસૂમોની ચીસ હજુ સુધી પહોંચી શકી નથી.

ડિમોલિશનની આ આખી પ્રક્રિયા એટલી અચાનક અને ક્રૂરતાપૂર્વક કરવામાં આવી કે આ પરિવારોને પોતાના ઘરનો સામાન સરખો કરવાનો પણ મોકો ન મળ્યો. વહીવટી તંત્ર દ્વારા બાળકોને એટલો સમય પણ આપવામાં ન આવ્યો કે તેઓ પોતાના શાળાના પુસ્તકો, દફતર કે યુનિફોર્મ બહાર કાઢી શકે. પરિણામે બધું જ કાટમાળ નીચે દબાઈ ગયું છે. 12 વર્ષની માસૂમ બાળકી અલ્ફિયા આજે ધોમધખતા તાપમાં તૂટેલી દીવાલો અને પથ્થરોના ઢગલામાંથી પોતાના પુસ્તકો શોધી રહી છે, જેથી તે ફરી શાળાએ જઈ શકે. અલ્ફિયાએ સરકારના 'બેટી બચાવો, બેટી પઢાવો'ના મોટા-મોટા સૂત્રો પર સવાલ ઉઠાવ્યાં હતાં. આ સવાલ માત્ર અલ્ફિયાનો નથી, પણ શિક્ષણથી વંચિત થઈ ગયેલા એ તમામ બાળકોનો છે, જેમનું ભવિષ્ય તંત્રના બુલડોઝર નીચે કચડાઈ ગયું છે.




આજે સુરતનો નાગરિક સોશિયલ મીડિયા અને રસ્તા પર એક જ સવાલ પૂછી રહ્યો છે કે, 'શું નાસીરનગર સુરત શહેરની બહાર આવેલો કોઈ જુદો દેશ છે?' જો એવું ન હોય તો લોકશાહીમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ આટલા હદ સુધી નિર્દય કેવી રીતે હોઈ શકે? નાસીરનગરમાં 100 જેટલા પરિવારો, જેમાં સગર્ભા મહિલાઓ, વૃદ્ધો અને નાના બાળકો સામેલ છે. તેઓ કાળઝાળ ગરમી અને ખુલ્લા આકાશ નીચે દિવસો કાપી રહ્યા છે. ભાજપના એક પણ નાના-મોટા નેતા કે કાર્યકર્તા આ પીડિતોના આંસુ લૂછવા અથવા તેમની ખબર-અંતર પૂછવા માટે પણ ડોકાયા નથી. વોટ બેંકના રાજકારણ સમયે ગલીઓએ ગલીઓ ખૂંદતા નેતાઓ આજે એસી ઓફિસોમાંથી બહાર નીકળવા તૈયાર નથી.

આક્રોશ વધતા ત્રણ દિવસ પહેલા મેયર માયા માવાણીએ મીડિયા સમક્ષ આવીને મોટું આશ્વાસન આપ્યું હતું કે, તેઓ આ નાસીરનગરના બેઘર બનેલા લોકોને રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપશે, પરંતુ આ આશ્વાસન માત્ર રાજકીય સ્ટંટ સાબિત થયું છે. આજે ત્રણ દિવસ પૂરા થઈ ગયા હોવા છતાં સુરત મહાનગરપાલિકા દ્વારા આ પરિવારો માટે રહેવાની, ખાવા-પીવાની કે શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા પણ ઊભી કરવામાં આવી નથી. નેતાઓના જૂઠા વચનો પર ભરોસો રાખીને બેઠેલા ગરીબ પરિવારો હવે પોતાને ઠગાયેલા અનુભવી રહ્યા છે.

આ કપરા સમયમાં સરકારી તંત્ર ભલે મોઢું ફેરવીને બેઠું હોય, પરંતુ સ્થાનિક સ્તરે માનવતા હજુ જીવતી છે. હમીદા બી ઈકબાલ શાહ જણાવે છે કે, સામાન્ય લોકો જાતિ-જ્ઞાતિના ભેદભાવ ભૂલીને તેમની મદદ માટે ખાવા-પીવાની સામગ્રી લઈને આવી રહ્યા છે. પરંતુ સરકાર કે વહીવટી તંત્ર તરફથી કોઈ ડોકાવા પણ તૈયાર નથી. જ્યારે ચૂંટણીઓ આવે છે કે સરકારી કાર્ડ બનાવવાના હોય ત્યારે આ જ જનતા લાઈનોમાં ઊભી રહે છે, પણ આજે જ્યારે તેઓ સંકટમાં છે ત્યારે કોઈ પૂછવા વાળું નથી. હમીદાબીના સાસુ પણ ગંભીર બીમાર છે. હવે જ્યારે ચોમાસું માથા પર છે અને વિસ્તારમાં ગંદકી તેમજ મચ્છરોનો ત્રાસ વધી રહ્યો છે, ત્યારે ન્યુમોનિયા જેવી ઘાતક બીમારીઓ ફાટી નીકળવાનો ડર છે. પીડિતોની માત્ર એક જ માંગ છે કે તેમને ખાવા-પીવા કરતાં રહેવા માટે માથા પર પાકી છત આપવામાં આવે, અને જો આ પરિસ્થિતિમાં કોઈ અનિચ્છનીય ઘટના ઘટશે તો તેનો જવાબદાર કોણ રહેશે?

આ સમગ્ર ડિમોલિશન વિવાદમાં સૌથી આઘાતજનક બાબત એ છે કે, સોશિયલ મીડિયા પર ફરતા થયેલા વીડિયોમાં સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહીને ડિમોલેશન કરાવતા સ્પષ્ટપણે નજરે પડે છે. કાયદાના ધજાગરા ઉડાવીને ગરીબોના ઘર તોડી પાડવાની આ ગેરકાયદે પ્રક્રિયા કેમેરામાં કેદ થઈ ચૂકી છે. આમ છતાં, 16 દિવસનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં બંને વિભાગના વડાઓ દ્વારા પોતાના મળતિયા અને જવાબદાર અધિકારીઓ સામે અત્યાર સુધી કોઈ પણ પ્રકારના શિક્ષાત્મક પગલાં કે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી નથી, જે તંત્રની મિલીભગત છતી કરે છે.

છેલ્લા 16 દિવસથી નાસીરનગરના પરિવારો અને તેમના માસૂમ બાળકો રસ્તા પર રઝળી રહ્યા છે. ચોમાસાની ઋતુ નજીક છે અને કાળઝાળ ગરમી વચ્ચે આ પરિવારો કઈ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે, તેની કલ્પના માત્ર ધ્રુજારી લાવે તેવી છે. મેયર સહિત ભાજપના શાસકો એટલા સંવેદનહીન બની ગયા છે કે તેમને આ નાના બાળકોની આંતરડી કકળતી દેખાતી નથી. સુરત મહાનગરપાલિકા જે સ્માર્ટ સિટીના દાવા કરે છે, તે સ્માર્ટ સિટીની અસલી અને વરવી વાસ્તવિકતા આ નાસીરનગરમાં જોવા મળી રહી છે, જ્યાં માણસાઈ સાવ મરી પરવારી છે.

# વડોદરામાં 18 જૂને રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે

## સેલ્સ એક્ઝિક્યુટિવ, કેશિયર અને સર્વિસ એન્જિનિયર સહિતની 150થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ યોજાશે

**વડોદરા, તા.15**

વડોદરાના બેરોજગાર યુવાનો માટે રોજગારીની મહત્વપૂર્ણ તક ઉપલબ્ધ થઈ છે. મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી અને મોડેલ કરિયર સેન્ટર વડોદરા દ્વારા આગામી 18 જૂન, 2026ના રોજ રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ ખાનગી કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી 150થી વધુ જગ્યાઓ માટે ઉમેદવારોના સીધા ઈન્ટરવ્યૂ લેશે.



મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી અને મોડેલ કરિયર સેન્ટર વડોદરા દ્વારા તા. 18/06/2026ના રોજ સવારે 10 કલાકે મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, પ્રથમ માળ, આઈટીસી બિલ્ડિંગ, આઈટીઆઈ કેમ્પસ, તરસાલી, વડોદરા ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભરતી મેળામાં સેલ્સ એક્ઝિક્યુટિવ, કેશિયર, હેલ્પર, ટેલર, ક્યુસી એન્જિનિયર, ફેબ્રિકેશન, ટર્નર ઓપરેટર, ફિટર, વેલ્ડર, કસ્ટમર સર્વિસ એસોસિયેટ, ગ્રુપ ક્રેડિટ ઓફિસર, ટ્રેઈની, સર્વિસ એન્જિનિયર, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયર, મિગ વેલ્ડર સહિતની 150થી વધુ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. સર્વિસ સેક્ટર, મેન્યુફેક્ચરિંગ, સેલ્સ, ઈન્શ્યોરન્સ અને બીપીઓ ક્ષેત્રની કંપનીઓના પ્રતિનિધિઓ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેશે. આ ભરતી મેળામાં ધોરણ-10 પાસ, ધોરણ-12 પાસ, આઈટીઆઈ, ડિપ્લોમા તેમજ ગ્રેજ્યુએટ (બી.કોમ., બી.એ., બી.બી.એ.) લાયકાત ધરાવતા 18થી 35 વર્ષની વયના પુરુષ અને મહિલા ઉમેદવારો ભાગ લઈ શકશે.

રોજગારીની તકો ઉપરાંત ઉમેદવારોને વિદેશમાં અભ્યાસ અને રોજગાર માટે 'સેફ લીગલ માઈગ્રેશન' અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PMVBRY), પીએમ ઈન્ટર્નશિપ યોજના, લશ્કરી ભરતી પૂર્વેની 30 દિવસની મફત નિવાસી તાલીમ યોજના, વિવિધ વ્યાવસાયિક તાલીમ યોજનાઓ તેમજ સ્વરોજગાર લોન સહાય યોજના અંગે નિષ્ણાતો દ્વારા માહિતી આપવામાં આવશે. આ પ્રસંગે સરકારી ઓનલાઈન જોબ પોર્ટલ 'અનુબંધમ' અને 'એનસીએસ' પોર્ટલ પર નામ નોંધણી માટે વિશેષ કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે. રસ ધરાવતા ઉમેદવારોએ પાંચ બાયોડેટા/રિઝ્યૂમે સાથે સ્વખર્ચે ભરતી મેળાના સ્થળે હાજર રહેવાનું રહેશે. ભરતી મેળામાં ભાગ લેવા અથવા પસંદગી પ્રક્રિયા માટે ઉમેદવાર કે નોકરીદાતા પાસેથી કોઈપણ પ્રકારની ફી કે ચાર્જ લેવામાં આવશે નહીં, તેવી માહિતી રોજગાર અધિકારી દ્વારા આપવામાં આવી છે.

# સુરત SBI લૂંટ કેસમાં માસ્ટરમાઈન્ડ એલેક્સનો સાગરીત બિહારથી ઝડપાયો

## લૂંટના પૈસા લઈને રોહિત હરિદ્વાર-ઋષિકેશ અને કેદારનાથ ફર્યો, હજીરાથી ત્રણ દિવસ બેંકની રેકી કરી હતી

**સુરત, તા.15**

સુરતમાં વરાછા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા લંબે હનુમાન રોડ પર સ્થિત SBI બેંકમાં ગત 27 એપ્રિલ, 2026ના રોજ અંદાજે 50 લાખ રૂપિયાની સનસનાટીભરી લૂંટ ચલાવવામાં આવી હતી. આ હાઈપ્રોફાઈલ કેસમાં સુરત પોલીસની ઝોન-1 તપાસ ટીમે ટેકનિકલ અને લોકલ સોર્સના આધારે બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના સૈયદપુર ખાતેથી એક આરોપીને દબોચી લીધો છે. પકડાયેલા આરોપીનું નામ રોહિત કુમાર રૂપે સિંગ રાઠોડ છે, જે મૂળ મુઝફ્ફરપુરનો જ રહેવાસી છે. ડીસીપી આલોક કુમારે જણાવ્યું કે, આ લૂંટનો મુખ્ય સૂત્રધાર એલેક્સ ઉર્ફે અખિલેશ કુમાર ગાંધી છે. એલેક્સે બિહારમાં રોહિતનો સંપર્ક સાધ્યો હતો. પોલીસ પકડથી દૂર રહેવા માટે આ લૂંટારુ ટોળકી અતિ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતી હતી. એલેક્સ અને રોહિત વચ્ચેની તમામ વાતચીત માત્ર સિગ્નલ એપ પર જ થતી હતી. એટલું જ નહીં, સિગ્નલ એપ ટ્રેસ ન થાય તે માટે તેઓ પ્લે-સ્ટોર પરથી ખરીદેલા 'ઓથોરાઈઝ્ડ' અને 'લાયસન્સ્ડ' VPN (વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક)નો જ ઉપયોગ કરતા હતા જેથી



પોલીસ તેમનું લોકેશન મેળવી ન શકે. મુખ્ય સૂત્રધાર એલેક્સે રોહિતને બિહારથી સીધો ભરૂચ આવવા આદેશ આપ્યો હતો. આ કેસમાં અન્ય એક આરોપી પ્રિન્સ પણ સામેલ છે. રોહિત અને પ્રિન્સ બંને ભરૂચ આવ્યા બાદ, એલેક્સે તેમને ભરૂચમાં જ ગમે ત્યાં રોકાઈ જવા અને સિગ્નલ એપથી સંપર્કમાં રહેવા કહ્યું હતું. રોહિતના પિતા સુરતના હજીરાની એક કંપનીમાં નોકરી કરતા હોવાથી, રોહિત અને પ્રિન્સ ભરૂચથી હજીરા પહોંચ્યા હતા. ત્યાં ત્રણ દિવસ રોકાઈને તેમણે વરાછાની એસબીઆઈ બેંકની સંપૂર્ણ રેકી કરી હતી અને ગુનાનું આખું પ્લાનિંગ ઘડી કાઢ્યું હતું. પ્લાનિંગ પત્યા બાદ પોલીસને ચકમો આપવા તેઓ અમદાવાદ રહેવા ચાલ્યા ગયા હતા.

લૂંટના દિવસે એલેક્સ ગાંધી અને તેના સાગરીતો વરાછા બેંકમાં ત્રાટક્યા હતા. આરોપીઓના નિવેદન મુજબ, તેમનો ઈરાદો બેંકનું મોટું લોકર તોડીને કરોડોની લૂંટ ચલાવવાનો હતો. પરંતુ, તેમનો આ લોકર તોડવાનો પ્લાન ફેલ થઈ ગયો હતો. સમય ઓછો હોવાને કારણે તેઓ લોકર તોડી શક્યા ન હતા અને માત્ર સામે દેખાતી રોકડ રકમ લઈને જ ભાગવું પડ્યું હતું. લૂંટ બાદ ગેંગના સભ્યોને ભરૂચથી પિકઅપ કરીને સુરક્ષિત બહાર લઈ જવાની જવાબદારી રોહિતને સોંપવામાં આવી હતી. લૂંટની ઘટનાને અંજામ આપ્યા બાદ એલેક્સ અને તેના સાગરીતો ભરૂચ પહોંચ્યા હતા, જ્યાં રોહિત તેમને મળ્યો હતો. રોહિત લૂંટની રકમ લઈને એલેક્સ સાથે ભરૂચથી અમદાવાદ ગયો હતો. અમદાવાદથી પોલીસ નાકાબંધી તોડવા માટે તેમણે પ્રાઈવેટ ટ્રાવેલ્સની બસ પકડી હતી. તેઓ અમદાવાદથી જયપુર અને જયપુરથી ફરી પ્રાઈવેટ બસમાં બેસીને દિલ્હી નાસી ગયા હતા. બસની મુસાફરી દરમિયાન એલેક્સે રોહિતને બ્લુ કલરની બેગ બતાવીને કહ્યું હતું કે, આ એ જ એસબીઆઈ બેંકના લૂંટેલા પૈસા છે.

દિલ્હી પહોંચીને આખી ગેંગ વિખેરાઈ ગઈ હતી. એલેક્સે રોહિતને કહ્યું હતું કે તારો મુખ્ય હિસ્સો પછી મળશે, અત્યારે આ 1,30,000 રૂપિયા રાખ અને હું તને સિગ્નલ એપ પર જે એકાઉન્ટ નંબર મોકલું તેમાં આ પૈસા જમા કરાવી દેજે. રોહિતે સિગ્નલ એપ પર નંબર મળતા જ 1,30,000માંથી 90,000 રૂપિયા 'શુભમ' નામના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા, જે ક્રાઈમ બ્રાન્ચે રિકવર કરી લીધા છે. જ્યારે બાકીના 40,000માંથી રોહિતે 25,000 રૂપિયા વાપરી નાખ્યા હતા અને પોલીસે તેની પાસેથી રોકડા 15,000 રૂપિયા બરામદ કરીને કબજે લીધા છે.

આરોપી રોહિત દિલ્હીથી અલગ પડ્યા બાદ પોલીસ પકડમાં ન આવે તે માટે ભાગતો ફરતો ભગવાનના ધામોમાં રહ્યો હતો. દિલ્હીથી રોહિત હરિદ્વાર ત્યારબાદ ઋષિકેશ અને કેદારનાથ ગયો હતો. લૂંટના 40,000માંથી 25,000 રૂપિયા આ તમામ સ્થળો પર વાપરી નાખ્યા હતા. ત્યારબાદ તેની પાસે માત્ર 15,000 રૂપિયા જ બચ્યા હતા. જે પોલીસ દ્વારા રિકવર કરવામાં આવ્યા છે.

ડીસીપી આલોક કુમારે વધુમાં ઉમેર્યું કે, પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલો આરોપી રોહિત બિહારમાં પણ NDPS અને પ્રોહિબિશન જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રીઢો ગુનેગાર છે. બિહાર પોલીસની DIU (ડિસ્ટ્રિક્ટ ઈન્ટેલિજન્સ યુનિટ), ત્યાંના સ્થાનિક એસપી અને પ્રોબેશનર આઈપીએસ અધિકારીઓએ સુરત પોલીસને આ ઓપરેશનમાં ખૂબ મોટો સહકાર આપ્યો છે. આ હાઈટેક ગુનેગારોએ સિગ્નલ એપ અને વીપીએન વાપર્યું હોવા છતાં પોલીસ તેમના સુધી પહોંચવામાં સફળ રહી છે. આ કેસના આધારે ગેંગના અન્ય સભ્યોને પણ ટૂંક સમયમાં જ ઝડપી પાડવામાં આવશે.

# રાજકોટમાં નકલી પોલીસનો આતંક: ખૂલ્લા પટ્ટમાં શું કરો છો?, પોલીસ સ્ટેશને માર ન ખાવો હોય તો રૂ.50 હજાર આપવા પડશે કહી ધમકી આપી

**રાજકોટ, તા.15**

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગંભીર સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. રૈયાધાર શાંતિનગરના ગેટ પાસે 12 જૂનના રાત્રીના બાઈક પર બેઠા હતા, ત્યારે બાઈક પર આવેલા બે શખસે પોતાને માલવીયા પોલીસ સ્ટેશનના પોલીસકર્મી તરીકે ઓળખાવી ચાર યુવાનોને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે અહીં ખુલ્લા પટ્ટમાં શું કરો છો? પોલીસ કાર્યવાહી અને મારપીટથી બચવું હોય તો રૂ.50 હજાર આપવા પડશે તેવી ધમકી પણ આપી હતી. જોકે યુવાનોને શંકા જતા પોલીસનું આઈ કાર્ડ માંગતા બંને શખસ નાસી ગયા હતા.

ફરિયાદી કિરીટ મનસુખભાઈ પીઠડીયાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેઓ પોતાના મિત્રો નરેશ જીવા પાંચાલ, રવિ ચાવડા તથા ભાર્ગવ જોગર રાત્રે 11 વાગ્યે રૈયાધાર શાંતિનગર વિસ્તારમાં ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે બેઠા હતાં. ત્યારે બ્લુ કલરની ઓલા ઈલેક્ટ્રિક બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ પોતાને પોલીસ તરીકે ઓળખાવ્યા હતા. ફરિયાદ મુજબ, એક શખ્સે પોલીસનો લોગો ધરાવતું જેકેટ પહેરેલું હતું, જેના કારણે



શરૂઆતમાં યુવાનોને તેઓ ખરેખર પોલીસ હોવાનું લાગ્યું હતું.

ફરિયાદ અનુસાર, શખ્સોએ યુવાનોને જણાવ્યું હતું કે તેઓ માલવીયા પોલીસ સ્ટેશનમાંથી આવ્યા છે અને જો પોલીસ સ્ટેશન ન જવું હોય તથા મારથી બચવું હોય તો રૂ.50 હજાર આપવા પડશે. આ ધમકીથી ગભરાયેલા ફરિયાદીએ પોતાના મિત્રોને ફોન કરીને સ્થળ પર બોલાવ્યા હતા.પરંતુ મિત્રોને બંને શખ્સોની હરકતો શંકાસ્પદ લાગતાં તેમણે તેમની ઓળખ અંગે પૂછપરછ કરી હતી.

ફરિયાદ મુજબ, બંનેએ પોતાના નામ આર્યન ફળદુ અને પરમરાજ માંજરીયા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ યુવાનોએ પોલીસ હોવાના પુરાવા માંગ્યા અને માલવીયા પોલીસ સ્ટેશનના હોવા છતાં તે વિસ્તારમાં હાજરી અંગે સવાલો ઉઠાવ્યા હતા. કોઈ સંતોષકારક જવાબ ન મળતા બંને શખ્સો સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# પરિણીતાએ પ્રેમી સાથે મળી પતિને પતાવી દીધો: ઊંઘમાં હતો ત્યારે બીજા માળેથી ફેંક્યો, જીવતો બચી ગયો હતો બ્લેડથી ગળું કાપી નાખ્યું

**સુરત, તા.15**

સુરતના ચોકબજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. વેડરોડ પર આવેલી રહેમતનગર સોસાયટીમાં એક પત્નીએ તેના પ્રેમી સાથે મળીને પતિની ઘાતકી હત્યા કરી નાખી હોવાનો પર્દાફાશ થયો છે. દારૂડિયા અને ઝઘડાળુ પતિથી કંટાળેલી પત્નીએ પ્રેમી સાથે આઝાદ થઈને લગ્ન કરવા માટે આ ખોફનાક ખેલ ખેલ્યો હતો. પહેલા પતિને ઊંઘમાં જ બિલ્ડિંગના બીજા માળેથી નીચે ફેંકી દીધો અને જ્યારે તે નીચે તરફડિયાં મારતો હતો ત્યારે પ્રેમીએ બ્લેડથી ગળું કાપી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે પત્ની અને તેના પ્રેમીને ઝડપી પાડ્યા છે.

પોલીસ ફરિયાદ અનુસાર, મૃતક જન્મજયકુમાર તીર્થ રાય (ઉં.વ. 42, મૂળ ઝારખંડ) વેડરોડ પંડોળની રહેમતનગર સોસાયટીમાં પત્ની ચાંદનીકુમારી સાથે રહેતો હતો. અગાઉના લગ્નની વાત છુપાવવા બાબતે અને કમાણીના પૈસા ઘરમાં ન આપવા મુદ્દે પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા અને મારપીટ થતી હતી. આ દરમિયાન ચાંદનીકુમારીને અગાઉ ફુલવાડી વિસ્તારમાં સામે રહેતા શુલભસિંહ બહાદુરસિંહ બંમ (મૂળ ઉત્તર પ્રદેશ) નામના યુવક સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. પતિથી કંટાળેલી ચાંદનીએ પ્રેમી શુલભસિંહ



સાથે મળીને છેલ્લા 6 મહિનાથી પતિને રસ્તામાંથી હટાવવાનો પ્લાન ઘડ્યો હતો.

7 જૂનના રોજ પણ પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો, જેથી ચાંદનીએ તે જ રાત્રે પતિને પતાવી દેવાનું નક્કી કરી લીધું હતું. રાત્રે આઠ વાગ્યે પતિ ઘરે આવીને સૂઈ ગયો ત્યારે ચાંદની જાગતી રહી અને પતિ ઘસઘસાટ ઊંઘી જતાં મોડી રાત્રે 1 વાગ્યે પ્રેમી શુલભસિંહને ફોન કરીને બોલાવ્યો હતો. દસ મિનિટમાં જ પ્રેમી તેના રૂમ પર આવી પહોંચ્યો હતો. બંનેએ ઊંઘી રહેલા જન્મજયકુમારને ઊંચકીને ગેલેરીમાંથી સીધો જ બિલ્ડિંગના બીજા માળેથી નીચે રોડ પર ફેંકી દીધો હતો.

પતિને નીચે ફેંક્યાના 20 મિનિટ પછી ચાંદનીએ ગેલેરીમાંથી નીચે જોયું તો જન્મજયકુમાર મર્યો ન હતો પરંતુ જોરજોરથી શ્વાસ લઈ રહ્યો હતો. જો તે જીવી જાય તો પોતે ફસાઈ જશે તેવા ડરથી ચાંદનીએ દોડીને પ્રેમી શુલભસિંહને ફરી જાણ કરી હતી. શુલભસિંહે 'તું ચિંતા ન કર, હું તેને પતાવી દઉં છું' તેમ કહી, દોરા કટીંગ કરવાની તીક્ષ્ણ બ્લેડ હાથમાં લીધી હતી અને નીચે જઈને તરફડિયાં મારી રહેલા જન્મજયકુમારના ગળાના ભાગે બે ઘા ઝીંકી દીધા હતા. ગળું કપાઈ જતાં અત્યંત રક્તસ્ત્રાવ અને મગજમાં લોહી જામી જવાને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

હત્યા બાદ શાતિર પત્નીએ પોલીસને ગુમરાહ કરવા માટે એવી વાર્તા ઘડી હતી કે તેનો પતિ અગમ્ય કારણોસર બીજા માળેથી નીચે પડી જતાં મોતને ભેટ્યો છે. શરૂઆતમાં ચોકબજાર પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા હોવાનું અને વધુ પડતા રક્તસ્ત્રાવથી મોત થયું હોવાનું સામે આવતા પોલીસ ચોંકી ઉઠી હતી.

ચોકબજાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.આર. તિવારી અને પી.આઈ. એસ.ડી. રાતડાની ટીમે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસતા એક શંકાસ્પદ ઈસમની હિલચાલ નજરે પડી હતી. આ ફૂટેજના આધારે પોલીસે મૃતકની પત્ની ચાંદનીકુમારીને વિશ્વાસમાં લઈને આગવી ઢબે પૂછપરછ શરૂ કરતા તે ભાંગી પડી હતી અને પોતાના પ્રેમી શુલભસિંહ સાથે મળીને આચરેલા આ ભયાનક હત્યાકાંડની કબૂલાત કરી લીધી હતી. પોલીસે ફરિયાદના આધારે બંને આરોપીઓ વિરૂદ્ધ ગુનાહિત કાવતરું અને હત્યા (BNS કલમ 103(2), 62(2), 54 અને જી.પી. એક્ટ 135(1)) હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બરાનપુરામાં દબાણો ઉપર પાલિકાનું જેસીબી ફર્યું: વોર્ડ નં.13 અને 14માં ગેરકાયદે પાંચ ઓટલા અને ત્રણ શેડ તોડી પડાયા

**વડોદરા, તા.15**

વડોદરા શહેરના મધ્યમાં આવેલા અને સતત ટ્રાફિકથી ધમધમતા બરાનપુરા વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજે એક મોટી દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. બરાનપુરા ત્રણ રસ્તાના ચોકથી ચોખંડી તરફ જતા માર્ગ પર આવેલા વોર્ડ નંબર 13 અને 14ના રહેણાંક તેમજ વ્યાપારી વિસ્તારમાં આ કામગીરી કરવામાં આવી હતી.

પાલિકાની દબાણ શાખાની ટીમે સ્થાનિક રહિશો અને દુકાનદારો દ્વારા જાહેર રસ્તા પર ગેરકાયદેસર રીતે બનાવી દેવાયેલા પાંચ પાકા ઓટલા અને ત્રણ મોટા શેડ પર બુલડોઝર ફેરવી દઈને રસ્તો સંપૂર્ણપણે ખુલ્લો કરાવ્યો હતો. આ કામગીરીને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે નાસભાગ અને ચર્ચાનો માહોલ જોવા મળ્યો હતો. પાલિકા દ્વારા ઓચિંતી શરૂ કરાયેલી આ કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે શહેર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો. દબાણ વિરોધી કામગીરી શરૂ થતાં જ આસપાસના સ્થાનિક વેપારીઓ અને લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. કેટલાક તત્વોએ પાલિકાની આ કડક કાર્યવાહીનો વિરોધ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સ્થળ પર હાજર પોલીસ કાફલાએ તુરંત જ મામલો થાળે પાડ્યો હતો અને વિરોધ



કરનારાઓને સમજાવીને તેમજ કડક વલણ દાખવીને ત્યાંથી ખદેડી મૂક્યા હતા. આ દબાણ હટાવો ઝુંબેશને કારણે બરાનપુરા અને ચોખંડી વચ્ચેના મુખ્ય માર્ગ પર વાહન-વ્યવહારને વ્યાપક અસર થઈ હતી. બુલડોઝરની કામગીરી અને લોકોના ટોળાને લીધે થોડા સમય માટે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. પાલિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગેરકાયદે ઓટલા અને શેડ તોડી પાડવાની સાથે રસ્તા પર અડચણરૂપ બનેલો અન્ય સામાન પણ જપ્ત કરવામાં આવ્યો હતો, જેમાં અંદાજે એક આખી ટ્રક ભરાય તેટલો સામાન કબજે કરીને પાલિકાની કસ્ટડીમાં જમા લેવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે આ વિસ્તારમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ ગયા હતા. તેઓએ ત્યાં જોતા આ દબાણો હોવાનું જણાયું હતું અને અધિકારીઓને તાત્કાલિક દબાણો દૂર કરવા આદેશ કર્યા હતા. ત્યારે એવા સવાલો ઊભા થયા છે કે જો કમિશનરને આ દબાણો દેખાયા તો અધિકારીઓને આ દબાણ કેમ દેખાતા નથી?

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમે અમેરિકાના ગુલામ નથી: નેતન્યાહુના મંત્રી બોલ્યા- લેબનોનથી પાછળ નહીં હટીએ, ઈઝરાયલનો US-ઈરાન શાંતિ કરાર માનવાનો ઈનકાર



**તેલ અવિવ, તા.15**

ઈઝરાયલે અમેરિકા અને ઈરાન વચ્ચે થનારા શાંતિ કરારને માનવાનો ઈનકાર કર્યો છે. સંરક્ષણ પ્રધાને પણ કહ્યું છે કે, તેમની સેના દક્ષિણ લેબનોનમાંથી પાછી નહીં હટે. લેબનોન, સીરિયા અને ગાઝામાં બનાવેલા સુરક્ષા ઝોનમાં ઈઝરાયલી સેના અનિશ્ચિતકાળ સુધી તૈનાત રહેશે.

બીજી તરફ, ઈઝરાયલના રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈતમાર બેન ગ્વીરે શાંતિ કરાર પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું, “અમે અમેરિકાના ગુલામ નથી. ઈઝરાયલ એક સ્વતંત્ર દેશ છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો આ કરાર ઈઝરાયલ પર લાગુ પડતો નથી.”

આ તરફ, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે જણાવ્યું કે અમેરિકા-ઈરાન 19 જૂને સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે. જો આવું થાય છે, તો 47 વર્ષમાં તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક હશે.

ઈરાન-અમેરિકા વચ્ચે થયેલા કરારનો સંપૂર્ણ દસ્તાવેજ હજુ જાહેર કરવામાં આવ્યો નથી. જોકે, ઈરાની મીડિયા અનુસાર બંને દેશો વચ્ચે થયેલા સમજૂતી કરાર (MoU)માં કેટલીક મહત્વપૂર્ણ બાબતોનો સમાવેશ થાય છે.

તેમાં યુદ્ધ અને સૈન્ય કાર્યવાહી રોકવી, હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવું, અમેરિકી નૌકાદળની નાકાબંધી હટાવવી, ઈરાનના કેટલાક ફ્રીઝ કરાયેલા ભંડોળ મુક્ત કરવા, પરમાણુ કાર્યક્રમ અને પ્રતિબંધો પર આગામી 60 દિવસની વાતચીત માટેનું માળખું નક્કી કરવું સામેલ છે. ઈરાનના ઉપ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ કહ્યું છે કે MoU પર હસ્તાક્ષર થયા પછી શરૂ થનારી 60 દિવસની અમેરિકા-ઈરાન વાટાઘાટો આ વાત પર નિર્ભર રહેશે કે અમેરિકા પહેલા તેના ત્રણ વચનો પૂરા કરે છે કે નહીં. ગરીબાબાદી મુજબ અમેરિકાએ ત્રણ પગલાં ભરવા પડશે- 1. નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવી, 2. યુદ્ધ અને તમામ સૈન્ય કાર્યવાહીઓ રોકવી, 3. ઈરાનના ફ્રીઝ કરાયેલા ભંડોળ મુક્ત કરવા. શાહબાઝે સમજૂતીની સૌથી પહેલા જાહેરાત કરી: પાકિસ્તાનના PMએ સૌથી પહેલા સીઝફાયર સમજૂતીની જાહેરાત કરી. તેમણે જણાવ્યું કે લેબનાન સહિત તમામ મોરચે સૈન્ય કાર્યવાહી તાત્કાલિક અને હંમેશા માટે રોકવા પર સહમતિ દર્શાવી છે.

ટ્રમ્પે લેબનાન પર ઈઝરાયેલના હુમલાની ટીકા કરી: ટ્રમ્પે લેબનાનના બેરૂત પર થયેલા ઈઝરાયેલી હુમલાની ટીકા કરી છે. તેમણે કહ્યું કે આ હુમલો એવા સમયે થયો, જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત શાંતિ સમજૂતી ખૂબ જ નજીક છે.

ઈઝરાયેલી હુમલાના કારણે પીસ ડીલ ટળી: ટ્રમ્પે કહ્યું હતું કે લેબનાન પર ઈઝરાયેલી હુમલાના કારણે ઈરાન સાથે પીસ ડીલનું સાઈનિંગ થોડા કલાકો માટે ટળી ગયું છે. ભારતીય જહાજના તમામ 14 ક્રૂ મેમ્બર સુરક્ષિત: ઓમાનના દરિયાકાંઠા પાસે સંકટમાં ફસાયેલા ભારતીય ધ્વજ ધરાવતા જહાજ MSV વિરાટ-1 ના તમામ 14 ભારતીય ક્રૂ મેમ્બરોને સુરક્ષિત બચાવી લેવાયા છે. મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે રવિવારે જણાવ્યું કે રેસ્ક્યુ ઓપરેશન સફળતાપૂર્વક પૂરું થઈ ગયું છે.

અમેરિકા સાથેની ડીલનો ઈરાનમાં વિરોધ ઉગ્ર બન્યો: અમેરિકા સાથેની સંભવિત સમજૂતીને લઈને ઈરાનમાં વિરોધ ઉગ્ર બન્યો છે. કટ્ટરપંથી જૂથો, રૂઢિચુસ્ત નેતાઓ અને સરકારી મીડિયાના કેટલાક વર્ગોનું કહેવું છે કે આ સમજૂતી ઈરાન માટે નમતું જોખવા જેવું પગલું હશે અને તેનાથી યુદ્ધ દરમિયાન મેળવેલા ફાયદા નબળા પડી જશે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ કહ્યું છે કે લેબનોનનું સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા અમેરિકા સાથે થયેલા કરારની મુખ્ય શરતોમાં સામેલ છે. બઘાઈએ કહ્યું કે કરારમાં તમામ મોરચે યુદ્ધ સમાપ્ત કરવા અને લેબનોનની સ્વતંત્રતા અને તેની સીમાઓનું સન્માન કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

લેબનોની સેનાએ વિસ્થાપિત લોકોને દક્ષિણી ગામોમાં પાછા ફરવાની ઉતાવળ ન કરવા અપીલ કરી છે. સેનાનું કહેવું છે કે પરિસ્થિતિમાં સુધારો ચોક્કસ થયો છે, પરંતુ સુરક્ષા જોખમો સંપૂર્ણપણે સમાપ્ત થયા નથી.

સોશિયલ મીડિયા પર જાહેર કરાયેલા નિવેદનમાં સેનાએ લોકોને કહ્યું કે તેઓ વિસ્તારમાં તૈનાત સૈન્ય એકમોના નિર્દેશોનું પાલન કરે અને સુરક્ષા સંબંધિત સલાહને અવગણે નહીં. સેનાએ ચેતવણી આપી કે દક્ષિણ લેબનોનમાં હજુ પણ ઈઝરાયલી હુમલાઓ અને સૈન્ય ઉલ્લંઘનોનો ખતરો યથાવત છે, તેથી નાગરિકો સાવચેત રહે.

સંયુક્ત આરબ અમીરાત (UAE) એ અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારનું સ્વાગત કર્યું છે. UAE ના વિદેશ મંત્રાલયે નિવેદન બહાર પાડીને કહ્યું કે આ પગલું ક્ષેત્રમાં સુરક્ષા, સ્થિરતા અને આર્થિક સમૃદ્ધિને પ્રોત્સાહન આપી શકે છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે કરારની તમામ જોગવાઈઓનું સંપૂર્ણ પાલન થવું જોઈએ. સાથે જ ક્ષેત્રમાં તાત્કાલિક અને વ્યાપક સ્તરે યુદ્ધવિરામ લાગુ કરવા, દેશોની સાર્વભૌમત્વનું સન્માન કરવા અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા પર ભાર મૂક્યો.

સ્વિટ્ઝર્લેન્ડના એક રાજદ્વારી અધિકારીએ કહ્યું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રસ્તાવિત સમજૂતી પર હસ્તાક્ષર સમારોહ યોજવા માટે અત્યાર સુધી કોઈ સત્તાવાર વિનંતી મળી નથી.

એક અધિકારીએ કહ્યું કે આટલા ઓછા સમયમાં જીનીવામાં આવો મોટો કાર્યક્રમ યોજવો પડકારજનક હોઈ શકે છે, કારણ કે પડોશી ફ્રાન્સના એવિયાંમાં ચાલી રહેલા G7 શિખર સંમેલન માટે ઘણા દેશોએ જીનીવા સ્થિત તેમના મિશનોને લોજિસ્ટિક કેન્દ્ર બનાવી રાખ્યા છે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે જો ઔપચારિક વિનંતી મળે છે, તો સ્વિટ્ઝર્લેન્ડ જરૂરી વ્યવસ્થા કરવામાં સક્ષમ છે.

## આકાશમાંથી સીધું રસ્તા પર પડ્યું પાકિસ્તાની એરક્રાફ્ટ: આંખના પલકારામાં જ અગનગોળો બન્યું, બંને પાયલટના મોત



**ઈસ્લામાબાદ, તા.15**

પાકિસ્તાનમાંથી એક હૃદયદ્રાવક વીડિયો સામે આવ્યો છે. ખૈબર પખ્તુનખ્વાના મરદાન શહેરમાં એરફોર્સનું એક ટ્રેનર પ્લેન અચાનક આકાશમાંથી નીચે પડીને રસ્તા પર ક્રેશ થઈ ગયું છે. સોમવારે થયેલા આ અકસ્માતમાં પ્લેન ઉડાવી રહેલા બંને પાઈલટનું કરુણ મૃત્યુ થયું છે. કેમેરામાં કેદ થયેલું ભયાનક દ્રશ્ય સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં અકસ્માત સ્પષ્ટપણે જોઈ શકાય છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે પ્લેન કેટલી ઝડપથી નીચે આવે છે અને રસ્તા સાથે અથડાતા જ આગના ગોળામાં ફેરવાઈ જાય છે. ક્રેશ થયા પછી, આ પ્લેન તેની પાછળ આગની જ્વાળાઓ છોડતું નજીકના એક ખાલી મેદાન સુધી ઘસડાઈને જાય છે. રસ્તા પર વિનાશનું દ્રશ્ય જોવા મળ્યું અકસ્માત પછી સામે આવેલા બીજા વીડિયોમાં વિનાશનું દ્રશ્ય વધુ ભયાનક છે. રસ્તા પર વિમાનનો બળી ગયેલો કાટમાળ અને વિસ્ફોટને કારણે સામાન પણ વેરવિખેર જોવા મળી રહ્યો છે.

પાકિસ્તાની સેનાએ જણાવ્યું કે આ પ્લેન એક રૂટિન ટ્રેનિંગ ઉડાન પર હતું. આ ભયાનક અકસ્માતમાં જીવ ગુમાવનાર બંને અધિકારીઓ સેનાની અલગ-અલગ વિંગમાંથી હતા, જેમની ઓળખ ફ્લાઈટ લેફ્ટનન્ટ મોહમ્મદ કાસિમ અબ્દુલ્લાહ અને લેફ્ટનન્ટ તાહા અબ્બાસી તરીકે થઈ છે. અકસ્માત પછી તરત જ એર હેડક્વાર્ટર દ્વારા આ ક્રેશનું સાચું કારણ જાણવા માટે તપાસ (Board of inquiry)ના આદેશ આપવામાં આવ્યા છે. સેના પ્રમુખ આસિમ મુનીરે પણ આ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાનમાં માત્ર એક અઠવાડિયામાં આ બીજો મોટો હવાઈ અકસ્માત છે. આ પહેલા બુધવારે જ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં સેનાનું એક હેલિકોપ્ટર ટેકનિકલ ખામીને કારણે ક્રેશ થયું હતું, જેમાં સવાર તમામ લોકોના મોત થયા હતા. પાકિસ્તાનમાં સૈન્ય અને નાગરિક ઉડ્ડયન સુરક્ષાનો રેકોર્ડ ઘણો ખરાબ રહ્યો છે. ખાસ કરીને ઉત્તરીય પહાડી વિસ્તારોમાં વારંવાર વિમાન અને હેલિકોપ્ટર ક્રેશ થાય છે.

# બ્રાઝીલમાં બે હેલિકોપ્ટર હવામાં ટકરાયા, 6 ના મોત

## ■ પાર્કિંગમાં પડવાથી 20 ગાડીઓ બળીને ખાખ, અમેરિકી ગાયક ઓલિવર ટ્રી પણ મૃતકોમાં સામેલ હોવાની આશંકા



**બ્રાઝીલ, તા.15**

બ્રાઝીલના રિયો ડી જેનેરિયોમાં રવિવારે સવારે બે હેલિકોપ્ટર હવામાં એકબીજા સાથે ટકરાઈને દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયા. બંને હેલિકોપ્ટર શહેરના પશ્ચિમી વિસ્તારમાં આવેલા એક ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ડીલરશિપના પાર્કિંગમાં જઈને ખાબક્યા. આ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે. મૃતકોમાં અમેરિકન ગાયક અને હાસ્ય કલાકાર (કોમેડિયન) ઓલિવર ટ્રી પણ સામેલ હોવાની આશંકા પોલીસે વ્યક્ત કરી છે, જો કે મૃતદેહોમાં તેમની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.

ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર, ટક્કર બાદ હેલિકોપ્ટરોમાં આગ લાગી ગઈ હતી, જે જોતજોતામાં પાર્કિંગમાં ઉભેલી ગાડીઓ સુધી ફેલાઈ ગઈ. આગની ઝપેટમાં આવવાને કારણે ઓછામાં ઓછા 20 વાહનો બળીને ખાખ થઈ ગયા.

સ્થાનિક મીડિયાના જણાવ્યા મુજબ, એક હેલિકોપ્ટર જમીન પર પડતાંની સાથે જ બ્લાસ્ટ થઈ ગયું હતું, જેના કારણે આસપાસ ઉભેલી ઈલેક્ટ્રિક ગાડીઓમાં પણ આગ લાગી ગઈ. અકસ્માત બાદ વિસ્તારમાં કેટલાય વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા અને આકાશમાં કાળા ધુમાડાના મોટા ગોટેગોટા જોવા મળ્યા હતા.

માહિતી મળતાની સાથે જ ફાયર બ્રિગેડ અને બચાવ દળની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આશરે એક કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. સુરક્ષાના પગલાં રૂપે આસપાસના વિસ્તારને પણ ખાલી કરાવવામાં આવ્યો હતો.


અધિકારીઓએ જણાવ્યું કે આ અકસ્માતમાં માર્યા ગયેલા તમામ લોકો બંને હેલિકોપ્ટરના ક્રૂ મેમ્બર હતા. હાલમાં એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે હવામાં બંને હેલિકોપ્ટરની ટક્કર કેવી રીતે થઈ. આ મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

પોલીસે જણાવ્યું કે અમેરિકન ગાયક અને હાસ્ય કલાકાર (કોમેડિયન) ઓલિવર ટ્રી એવિએશન ઓથોરિટીઝને સોંપવામાં આવેલી મુસાફરોની યાદીમાં સામેલ હતા, પરંતુ તેઓ આ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના મૃતદેહોની ઓળખ હજુ સુધી કરી શક્યા નથી.

ઓલિવર ટ્રીએ 4 જૂનના રોજ બ્યુનોસ આયર્સ, આર્જેન્ટિનામાં પર્ફોર્મ કર્યું હતું, અને શનિવારે તેમના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તેઓ બ્રાઝિલના એક વિસ્તારમાં ફૂટબોલ રમી રહ્યા છે.

# ટ્રમ્પના 80માં જન્મદિવસે 575 કરોડ રૂપિયાના ખર્ચે કેજ ફાઈટ

## વ્હાઈટ હાઉસમાં અત્યાર સુધીની સૌથી મોંઘી મેચ, જીત પછી ફાઈટર રાષ્ટ્રપતિને મળવા પહોંચ્યો



**વોશિંગ્ટન, તા.15**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે વ્હાઈટ હાઉસના સાઉથ લૉનમાં UFC મુકાબલાઓ સાથે પોતાનો 80મો જન્મદિવસ ઉજવ્યો. UFCએ આ આયોજન પર લગભગ 6 કરોડ ડોલર(ભારતીય 575 કરોડ રૂપિયા) ખર્ચ કર્યા. તેને અત્યાર સુધીના સૌથી મોંઘા UFC આયોજનોમાં ગણવામાં આવે છે.

આ ફાઈટમાં કુલ 7 મુકાબલા રાખવામાં આવ્યા છે. મુખ્ય મુકાબલો લાઈટવેઈટ ઈલિયા ટોપુરિયા અને ચેમ્પિયન જસ્ટિન ગેથજે વચ્ચે થવાનો છે. મુકાબલા જોવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, તેમની સરકારના ઘણા વરિષ્ઠ અધિકારીઓ, ખાસ મહેમાનો અને હજારો સૈન્યકર્મીઓ હાજર છે.

શરૂઆતી મુકાબલામાં બો નિકલે પહેલા જ રાઉન્ડમાં કાઈલ ડાઉકસને નોકઆઉટ કરી દીધો. તેણે એક જોરદાર લેફ્ટ હૂક અને રાઈટ પંચથી પ્રતિસ્પર્ધીને પછાડ્યો, ત્યારબાદ રેફરીએ મુકાબલો રોકી દીધો.

જીત્યા પછી તરત જ બો નિકલ રિંગમાંથી નીકળીને સીધા રાષ્ટ્રપતિ ટ્રમ્પ પાસે પહોંચ્યા. બંનેએ હાથ મિલાવ્યા અને થોડીવાર વાતચીત કરી. આ ઈવેન્ટમાં લગભગ 4300 લોકો હાજર છે. બીજી તરફ, 85 હજાર લોકો માટે અલગ ફેન ઝોન બનાવવામાં આવ્યો છે.

સરકારના ઘણા અધિકારીઓ અને ખુદ ટ્રમ્પે આયોજનની પ્રશંસા કરી છે. ટ્રમ્પે તેને ‘પૃથ્વીનો સૌથી મોટો શો’ ગણાવ્યો અને ‘ક્લો’ની સરખામણી પેરિસના એફિલ ટાવર સાથે કરી. જ્યારે વિદેશ મંત્રી માર્કો રુબિયોએ UFCને અમેરિકાની સોફ્ટ ડિપ્લોમેટિક પાવર ગણાવી છે. આ ઈવેન્ટમાં કુલ 14 ફાઈટર UFCની સતત મેચમાં ભાગ લેશે. મુખ્ય મુકાબલો જ્યોર્જિયન-સ્પેનિશ લાઈટવેઈટ ફાઈટર ઈલિયા ટોપુરિયા અને અમેરિકન ફાઈટર જસ્ટિન ગેથજી વચ્ચે થશે.

મેચની શરૂઆત સ્થાનિક સમય અનુસાર રાત્રે 8 વાગ્યે થશે. તેનું પ્રસારણ ફક્ત પેરામાઉન્ટ પ્લસ પર કરવામાં આવશે. આ પ્લેટફોર્મ ડેવિડ એલિસનની કંપની દ્વારા સંચાલિત થાય છે, જેમને ટ્રમ્પના સહયોગી માનવામાં આવે છે. ગયા વર્ષે UFCએ આ સ્ટ્રીમિંગ સેવા સાથે 7.7 અબજ ડોલરનો કરાર કર્યો હતો. નિષ્ણાતોના મતે, આ આયોજનનો સૌથી મોટો ફાયદો UFC બ્રાન્ડને મળી શકે છે. એક સમય એવો હતો જ્યારે આ રમતને પ્રાયોજકો અને ઘણા આયોજકોએ સ્વીકાર કરી નહોતી. એક અમેરિકી સેનેટરે તેને ક્યારેક 'માનવ મરઘા લડાઈ' પણ કહી હતી. હવે એ જ રમત વ્હાઈટ હાઉસ સુધી પહોંચી ગઈ છે. અલ્ટીમેટ ફાઈટિંગ ચેમ્પિયનશિપ (UFC) આજે વિશ્વની સૌથી મોટી મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (MMA) લીગ છે. તેની શરૂઆત 1993માં અમેરિકામાં થઈ હતી. તે સમયે બોક્સિંગ, કરાટે, કુસ્તી અને બ્રાઝિલિયન જિયુ-જિત્સુ જેવી અલગ-અલગ ફાઈટિંગ શૈલીઓના સમર્થકો પોતાની ટેકનિકને સૌથી અસરકારક ગણાવતા હતા. આ ચર્ચા ખૂબ જ લોકપ્રિય હતી કે વાસ્તવિક મુકાબલામાં કઈ માર્શલ આર્ટ સૌથી વધુ કારગર સાબિત થશે.

આ જ સવાલનો જવાબ શોધવા માટે UFCની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રાઝિલિયન જિયુ-જિત્સુ નિષ્ણાત રોયસ ગ્રેસી ચેમ્પિયન બન્યા હતા.

ગ્રેસી શારીરિક રીતે ઘણા હરીફો કરતાં નાના અને હળવા હતા, પરંતુ તેમણે પોતાની ટેકનિકના દમ પર મોટા અને શક્તિશાળી ફાઈટર્સને હરાવીને બધાને ચોંકાવી દીધા હતા. તેમણે ઘણી મેચો સબમિશન દ્વારા જીતી હતી.

સમયની સાથે રમતનું સ્વરૂપ પણ બદલાઈ ગયું છે. હવે ફાઈટર્સ માત્ર એક શૈલી પર નિર્ભર નથી રહેતા, પરંતુ બોક્સિંગ, રેસલિંગ, જુડો, કરાટે, તાઈક્વાન્ડો, જિયુ-જિત્સુ અને કિકબોક્સિંગ જેવી અનેક તકનીકોને ભેળવીને મુકાબલો કરે છે. આ જ કારણ છે કે તેને આજે 'મિક્સ્ડ માર્શલ આર્ટ્સ' કહેવામાં આવે છે.

અમેરિકા આ વર્ષે તેની આઝાદીના 250 વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યું છે. 4 જુલાઈ 2026 ના રોજ દેશ સ્વતંત્રતાની 250મી વર્ષગાંઠની ઉજવણી કરશે. તેની તૈયારીઓ અત્યારથી જ શરૂ થઈ ગઈ છે અને સમગ્ર દેશમાં એક વર્ષથી વધુ સમય સુધી ચાલનારા કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. UFC ઈવેન્ટ પણ આ જ ઉજવણીનો એક ભાગ છે, જેને ટ્રમ્પ પ્રશાસન મુખ્ય આકર્ષણ તરીકે રજૂ કરી રહ્યું છે.

અમેરિકાની સ્થાપનાનો આધાર મનાતા ‘ડિક્લેરેશન ઑફ ઈન્ડિપેન્ડન્સ’ પર 4 જુલાઈ 1776ના રોજ હસ્તાક્ષર થયા હતા. આની 250મી વર્ષગાંઠના અવસરે દેશભરમાં પરેડ, પ્રદર્શની, સાંસ્કૃતિક કાર્યક્રમો, સામુદાયિક અભિયાન અને મોટા જાહેર સમારોહ આયોજિત કરવામાં આવશે.

વ્હાઈટ હાઉસે ‘ટાસ્ક ફોર્સ 250’ બનાવી છે, જે સંઘીય સરકાર, રાજ્યો, ખાનગી સંસ્થાઓ અને સામાજિક સંગઠનો સાથે મળીને આયોજન કરી રહી છે.

# સરકાર પાસે એવા હેતુઓ છે જે લોકોને ઉત્સાહ અને આશા પૂરી કરી શકે એમ છે

## વિભાજનવાદી, ધ્રુવીકરણવાદ તથા બિનપરિણામકારક હેતુઓ પાછળ સરકાર સમય ન વેડફે

**નવી દિલ્હી, તા.15**

મે, ૨૦૨૬ના અંતે આર્થિક સ્થિતિ એકદમ નિરાશાજનક જોવા મળી છે. જૂનના પ્રારંભમાં સરકારી પ્રવૃત્તિઓમાં ગતિ આવી છે. વિદેશી રોકાણકારોને રોકાણ માટે ૧૫ વર્ષ, ૩૦ વર્ષ અને ૪૦ વર્ષના નવા સરકારી બોન્ડસને આવરી લેવા ફૂલ્લી એકસેસિબલ રુટને વિસ્તારવાની રિઝર્વ બેન્કે જાહેરાત કરી હતી. આ ઉપરાંત, વિદેશી સંસ્થાકીય રોકાણકારો પરની કેટલીક મર્યાદાઓ તથા અંકૂશો પણ દૂર કરાયા છે. સાથોસાથ સરકારે પણ વિદેશી રોકાણકારોને બોન્ડસના વેચાણ પર વિથહોલ્ડિંગ ટેકસ (૨૦ ટકા) અને લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન ટેકસ (૧૨.૫૦ ટકા)માંથી મુક્તિ આપવાની જાહેરાત કરી છે. હેજિંગ ખર્ચ ભોગવ્યા વગર એફસીએનઆર(બી) થાપણો આકર્ષવા રિઝર્વ બેન્કે બેન્કોને મંજુરી આપી છે. આ અજમાવાયેલા અને ચકાસાયેલા પગલાં છે. આ પગલાંને કારણે ૩૦-૪૦ અબજ ડોલરનો ઈન્ફલો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. રૂપિયામાં ઘસારો કદાચ અટકાવી શકાશે. રૂપિયામાં તાજેતરની નબળાઈ વડા પ્રધાન માટે રાજકીય મુદ્દો બની ગયો હતો કારણ કે, ૨૦૧૪માં તેમણે રૂપિયાના વિનિમય દરને ૪૦ સુધી નિયંત્રિત રાખવાની ખાતરી આપી હતી.



જોખમો રહેલા છે. આપણે હવે જોખમોથી ભાગવાની જરૂર નથી કારણ કે સરકાર તથા રિઝર્વ બેન્ક પાસે અન્ય કોઈ વિકલ્પો નથી. કંઈ ન કરવામાં જોખમો વધારે હતા. જ્યારથી ટ્રમ્પે ટેરિફ લાગુ કર્યા હતા, ઈઝરાયલ-ઈરાનનું યુદ્ધ ચાલુ થયું હતું, ક્રુડ તેલના આંચકા લાગ્યા હતા અને પૂરવઠા સાંકળ ખોરવાઈ ગઈ હતી ત્યારથી સરકાર અનેક મહિનાઓ સુધી કંઈ સ્વીકારવા તૈયાર નહોતી. વિદેશી રોકાણકારો ભારતમાં રોકાણ કરવાથી દૂર જઈ રહ્યા છે. આંકડાઓના રૂપમાં પરિણામો જોવા મળ્યા હતા છતાં સરકાર ઊંઘમાંથી જાગી નહોતી.

ચાલુ ખાતાની ખાધ દર મહિને વધી રહી હતી અને નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં આ આંક ૨૫ અબજ ડોલર રહ્યાનો અંદાજ છે. આ ઉપરાંત, ૩૩૩ અબજ ડોલરની વેપાર ખાધે ચિંતા વધારી દીધી છે અને સોનાનું આયાત બિલ ૭૨ અબજ ડોલર પહોંચ્યાનો અંદાજ છે. આપણે જાણીએ છીએ કે જોડા કયાં ડંખ મારે છે. નેટ એફડીઆઈ ૬.૯૦ અબજ ડોલર જેટલું સામાન્ય રહ્યું છે, જે ભારતના અર્થતંત્ર તથા શેરબજારમાં વિદેશી રોકાણકારોને વિશ્વાસનો અભાવ હોવાનું સચૂવે છે. નાણાં વર્ષ ૨૦૨૫-૨૬ના મોટાભાગના મહિનાઓમાં વિદેશી રોકાણકારો નેટ વેચવાલ રહ્યા હતા. માર્ચ, ૨૦૨૬માં આ આંક રૂપિયા ૧,૧૭,૭૭૫ કરોડ પહોંચી ગયો હતો. ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન ૨૦૨૨-૨૩થી ૩૨.૩૦ ટકા પર અટકેલું છે. ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન થોડેઘણે અંશે સરકારી ક્ષેત્ર, હાઉસહોલ્ડ ક્ષેત્ર (રિઅલ એસ્ટેટ તથા બાંધકામ) અને ખાનગી ક્ષેત્ર વચ્ચે સમાન રીતે વહેચાયેલું છે. અનેક સમજાવટો તથા પ્રોત્સાહનો છતાં ખાનગી ક્ષેત્ર ઈન્વેસ્ટમેન્ટ કરવા ઉત્સાહી નથી ખાસ કરીને મેન્યુફેકચરિંગમાં. એનડીએના શાસન હેઠળ જીવીએમાં મેન્યુફેકચરિંગનો હિસ્સો અનેક વર્ષોથી ૧૭ ટકા પર અટકેલો છે. રિઝર્વ બેન્કના મન્થલી બુલેટિન્સ તથા નાણાં મંત્રાલયની સમીક્ષાઓથી આત્મસંતોષ થયો હતો. અનેક અર્થશાસ્ત્રીઓએ નોંધ કરી હતી કે બન્નેના રિપોર્ટસ વધુ પડતા આશાસ્પદ હતા અને ખરી સ્થિતિ અને શકય જોખમો તેમાં છૂપાવાયા હતા. સરકારી પ્રવકતા દ્વારા સતત સ્થિતિસ્થાપક શબ્દનો ઉચ્ચાર કરાયો હતો પરંતુ હકીકતમાં નાજૂક સ્થિતિને છૂપાવવા માટે આ શબ્દનો ઉપયોગ કરાઈ રહ્યો હોવાનો નિષ્ણાતો મત ધરાવતા હતા. આ પગલાંઓ બાદ સરકાર અટકી જવાનો કદાચ ઈરાદો રાખતી હશે પરંતુ તે તેની ભૂલ હશે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં મુખ્ય આર્થિક સલાહકાર અનંત નાગેશ્વરને સરકારની હાલની યોજનાઓનો ટૂંકમાં ઉલ્લેખ કર્યો હતો. ગોલ્ડ આયાત પર અંકૂશ બાબતે તેમણે સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું અને જણાૅવ્યું હતું કે, ગોલ્ડ આયાત પર અંકૂશો લવાશે તેવા કોઈ જ પ્રતિબંધો બાબતે પોતે જાણકાર નહોતા. તેઓ મુખ્ય સલાહકાર છે, તેમનો મત હોઈ શકે અને તેમણે તેમની સલાહ આપી હશે. સ્વાભાવિક જ છે કે, તેઓ જાહેરમાં સંયમ રાખે કારણ કે ૨૦૧૩-૧૪માં જ્યારે તે વેળાની સરકારે સોનાની આયાત પર અંકૂશો મૂકયા હતા ત્યારે નરેન્દ્ર મોદીના શબ્દોથી તેઓ વાકેફ છે (નાણાં પ્રધાન તમારુ મંગળસૂત્ર છીનવી રહ્યા છે). મને ભય છે કે, ગોલ્ડ આયાતના ચક્રમાં કેટલીક રેતી નાખવા સિવાય સરકાર પાસે કોઈ વિકલ્પ નથી.

સરકારે એ સ્વીકારવું જોઈએ કે ઘરેલુ દેવાબોજ વધી જીડીપીના ૪૧ ટકા પર પહોંચી ગયું છે, ઘરેલુ નાણાંકીય બચતો ઘટી જીડીપીના ૬ ટકાથી નીચે ગઈ છે અને ઉપભોગ ખર્ચ ઘટયો છે (સિવાય કે થોડાઘણા શ્રીમંતોને બાદ કરતા). એમઓએસપીઆઈ તથા પ્રધાનો દ્વારા રજૂ કરાતા સ્વરચિત આંકડાઓને સરકારે માની લેવા ન જોઈએ. તેણે લોકોના હાથમાં નાણાં પૂરવા પાડવા જોઈએ. આમ કરવા માટે કેટલાક માર્ગો છેઃ ફુગાવા પ્રમાણે લઘુત્તમ વેતનમાં વધારો કરવો રહ્યો, ઉપભોગ પર વેરા કપાત, પર્યાવરણને નુકસાન કરતા હોય તેવા જેમ કે ગ્રેટ નિકોબાર કન્ટેનર પોર્ટ-કમ-એરપોર્ટ જેવા પ્રોજેકટસ પડતા મૂકવા જોઈએ, શિક્ષણ લોનનો વ્યાપ વધારવો જોઈએ, એમજીએનઆરઈજીએસ જેવા શ્રમલક્ષી જાહેર કાર્યો પ્રસ્થાપિત કરવા જોઈએ અને પીવાના પાણી, ગ્રામ્ય માર્ગો, ગ્રામ્ય વિકાસ યોજનાઓ અને શહેરી રહેઠાણ માટે ફાળવાયેલા નાણાંનો સંપૂર્ણ ઉપયોગ કરવો રહ્યો.

# દાવો-બાંગ્લાદેશી વડાપ્રધાનના સલાહકાર દિલ્હી એરપોર્ટ પરથી પાછા ફર્યા.....

## અધિકારીઓએ 2 કલાક પૂછપરછ કરી હતી, કાર્યક્રમમાં ભાગ લેવા આવ્યા હતા

**ઢાકા, તા.15**

બાંગ્લાદેશના વડાપ્રધાનના સલાહકાર ડો. ઝાહેદ ઉર રહેમાનને દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રોકવામાં આવ્યા. સૂત્રોના જણાવ્યા મુજબ, ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને લગભગ બે કલાક સુધી વેઈટિંગ રૂમમાં બેસાડી રાખ્યા અને ઘણા મુદ્દાઓ પર પૂછપરછ કરી હતી.

આ પછી તેમણે પોતાનો પાસપોર્ટ પાછો માંગ્યો અને ભારતમાં આવવાનો ઈનકાર કર્યો. બાદમાં તેઓ કોલંબોના રસ્તે સોમવારે સવારે ઢાકા પહોંચ્યા. તેઓ ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશન (IORA)ની વરિષ્ઠ અધિકારીઓની બેઠકમાં ભાગ લેવા માટે દિલ્હી આવ્યા હતા.

બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે શુક્રવારે જ નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશ હાઈકમિશને ભારતના વિદેશ મંત્રાલયને સત્તાવાર રીતે જાણ કરી દીધી હતી કે ડો. ઝાહેદ IORA બેઠકમાં બાંગ્લાદેશી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

બાંગ્લાદેશના હાઈ કમિશનર એમ. રિયાઝ હમીદુલ્લાહે પણ ભારતીય અધિકારીઓ સાથે આ યાત્રા અંગે વાત કરી હતી. આ જ કારણોસર ઢાકામાં ઘણા વરિષ્ઠ અધિકારીઓ આ સમગ્ર ઘટનાક્રમને રહસ્યમય ગણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે અગાઉથી સત્તાવાર જાણકારી આપવા છતાં એરપોર્ટ પર આવી સ્થિતિ કેવી રીતે સર્જાઈ, તે સમજાતું નથી.



ડો. ઝાહેદના નજીકના લોકોનો દાવો છે કે તેમનું નામ ભારતીય સુરક્ષા એજન્સીઓની એક વોચલિસ્ટમાં હતું, જેના કારણે તેમની વધારાની તપાસ કરવામાં આવી. તેમનો આરોપ છે કે ભારત વિરોધી સામગ્રી બનાવવા અથવા પ્રસારિત કરવાના આરોપોને કારણે તેમનું નામ આ લિસ્ટમાં એડ કરવામાં આવ્યું હતું. જોકે, ભારતીય અધિકારીઓએ આ દાવાઓની ન તો પુષ્ટિ કરી છે કે ન તો ખંડન કર્યું છે.

માહિતી અનુસાર, ડૉ. ઝાહેદ રાજદ્વારી પાસપોર્ટ પર નહીં પરંતુ સામાન્ય બાંગ્લાદેશી પાસપોર્ટ અને સાર્ક વિઝા પર મુસાફરી કરી રહ્યા હતા. તેમની પાસે આ મુસાફરી માટે કોઈ સરકારી વિનંતી પત્ર પણ નહોતો.

દિલ્હી સ્થિત બાંગ્લાદેશ હાઈ કમિશનના અધિકારીઓએ આ મામલે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો. જોકે, એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે મિશનના તમામ વિભાગોને આ ઘટનાની જાણ નહોતી.

વળી, ઘણા સૂત્રોએ એમ પણ જણાવ્યું કે ભારતીય અધિકારીઓએ ડૉ. ઝાહેદ સાથે કોઈ અભદ્ર વ્યવહાર કર્યો નથી. તેમનું માનવું છે કે મુસાફરી સંબંધિત સંકલન અને કમ્યુનિકેશનનો અભાવ આ પરિસ્થિતિનું એક કારણ હોઈ શકે છે. જોકે, અત્યાર સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા સામે આવી નથી.

ઢાકામાં સરકારી સૂત્રોનું કહેવું છે કે સમગ્ર મામલાની સમીક્ષા કરવામાં આવી રહી છે અને તથ્યો સામે આવ્યા પછી આગળનો નિર્ણય લેવામાં આવશે. હાલમાં નવી દિલ્હી તરફથી સત્તાવાર સ્પષ્ટતાની રાહ જોવાઈ રહી છે.

## તંત્રી લેખ

# પશ્ચિમ બંગાળમાં હાલની પરિસ્થિતિ જોતા તૃણમુલ કોંગ્રેસનું અસ્તિત્વ જોખમમાં

પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસની હાલની પરિસ્થિતિ જોતા તૃણમુલ કોંગ્રેસનું અસ્તિત્વ જોખમમાં છે. રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે, પક્ષ પર મમતા બેનર્જીની પકડ નબળી થઈ ગઈ છે. ભત્રીજા અભિષેક બેનર્જીના બહાને એક સમય નજીકના નેતાઓ પણ મમતાથી દુર થઈ રહ્યા છે. એક તરફ પક્ષ કોંગ્રેસ સાથે ભળી જાય એવી વાતો છે ત્યારે બીજી તરફ મમતા બેનર્જી એકલે હાથે ટીએમસીને ટકાવી શકે છે કે નહીં એની ચર્ચા છે. ટીએમસીના કાર્યકરો માની રહ્યા છે કે, અભિષેક બેનર્જીના ઉદ્ધત અને અભિમાની સ્વભાવને કારણે આજે પક્ષ તૂટવાની અણીએ છે. નવાઈની વાત એ છે કે આટલી ઉથલપાથલ થતી હોવા છતાં મમતા બેનર્જી ચૂપ છે.

હમણા જ કલ્યાણ બેનર્જીએ મમતા બેનર્જીને અલ્ટીમેટમ આપ્યું હતું કે ભત્રીજા અભિષેક બેનર્જી અથવા એમનામાંથી એકની પસંદગી કરે. એમને ખબર છે કે મમતા બેનર્જી ચારે તરફથી ભીસમા છે. નબળા પડેલા મમતા બેનર્જી પાસે ધાર્યું કરાવવાની એમની ઈચ્છા હતી. હવે જોકે એમણે એકાએક યુ ટર્ન માર્યો છે. એમણે એક નિવેદનમાં કહ્યુ કે, અભિષેક બેનર્જી એમના દીકરા જેવો છે અને પિતા હોવાને કારણે એને માફ કરી દેવાની એમની ફરજ છે. એમનું નિવેદન આ પ્રમાણે હતું : 'એ મારા બેટા જેવો છે. પિતાની ફરજ છે કે બેટાની બધી ભૂલો માફ કરી દે. દેશમાં લોકશાહી જોખમમાં છે. પશ્ચિમ બંગાળમાં આવી પરિસ્થિતિ કદી પહેલા આવી નહોતી કે જ્યારે વિરોધપક્ષનો સંપૂર્ણ સફાયો થઈ ગયો હોય. હમણાના મુખ્યમંત્રી ઝેરીલા છે. લોકશાહી માટે આ ખતરનાક છે.'

કેરળ વિધાનસભામાં વિરોધપક્ષના નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી પી વીજયનએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર ગંભીર આક્ષેપો કર્યો છે. રાહુલ ગાંધીની ટીકા કરતા વીજયનએ કહ્યું હતું કે, એમના રાજકારણને કારણે વિરોધપક્ષનું ઈન્ડિયા ગઠબંધન મજબૂત નથી થતું, પરંતુ ફાયદો ભાજપને થાય છે. રાહુલ ગાંધીએ હમણા ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં પી વીજયન રાજકીય વિરોધી હોવાને કારણે એમને ભેટયા નહી હોવાની વાત કહી હતી. વીજયનએ કહ્યું હતું કે એમને કોણ ભેટે છે કે કોણ નથી ભેટતું એનાથી કોઈ ફેર પડતો નથી.

વીજયનના કહેવા પ્રમાણે ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં ફક્ત સામ્યવાદીઓએ જ નહીં, પરંતુ અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ અને બીજા બીન કોંગ્રેસ પક્ષોના નેતાઓએ કોંગ્રેસના વલણ પ્રત્યે નારાજગી બતાવી હતી. વીજયનના કહેવા પ્રમાણે આજની જે સ્થિતિ છે એ કોંગ્રેસ અને ખાસ કરીને રાહુલ ગાંધીના વલણને કારણે છે.

તૃણમુલ કોંગ્રેસના સાંસદો તેમજ ધારાસભ્યો પક્ષ સામે બળવો પોકારી રહ્યા છે. આ બાબતે શિવસેના (આદિત્ય ઠાકરે)ના નેતા આદિત્ય ઠાકરે ખુબ નારાજ છે. આદિત્યને કદાચ એમના પક્ષ સામે થયેલો બળવો યાદ આવી ગયો હોય. થોડા વર્ષો પહેલા શીવસેના જ્યારે એક હતી ત્યારે મહારાષ્ટ્રના હાલના ઉપમુખ્યમંત્રી એકનાશ શિંદેનું જૂથ શિવસેનાથી અલગ થઈ ગયું હતું. એકનાથ શિંદેને કારણે આજે ઉદ્ધવ ઠાકરે વિરોધપક્ષમાં બેઠા છે. આદિત્ય ઠાકરેએ બળવાખોરોને ડરપોક કહ્યા છે. એમણે કહ્યું છે કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને કારણે મોટા નેતા બનેલાઓ હવે પક્ષ છોડી રહ્યા છે. બળવોખોર નેતાઓ પક્ષ અને મમતા બેનર્જીએ એમને માટે કરેલા કામો ભૂલી રહ્યા છે. આપણા દેશમાં કેટલાક ડોક્ટરો અને હોસ્પિટલ દર્દીઓને ખાસ મેડિકલ સ્ટોર્સમાંથી જ દવા ખરીદવા મજબૂર કરતા હોય છે. હવે મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમીનીસ્ટ્રેશન (એફડીએ)ના ડિરેક્ટર તુકારામ મૂંડેએ એવો હુકમ બહાર પાડયો છે કે હોસ્પિટલ દર્દીઓને પોતાની ઈનહાઉસ ફાર્મસી અથવા કોઈ ખાસ દુકાનેથી જ દવા ખરીદવા મજબૂર કરી શકશે નહીં. મૂંડેના કહેવા પ્રમાણે જો એમને આવી ફરિયાદ મળશે તો કાયદા અનુસાર પગલા લેવામાં આવશે. કાયદેસર રીતે કોઈપણ હોસ્પિટલને એવી સત્તા નથી કે કોઈપણ દર્દીને કોઈ એક ખાસ જગ્યાએથી જ દવા ખરીદવા આગ્રહ કરી શકે. લોકો માને છે કે એફડીએની આ સૂચના યોગ્ય જ છે, પરંતુ બ્લડ ટેસ્ટ કે એક્સરે જેવા રીપોર્ટ ખાસ જગ્યાએથી કઢાવવા માટે પણ ડોક્ટરોએ દર્દીને ફરજ પાડવી જોઈએ નહીં.

**5700 વર્ષ પહેલાં ઉંડા પાણીના તાપમાનમાં અચાનક વધારો થવા લાગ્યો હતો. પાણીના તાપમાનનો આ વધારો સામાન્ય નહોતો. પાણીનું તાપમાન વધી ગયું હતું. તે વધતું વધતું ૨૫૦૦ વર્ષ પહેલાં ચરમસીમાએ ગયું હતું. નવાઈની વાત એ છે કે, આ પહેલાં ક્યારેય એટલાન્ટિક મહાસાગરના પેટાળ ઉપર સંશોધન જ કરવામાં નહોતું આવ્યું : વિશાળ મહાસાગરોમાં ગરમી વહેંચાઈ જાય છે. તેમ છતાં ૧૯૭૦થી ૨૦૨૦ની વચ્ચે ક્લાઈમેટ ચેન્જના કારણે જે ગરમી વધી તેની ૯૦ ટકા ગરમી સૌથી વધારે ગરમી સમુદ્રમાં શોષાઈ ગઈ છે. તેના કારણે આપણા વાયુમંડળને વધારે નુકસાન થયું નથી**

# એટલાન્ટિક મહાસાગરમાં ગરમી અને ઠંડી બંને વધ્યા, જળપ્રલયનો સંકેત!

## ક્લાઈમેટ ચેન્જની અસરને પગલે મહાસાગરની સપાટી સામાન્ય છે પણ તેના પેટાળમાં તાપમાન વધારે નોંધાયું છે, 11 હજાર વર્ષ બાદ આ ઘટના બની



વર્તમાન સમયમાં ક્લાઈમેટ ચેન્જની જે સ્થિતિ છે અને ગરમીમાં વધારો થયો છે તે જોતાં લાગી રહ્યું છે કે, હવે સમુદ્ર અને મહાસાગરો પણ આ ગરમીને ખેંચી શકે તેમ નથી : જાણકારો માને છે કે, એટલાન્ટિક મહાસાગરમાં તાપામાનમાં આ રીતે તફાવત આવવો તે ક્લાઈમેટ ટિપિંગ પોઈન્ટ તરફ વધી રહ્યું છે.

દુનિયાભરમાં અત્યારે ભયાનક ગરમી પડી રહી છે. જ્યાં વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ છે ત્યાં પણ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે નોંધાઈ રહ્યું છે. આવી વૈશ્વિક સ્થિતિ વચ્ચે સંશોધકો સામે વધુ એક આપત્તીના સંકેત આવી રહ્યા છે. સંશોધકોના મતે એટલાન્ટિક મહાસાગરના પેટાળમાં ગરમીમાં વધારો થઈ રહ્યો છે. આ ગરમી મોટા પ્રમાણમાં વધી છે. નવાઈની વાત એ છે કે, મહાસાગરના પેટાળમાં ગરમી વધે છે. સામાન્ય રીતે મહાસાગરો કે દરિયાની સપાટી ગરમ થતી હોય છે પણ એટલાન્ટિકમાં પેટાળમાં ગરમીમાં વધારો થઈ રહ્યો છે.

હકિકતે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના પ્રોફેસરે આ સ્થિતિ ઉપર સંશોધન કર્યું છે. તેમણે જણાવ્યું કે, સમુદ્રના પેટાળમાં ગરમીના કારણો હજી પૂરતા મળ્યા નથી. તેમણે પેટાળમાં નીચે ખોદકામ કરાવીને જમીનનો ટૂકડો કઢાવ્યો હતો. તેના દ્વારા જ અહેવાલ મળ્યો કે પેટાળની સપાટીના તાપમાનમાં વધારો થયેલો છે. આ રેકોર્ડ ૧૧ હજાર વર્ષ બાદ આ ઘટના નોંધાઈ છે. પ્રોફેસરે જણાવ્યું કે, અંદાજે ૫૭૦૦ વર્ષ પહેલાં સમુદ્રની તળેટીમાં પાણીનું તાપમાન એકાએક વધી ગયું હતું. આ તાપમાન જે-તે સમયે વધ્યું હતું પણ હાલમાં તેની અસર યથાવત છે. હવે સ્થિતિ એવી આવી છે કે, એટલાન્ટિક મહાસાગરની સપાટી સ્થિર અને ઠંડી રહે છે પણ નીચે પેટાળની સપાટી ગરમ રહે છે. આ ગરમી નીચે પેટાળમાં ઉતરીને ત્યાં જ સ્થિર થઈ ગઈ છે.

સંશોધકોએ જણાવ્યું કે, કોઈ પણ વૈજ્ઞાનિકો અને સંશોધકોને આ વાતનો અણસાર જ નહોતો. એટલાન્ટિક મહાસાગરની ઉપરની સપાટી ખૂબ જ શાંત અને સ્થિર હોય છે. તેના કારણે સંશોધકો દ્વારા નીચે પેટાળ સુધી તપાસ કરવામાં આવી નહોતી. સંશોધકોની આ ટીમ દ્વારા થોડા સમય પહેલાં પેટાળમાંથી સેડિમેન્ટનું એક સેમ્પલ લેવામાં આવ્યું હતું. પેટાળથી અડધો માઈલ નીચે જઈને આ જમીનનો ટુકડો લેવામાં આવ્યો હતો. આ માટીમાં પ્રાચીન જીવજંતુઓના અવશેષો પણ મળી આવ્યા છે. તેની અંદર રહેલા કેમિકલ રેકોર્ડ પણ સુરક્ષિત છે. જાણકારોના મતે આ કેમિકલ રેકોર્ડ ભૂતકાળના થર્મોમીટર તરીકે કામ કરે છે. તેના દ્વારા જે-તે સમયના પાણીનું તાપમાન નોંધી શકાયું હતું. તેની તપાસ કરવા દરમિયાન ખૂબ જ ચિંતાજનક પરિણામો મળ્યા હતા.

જાણકારોના મતે આ માટીની સપાટી જ્યારે ચકાસવામાં આવી ત્યારે સમજાયું કે, ૫૭૦૦ વર્ષ પહેલાં ઉંડા પાણીના તાપમાનમાં અચાનક વધારો થવા લાગ્યો હતો. પાણીના તાપમાનનો આ વધારો સામાન્ય નહોતો. પાણીનું તાપમાન ૯ ડિગ્રી ફેરનહિટ વધી ગયું હતું. તે વધતું વધતું ૨૫૦૦ વર્ષ પહેલાં ચરમસીમાએ ગયું હતું. નવાઈની વાત એ છે કે, આ પહેલાં ક્યારેય એટલાન્ટિક મહાસાગરના પેટાળ ઉપર સંશોધન જ કરવામાં નહોતું આવ્યું. તેની સપાટી સ્થિર અને શાંત હોવાથી કોઈ ઉંડાણમાં ઉતર્યું જ નહોતું. જે-તે સમયે તાપમાન વધ્યું અને પછી ગરમી જમીનમાં ઉતરી ગઈ. તેના કોઈ નિશાન મળ્યા નથી.

નવાઈની વાત એ છે કે, આ ગરમી સપાટી ઉપર કોઈપણ અસર કર્યા વગર નીચે કેવી રીતે જતી રહી અને નીચે આટલી ગરમી હોવા છતાં તેની અસર ઉપર કેવી રીતે ન આવી. સંશોધકો માને છે કે, આપણા મહાસાગરો ઊર્જાને સ્ટોર કરવા માટે તેના વિશાળ કદનો જ ઉપયોગ કરે છે. આ વિશાળ મહાસાગરોમાં ગરમી વહેંચાઈ જાય છે. તેમ છતાં ૧૯૭૦થી ૨૦૨૦ની વચ્ચે ક્લાઈમેટ ચેન્જના કારણે જે ગરમી વધી તેની ૯૦ ટકા ગરમી સૌથી વધારે ગરમી સમુદ્રમાં શોષાઈ ગઈ છે. તેના કારણે આપણા વાયુમંડળને વધારે નુકસાન થયું નથી. વર્તમાન સમયમાં ક્લાઈમેટ ચેન્જની જે સ્થિતિ છે અને ગરમીમાં વધારો થયો છે તે જોતાં લાગી રહ્યું છે કે, હવે સમુદ્ર અને મહાસાગરો પણ આ ગરમીને ખેંચી શકે તેમ નથી. જો ગરમી નીચે સ્ટોર થવા લાગશે તો નીચેની જીવસૃષ્ટિને વ્યાપક નુકસાન થશે.

જાણકારો માને છે કે, પ્રાચીન સમયથી જે પરિવર્તન આવ્યું છે તે હવે આપણા ભવિષ્ય માટે જોખમી થઈ શકે છે. સંશોધકો સ્પષ્ટ માને છે કે, હજારો વર્ષ પહેલાં જે રીતે પૃથ્વી ઉપર ગરમી વધી અને મહાસાગરોના પેટાળ સુધી પહોંચી તેમાં હવે ઝડપ આવી છે. હાલમાં પણ આ પ્રક્રિયા ચાલુ જ છે. દક્ષિણ ગોળાર્ધની હવાઓ આજે પણ ધ્રુવ તરફ ખસી રહી છે. તેની ઝડપમાં પણ વધારો થયો છે. તેના કારણે સમુદ્રની અંદર ગરમી ઉતરવાની પ્રક્રિયા આજે પણ ચાલી રહી છે. ચિંતાજનક બાબત એ છે કે, ગ્લોબલ વોર્મિંગને પગલે પૃથ્વી ઉપર સરેરાશ તાપમાન ૧.૫ ડિગ્રી વધવા આવ્યું છે ત્યારે તેની અસર આ પ્રક્રિયા ઉપર પણ પડી છે. હવે બાકીના મહાસાગરો અને સમુદ્રના પેટાળની ગરમી અંગે પણ અભ્યાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. સમુદ્રની સપાટી વિશે સંશોધકોનું માનવું છે કે, તે શાંત હોય તેનો અર્થ એવો નથી કે તેના પેટાળમાં કશું જ ચાલતું નથી. સપાટીનું તાપમાન સ્થિર હોવા છતાં નીચે પ્રચુરમાત્રામાં ગરમી ભેગી થતી હોય તેવું બની શકે છે. એટલાન્ટિક મહાસાગરમાં આવું જ થયું છે. ઘણી વખત ગરમી નીચે ઉતરીને તેની સપાટીમાં સમાઈ જાય છે અને ઘણી વખત સમુદ્રમાં અધવચ્ચે ગરમી અટવાઈ જાય છે. આવી શક્યતાઓ વધારે છે. આ ગરમી જ્યારે મધ્ય સપાટીમાં અટવાઈ જાય છે ત્યારે તે ગમે તે સમયે ઉપર આવી શકે છે. જો આ ગરમી નીચે જશે તો સમુદ્રના પેટાળમાં રહેલા મિથેન ગેસના ભંડારને ઓગાળી શકે છે અને જો તેમ થાય તો વધારે નુકસાન થઈ શકે છે. આ એવું જોખમ છે જે આવનારી પેઢીઓના અસ્તિત્વને નુકસાન પહોંચાડી શકે છે.

હવે ચિંતાજનક સ્થિતિ ત્યાં આવી છે કે, એક તરફ ૫૭૦૦ વર્ષ પહેલાં એટલાન્ટિકની સપાટી ગરમ થઈ ગઈ હતી. ત્યાં હવે તેમાં બીજું એક પરિવર્તન પણ જોવા મળ્યું છે. એટલાન્ટિક મહાસાગરમાં આવેલા ગ્રીનલેન્ડ અને આઈસલેન્ડના દક્ષિણમાં પાણીનો ચોક્કસ ભાગ વિચિત્ર રીતે ફેરફાર બતાવી રહ્યો છે. જાણકારોના મતે સમગ્ર દુનિયાભરમાં ગ્લોબલ વોર્મિંગના કારણે જમીન અને દરિયાના પાણીમાં ગરમી વધી રહી છે ત્યાં એટલાન્ટિક મહાસાગરના આ હિસ્સામાં જમીનની સપાટી ઠંડી પડી રહી છે. તેમાં સતત વધારો થઈ રહ્યો છે. જાણકારો માને છે કે, એટલાન્ટિક મહાસાગરમાં તાપામાનમાં આ રીતે તફાવત આવવો તે ક્લાઈમેટ ટિપિંગ પોઈન્ટ તરફ વધી રહ્યું છે. કેટલાક ભાગમાં કોલ્ડ બ્લોબ બની રહ્યો છે અથવા તો એમ કહીએ કે વોર્મિંગ હોલમાં તાપમાન ઘટી રહ્યું છે. ૧૯૦૦ની સાલ બાદ આ જમીન જે રીતે ઠંડી થઈ રહી છે તેમાં સરેરાશ ૧ ડિગ્રીનો ઘટાડો આવ્યો છે. સંશોધકો માને છે કે, સમુદ્રની મુખ્ય ધારાઓ હવે નબળી પડી રહી છે. એક તરફ તે ગરમ થઈ રહી છે જ્યારે બીજી તરફ તે ઠંડી પડી રહી છે.

સંશોધકોએ નોંધ્યું હતું કે, એટલાન્ટિક મહાસાગરની ઉપરની સપાટી જ નહીં પણ દરિયાની મધ્યમાં રહેલું પાણી અને તળિયે આવેલી જમીન અને પાણી પણ ઠંડા થઈ રહ્યા છે. તમામ સ્તરે આ મહાસાગર ઠંડો પડી રહ્યો છે. એટલાન્ટિક મેરિડિયોનલ ઓવરટર્નિંગ સર્ક્યુલેશનના કારણે આ સ્થિતિ બદલાઈ રહી છે. એક જ મહાસાગરના પાણીના વિવિધ ભાગમાં આવી અલગ અલગ સ્થિતિ જોવા મળે તે ચિંતાજનક છે. એક તરફ ગરમી નીચે ઉતરી રહી છે અને બીજો ભાગ ઠંડો પડી રહ્યો છે.

ગ્લોબલ વોર્મિંગના કારણે સમુદ્રના તાપમાનમાં ફેરફાર આવવાની સાથે સાથે વિવિધ ગ્લેશિયર્સ પણ ઝડપથી પીગળી રહ્યા છે. તેના કારણે સમુદ્રમાં જળસ્તરમાં વધારો થઈ રહ્યો છે. એમોકનું સંપૂર્ણ સંતુલન ખોરવાઈ ગયું છે. તેના કારણે ગરમી અને ઠંડીમાં વ્યાપક તફાવત આવી રહ્યો છે.

સંશોધકો માને છે કે, દુનિયાભરના સમુદ્રની સ્થિતિ છેલ્લાં ૧૦૦૦ વર્ષમાં સૌથી ખરાબ સ્થિતિમાં છે. ગ્લોબલ વોર્મિંગના કારણે એપોકની જે સ્થિતિ સર્જાઈ છે તેના કારણે માનવજાત ઉપર મોટું સંકટ સર્જાયેલું છે. તેઓ માને છે કે, આ સિસ્ટમ બંધ થઈ જશે તો જળસંકટ આવશે. તેની અસર એવી થશે કે અમેરિકાના પૂર્વ કિનારાના ઘણા ભાગ પાણીમાં ડૂબી જશે. બીજી તરફ યુરોપમાં ભયાનક ઠંડી પડવા લાગશે અને આફ્રિકાના દેશોમાં મોનસુનની પેટર્ન બદલાઈ જશે. અહીંયા ગમે ત્યારે દુકાળ પડશે અથવા તો ભીષણ પૂર આવશે તેવું પણ બનશે.

કેટલાક સંશોધકો માને છે કે, આવું બની શકે છે પણ દુનિયાભરના સમુદ્રોની વિવિધ સપાટીના તાપમાન નોંધવા, તેના ડેટાનો અભ્યાસ કરવો અને તેના પરિણામો અંગે ધારણા કરવી મુશ્કેલ છે. જળપ્રલય આવી શકે છે અને કદાચ ન પણ આવે. આ તમામ બાબતો તમામ સમુદ્રી સપાટીઓના ડેટા ભેગા કરીને તેના અભ્યાસ ઉપરથી જ આવશે. એક વખત સમુદ્રની ધારાઓ જો અટકી જશે તો સમગ્ર માનવજાત ઉપર ખતરો આવી જશે. ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન રોકવામાં નહીં આવે, ક્લાઈમેટ ચેન્જની અસર ઘટાડવામાં નહીં આવે તો માનવજાતને ભયાનક વિનાશનો સામનો કરવાનો આવશે.

# રેમિટન્સની લાગણી,અને બાળપણ બચાવવાનો પોકાર સાપને સમજવાની હાકલ માનવતા કેન્દ્રિત કરુણા, ક્રૂરતાનો સંગમ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ૧૬ જૂન ૨૦૨૬ છે. આજની તારીખના ઈતિહાસની વાત કરીયે તો આજે વિશ્વ સાપ દિવસ છે. સાપ વિશે જાગૃતિ ફેલાવવા અને ગેર માન્યતાઓ દૂર કરવા આ દિવસ છે.૧૬મી જૂન તારીખ એક,પણ સંદેશા બે.એક તરફ છે સમુદ્ર પારથી આવતી માયાનો અવાજ તો બીજી તરફ છે યુદ્ધની આગ માં હોમાતા બાળપણની ચીસ. આ દિવસ એક જ સમયે આપણને માનવ જાતની બે ચરમસીમાઓ બતાવે છે: પરિવાર માટે કરાતો નિસ્વાર્થ સંઘર્ષ અને એ જ પરિવારના સૌથી નાજુક સભ્ય પર થતો અમાનુષી અત્યાચાર. ૧૬મી જૂનને વિશ્વ 'આંતર રાષ્ટ્રીય કૌટુંબિક રેમિટન્સ દિવસ' તરીકે ઉજવે છે. 'રેમિટન્સ' એટલે પૈસાનું ટ્રાન્સફર નહીં, એ તો લાગણીનું ટ્રાન્સફર છે. કેનેડાના બરફમાં,દુબઈની ગરમીમાં કે અમેરિકાની દોડધામ માં પરસેવો પાડતો દીકરો જ્યારે મહિનાની પહેલી તારીખે ગુજરાતના કોઈ ગામડામાં બેઠેલી માના ખાતામાં પૈસા મોકલે છે,ત્યારે એ માત્ર આંકડા નથી હોતા. એમાં ભાઈની ફી હોય છે, બાપની દવા હોય છે, બહેનના લગ્નનું સપનું હોય છે અને ઘરના ચૂલે સળગતું સુખ હોય છે. વિશ્વ બેંકના આંકડા કહે છે કે ૨૦૨૩માં ભારતે ૧૨૫ અબજ ડોલરથી વધુ રેમિટન્સ મેળવ્યું. આ રકમ આપણા ઘણા રાજ્યોના બજેટ કરતા પણ મોટી છે.પણ સાચો પ્રભાવ જીડીપીના આંકડામાં નહીં,નાના ગામના પાક્કા મકાનમાં,દીકરી ના હાથની કોલેજની ડિગ્રીમાં અને વૃદ્ધ માતા-પિતાના ચહેરાની નિશ્ચિંતતામાં દેખાય છે. આ'ફેમિલી ફાઈનાન્સ' દુનિયાની સૌથી મોટી સામાજિક સુરક્ષા યોજના છે, જે કોઈ સરકાર નથી ચલાવતી.એ લોહીના સંબંધોથી ચાલે છે. વિદેશ ગયેલો દરેક વ્યક્તિ એક 'ઈકોનોમિક એમ્બેસેડર' છે. તેની મજૂરી દેશ




માટે વિદેશી હૂંડિયામણ લાવે છે અને લાખો ઘરોને ગરીબી રેખાથી ઉપર રાખે છે.કોવિડ જેવી વૈશ્વિક આફત માં પણ જ્યારે બધું બંધ હતું, ત્યારે રેમિટન્સનો પ્રવાહ ચાલુ હતો.કારણ કે ભૂખ અને બીમારી લોકડાઉન સમજતી નથી. આ દિવસ એ દરેક પ્રવાસી મજૂર, એન્જિનિયર,ડોક્ટર અને ડ્રાઈવરને સલામ કરવાનો છે જે ઘરથી દૂર રહીને ઘરનું ઘર ચલાવે છે.તેમનો ત્યાગ જ આપણા અર્થતંત્રનો પાયો છે. પણ ૧૬મી જૂનનો બીજો ચહેરો વધુ ગંભીર છે. આ જ દિવસ 'વૈશ્વિક બાળ સંઘર્ષ દિવસ' તરીકે પણ ઓળખાય છે. ૧૯૭૬માં દક્ષિણ આફ્રિકાના સોવેટોમાં રંગભેદ સામે લડતા હજારો કાળા વિદ્યાર્થીઓ પર ગોળીબાર થયો હતો.સેંકડો બાળકો માર્યા ગયા હતા. એ ઘટનાની યાદમાં આ દિવસ ઉજવાય છે,જેથી દુનિયા ભૂલે નહીં કે યુદ્ધનું સૌથી પહેલું અને સૌથી ક્રૂર નિશાન હંમેશા બાળકો હોય છે. આજે પણ ગાઝાની ગલીઓમાં, યુક્રેનના ભોંયરામાં, સુદાનના રણ માં અને મણિપુરના રાહત શિબિરોમાં બાળકો જ સંઘર્ષની સૌથી મોટી કિંમત ચૂકવી રહ્યા છે યુનિસેફ કહે છે કે દુનિયામાં દર પાંચમું બાળક સંઘર્ષગ્રસ્ત વિસ્તારમાં જીવે છે. તેમના માટે સ્કૂલ નથી, રમકડાં નથી, માત્ર બોમ્બના ધડાકા અને ભૂખમરો છે. તેમનું બાળપણ પ્લાસ્ટિકના તંબુમાં વીતી જાય છે. તેમની આંખોમાં સપનાને બદલે ડર હોય છે.જે ઉંમરે હાથમાં પેન્સિલ હોવી જોઈએ, એ ઉંમરે તેમના હાથમાં ભીખનો કટોરો કે બંદૂક આવી જાય છે. આ માત્ર યુદ્ધની વાર્તા નથી, આ આપણી નિષ્ફળતાની કબૂલાત છે.

હવે આ બે દિવસોને એકસાથે મૂકીને જુઓ. એક અદ્ભુત વિરોધાભાસ દેખાશે. એક તરફ એક પિતા વિદેશમાં ૧૬ કલાક મજૂરી કરે છે જેથી તેનું બાળક સારી સ્કૂલે જઈ શકે. બીજી તરફ, બીજા કોઈનું બાળક એટલા માટે સ્કૂલે નથી જઈ શકતું કારણ કે તેની સ્કૂલ પર બોમ્બ પડ્યો છે.એક પરિવાર રેમિટન્સથી બંધાય છે,બીજો પરિવાર યુદ્ધથી વિખેરાઈ જાય છે. એક જગ્યાએ પૈસા આશા લઈને આવે છે, બીજી જગ્યાએ બારૂદ માત્ર વિનાશ લાવે છે.

૧૬મી જૂન આપણને સવાલ કરે છે. શું આપણે એવી દુનિયા બનાવી શકીએ જ્યાં કોઈ પિતાને પોતાના બાળક માટે રોટલો કમાવવા સાત સમંદર પાર ન જવું પડે?અને શું આપણે એવી દુનિયા બનાવી શકીએ જ્યાં કોઈ બાળકને યુદ્ધનો અર્થ સમજતા પહેલા જ યુદ્ધમાં જીવ ગુમાવવો ન પડે? રેમિટન્સ દિવસ આશાનું પ્રતિક છે. તે બતાવે છે કે માણસ ગમે તેટલો દૂર જાય, તેનું હૃદય તેના ઘર સાથે જ ધબકતું હોય છે. બાળ સંઘર્ષ દિવસ ચેતવણીનું પ્રતિક છે.તે બતાવે છે કેઆપણી નફરત અને રાજકારણ સૌથી પહેલા નિર્દોષ બાળકોને કચડે છે આથી, આ ૧૬મી જૂને માત્ર ઉજવણી ન કરો. સંકલ્પ કરો. એ દરેક પ્રવાસી ભારતીયના પરસેવાનું સન્માન કરો જે દેશની કરોડરજ્જુ મજબૂત કરે છે. અને એ દરેક બાળક માટે અવાજ ઉઠાવો જેની ચીસ યુદ્ધના ઘોંઘાટમાં દબાઈ જાય છે. કારણ કે એક મોકલેલો રેમિટન્સનો ટુકડો જેટલો કિંમતી છે, એટલું જ કિંમતી એક બાળકનું સુરક્ષિત બાળપણ છે. બન્નેને બચાવવા એ જ સાચી માનવતા છે.અસ્તુ.

# સાંપ્રત સમયમાં "આલોક" અને "પરલોક" શબ્દનાં ત્રિપરિમાણીય અર્થને કંઈરીતે મૂલવીશું?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. મનુષ્ય મોહ, માયા, મમતાનાં, આવરણોનું કરોળિયાની જેમ પોતાની આસપાસ એવું જાળું રચે છે, કે ક્યારે એ ખુદ એમાં કેદ થઈ ગયો, એ એને જ ખબર રહેતી નથી! અને પોતાનાં જાળાં એટલે કે ઘર પરિવારને તોડ્યાં વગર બહાર નીકળી શકાતું નથી! અને મમતા એને તોડવા દેતી નથી, સંસારીનું આ જ ચક્ર છે! પણ જાગ્યાં ત્યારથી સવાર! એમ ઘણીવાર મોડેમોડે સાહસ થાય છે,! અને કંઈ નહીં તો છેવટે સંસારિક સંબંધોની અપેક્ષા ઉપેક્ષાની વૃત્તિ માંથી બહાર આવીને જીવન દર્શન કરવાની તક મળે છે. વ્યવહારમાં પણ ખુદનાં આગ્રહ છૂટવા જરુરી હતાં, એવું સમજાય છે! એક એક તંતુ જે મમતાની લાળથી ગૂથ્યો હતો, એને તોડતાં દિલ દુઃખે પણ છે, પરંતુ હવે જો આત્મોદ્ધાર વિશે નહીં વિચારું! તો ક્યારે વિચારિશ? જો આવો એક વિચાર આવે તો લગભગ જન્મ સફળ સમજો! કારણકે સંસારીની મનોવ્યથા ભગવાન પણ સમજે જ છે, અને એટલે એ હિમાલયમાં જઈ ઠંડી, તાપ, વરસાદ વગેરે સહીને તપ કરે એવી આશા તો રાખે જ નહીં! ઉલટું ગીતામાં અમુક નિયમો જો સહજ બને તો એને નિત્ય સંન્યાસીનું પદ પણ પ્રાપ્ત થાય છે. પરંતુ ઘણીવાર બધું જ જ્ઞાન હોવાં છતાં આ કેદમાંથી નીકળી ન શકવાને કારણે જન્મ નિષ્ફળ જતો દેખાય! અથવા તો પોતાની ગતિના પરિણામ વિશે શંકા કરી વધુ નિરાશામાં જે માર્ગ ખરેખર સાચો હતો, એને અધવચ્ચે છોડી દે છે.આપણે ગયાં મંગળવારે અયતિઃ શ્રદ્ધાયોપેતો એ શબ્દનો અર્થ કરી અર્જુને જે સંશય કર્યો એની વિશે વાત કરી, પછીના બે શ્લોકો પણ એ જ ભાવ નાં છે! અને 40 માં શ્લોકમાં ભગવાન અર્જુનને જવાબ આપે છે એ વિશે ચિંતન કરીશું. પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે। ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્દુર્ગતિં તાત ગચ્છતિ ॥ ૪૦ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે: 'હે પાર્થ (અર્જુન)! આવા સાધકનો ન તો આલોકમાં અને ન પરલોકમાં નાશ થાય છે. હે પ્રિય પુત્ર! જે કોઈ શુભ અને કલ્યાણકારી કર્મ કરે છે, તે ક્યારેય દુર્ગતિને પામતો નથી. આપણે આ શ્લોકની ત્રણ શબ્દ સંધિ પરથી એનાં સ્થૂળ સૂક્ષ્મ અને કારણ શરીરનાં અર્થ સુધી પહોંચીએ. **નૈવેહ નામુત્ર:: ન + એવ + ઈહ, અહીં બિલકુલ નથી, ન + અમુત્ર પરલોકમાં પણ નહીં! ભગવાન અર્જુનને જવાબ આપતાં કહે છે કે જે જીવે ભગવત્ પ્રાપ્તિ માટે જે કંઈ યત્ન કર્યા હોય એની આ લોક કે પરલોકમાં દુર્ગતિ નથી. પરંતુ આલોક અને પરલોક! એને કેમ સમજીશું?; સ્થૂળ રુપે આલોક એટલે તો આપણે જ્યાં છીએ એ મૃત્યુલોક, ભારતીય સનાતન સંસ્કૃતિ મુજબ જે કોઈ સત્કર્મ કરે એને સ્વર્ગ પ્રાપ્ત થાય, આ સ્વર્ગ માટે પરલોક શબ્દ પ્રયોજાય છે. એટલે એમ કહો કે પરલોક માટેની એક ધારણા છે કે, ત્યાં આવું આવું હોય!: એક તો અશરીરી અવસ્થા એટલે આત્મા ઉડીને પહોંચી શકે! અને સૌથી વધુ જીવનભર જે ભોગ સુખ માટે સંઘર્ષ કર્યો એ અનલિમિટેડ! દુર્લભ બધી જ વસ્તુઓ સુલભ, કલ્પના માત્રથી રોમાંચ થાય! સુક્ષ્મ રીતે રાગ એટલે પ્રેમ અને અનુરાગ એટલે પરમ પ્રેમ! અને તત્વતઃ આ બે ભાવ જ આલોક અને પરલોક છે! જ્યાં સુધી જીવ સ્વયં કે પરિવારનાં દાયરામાં રહીને પ્રેમ કરે એ આલોક અને પરિવારનું વર્તુળ વધારતો વધારતો સમસ્ત જડ ચેતન સૃષ્ટિ સુધી એની સંવેદના વહે એ ઉત્તમ ભાવ એટલે જ પરલોક.

**કલ્યાણ કૃતઃ: શુભનું આચરણ! ભક્તિની પરાકાષ્ઠાએ જીવ અને શિવનું મિલન થાય છે, એવી એક માન્યતા આપણે ત્યાં છે! પરંતુ જીવ અને શિવની મૂળ માનસિકતામાં, જીવ છે એ સતત લાભને શોધે છે, જ્યારે શિવ શુભમાં વિ વિચરે છે. જીવ સ્વાર્થ આચરે છે, જ્યારે શિવ ભોળે ભાવે પરમાર્થ! અને દ્રષ્ટિમાં સતત શુભ કે પરમાર્થ એટલે જ કલ્યાણ! ** ન હીં દુર્ગતિ્મ તાત ગચ્છતિ, તાત એ અર્જુન ને સ્નેહ ભર્યું સંબોધન કરી કહે છે કે, કલ્યાણ કરનાર ક્યારેય દુર્ગતિને પામતો નથી. ગતિ, દુર્ગતિ અને સદગતિ એને સમજવું પડે! અહીં સ્થૂળ શરીરની ગતિની વાત નથી. સામાન્ય ગતિ એટલે બાળક માંથી વૃદ્ધિ થતાં થતાં અહીં સુધી પહોંચ્યા એ રીતે ગતિ થઈ! ઉંમર વધવા છતાં વાણી વર્તન કે વિચારોથી અન્ય ને પરેશાન કેમ કરવાં પ્રતાડિત કરવા એ જ કર્યું તો સ્વાભાવિક સૌ એને તિરસ્કૃત કરે એટલે અહીં આલોક માંજ એની દુર્ગતિ થઈ! એથી ઉલટું વાણી વર્તન અને વિચારથી સૌને મદદ કરી કે એને શુભકામના વાંછીને પ્રિય થયાં તો અહીં જ સદગતિ! સાવ સીધાસાદા શબ્દોમાં કહીએ તો જો કોઈ વ્યક્તિ યોગ, ભક્તિ અથવા આધ્યાત્મિક માર્ગ પર ચાલે અને પૂર્ણ સિદ્ધિ પહેલાં જ સંશય વશ કે પરિસ્થિતિ વશ તેની સાધના અધૂરી રહી જાય, તો પણ તેની મહેનત વ્યર્થ જતી નથી. તેને તેના સારા પ્રયત્નોનું ફળ અવશ્ય મળે છે. ઈશ્વરની તરફ ભરેલું એક પણ પગલું વ્યર્થ જતું નથી. સાધનામાં થયેલાં પ્રયત્નો આત્માનાં સંસ્કાર બનીને રહે છે. જો આ જન્મમાં પૂર્ણતા ન મળે, તો પણ તે સંસ્કારો આગળની યાત્રામાં મદદરૂપ બને છે.ભગવાનનો નિયમ છે કે સાચાં હૃદયથી કરેલું કલ્યાણકારી કાર્ય ક્યારેય નષ્ટ થતું નથી.આ શ્લોક આપણને નિરાશા છોડીને સતત સાધના, ભક્તિ અને સદ્કર્મમાં આગળ વધવા પ્રેરણા આપે છે. ભગવાન ખાતરી આપે છે કે આધ્યાત્મિક માર્ગ પર ચાલનાર વ્યક્તિની ક્યારેય હાનિ થતી નથી. કલ્યાણના માર્ગે ચાલનારને અંતે કલ્યાણ જ મળે છે. પરંતુ મનુષ્ય છે કે, જે વસ્તુઓ અને સંબંધો અહીં જ છોડીને જવાનાં છે, એની પાછળ જ જીવન ખર્ચી નાખે છે, અને આવાં જન્મોજન્મ સાથે ચાલનારા સંસ્કાર વિશે વિચારતો નથી! બેન્કમાં ગમે તેટલા રુપિયા હોય એ અહીં જ રહેશે, પણ જો એ રુપિયા કોઈ અન્ય માટે સ્વાર્થ વગર વાપર્યા હશે, તો આવતો જન્મ એટલાં રુપિયા આસાનીથી મળી જાય! એટલે કે જે રીતે વાપર્યા હોય એમ સામાન્ય થી ધનવાનને ઘેર જન્મ થાય! અને કળિયુગી કાળ કામ કરી ગયો, આપવાની બદલે છીનવી લીધું તો આવતો જન્મ એ લેણું ચૂકવવામાં જ જશે! અને ઉપરથી ગરીબી. પરંતુ અહીં માત્ર ધનની વાત નથી! કલ્યાણકારીનો સ્વભાવ જન્મથી જ ઉદાર, માયાળુ, પ્રેમાળ, દયાળું કે સેવાભાવી હોય. ટૂંકમાં આલોક પરલોક નો કારણ શરીરનો અર્થ, સ્વાર્થથી ભરેલા કળિયુગી કાળની પ્રધાનતા એટલે આલોક, અને પરમાર્થ માટે જીવન વારી જવાનાં શુભ સંકલ્પથી ભરેલ મહાકાળની પ્રધાનતા એટલે પરલોક! એમ પણ જીવની ગતિ અને સદગતિ થઈ શકે! આપણે સૌ આ રીતે આલોક પરલોકનું મુલ્યાંકન કરીને મૃત્યુ પછીનું ઉત્તમ જીવન માણી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# પશ્ચિમ રેલવેમાં પ્રથમ વખત વટવા ઈલેક્ટ્રિક લોકો શેડને મળ્યો પ્રતિષ્ઠિત CII "GreenCo GOLD" રેટિંગ સન્માન

**અમદાવાદ, તા.15**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આવેલા ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાને પર્યાવરણીય ઉત્કૃષ્ટતા અને સતત વિકાસના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ બદલ કન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) - ગ્રીન બિઝનેસ સેન્ટર (GBC) દ્વારા પ્રતિષ્ઠિત GreenCo GOLD Rating એનાયત કરવામાં આવી છે. આ સન્માન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનારી 15મી GreenCo Summit 2026 દરમિયાન પ્રદાન કરવામાં આવશે. આ સિદ્ધિ સાથે વટવા શેડ દેશની અગ્રણી હરિત અને ટકાઉ સંસ્થાઓમાં સામેલ થયું છે.

આ અવસરે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, "ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાને પ્રાપ્ત પ્રતિષ્ઠિત CII GreenCo GOLD Rating સમગ્ર અમદાવાદ મંડળ અને પશ્ચિમ રેલવે માટે ગૌરવની બાબત છે. આ સન્માન અમારા અધિકારીઓ અને કર્મચારીઓની પર્યાવરણ સંરક્ષણ, ઊર્જા કાર્યક્ષમતા અને સતત વિકાસ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનું પરિણામ છે. વટવા શેડે નવીનતા, સંસાધનોના સમજદારીપૂર્વક ઉપયોગ અને હરિત ટેક્નોલોજીના અપનાવાથી સાબિત કર્યું છે કે ઉત્તમ કામગીરી અને પર્યાવરણીય જવાબદારી સાથે-સાથે આગળ વધી શકાય છે."

"ભારતીય રેલવે વર્ષ 2030 સુધી નેટ જીરો કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય લઈને કાર્ય કરી રહી છે અને આ ઉપલબ્ધિ તે દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. મને વિશ્વાસ છે કે વટવા ઈલેક્ટ્રિક લોકો શેડની આ સફળતા ભારતીય રેલવેની અન્ય એકમો માટે પણ પ્રેરણારૂપ બનશે અને આપણે સૌ મળીને સુરક્ષિત, સ્વચ્છ, હરિત અને સતત ભવિષ્યના નિર્માણમાં પોતાનું યોગદાન આપતા રહીશું."



વિશેષ રૂપે પશ્ચિમ રેલવેમાં પ્રથમ વખત કોઈ ઈલેક્ટ્રિક લોકો શેડને આ પ્રતિષ્ઠિત Green Co GOLD Rating પ્રાપ્ત થઈ છે, જે પર્યાવરણ સંરક્ષણ અને સતત વિકાસના ક્ષેત્રમાં પશ્ચિમ રેલવેની અગ્રણી ભૂમિકાને દર્શાવે છે.

Green Co Rating ભારતની પોતાની પ્રકારની પ્રથમ એવી મૂલ્યાંકન પ્રણાલી છે, જે કોઈ સંસ્થાના પર્યાવરણીય પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે. તેના અંતર્ગત ઊર્જા કાર્યક્ષમતા, જળ સંરક્ષણ, નવીનીકરણીય ઊર્જા, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન, કચરા વ્યવસ્થાપન, સામગ્રી સંરક્ષણ અને પુનઃચક્રણ, હરિત આપૂર્તિ શૃંખલા, હરિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈકોલોજી તથા પર્યાવરણીય નવીનતા જેવા વિવિધ માપદંડોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. GOLD Rating આ પ્રણાલી અંતર્ગત આપવામાં આવતા સર્વોચ્ચ સન્માનોમાંનું એક છે.

ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાએ ડીઝલ આધારિત કામગીરીમાંથી સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક ટ્રેક્શન તરફ પરિવર્તન કરીને વર્ષ 2022-23 દરમિયાન 1.88 કરોડ લિટરથી વધુ ડીઝલ (HSD)ના વપરાશને શૂન્ય સુધી પહોંચાડ્યો, જેના પરિણામે Scope-1 ઉત્સર્જનમાં લગભગ 100 ટકા ઘટાડો નોંધાયો. કુદરતી પ્રકાશનો મહત્તમ ઉપયોગ થાય તે માટે એસેમ્બલી બેમાં લોંગ-ટ્યુબ ડેલાઈટ હાર્વેસ્ટિંગ (Brillantor) સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. આ ઉપરાંત પરંપરાગત પંખાઓના સ્થાને 5-સ્ટાર રેટેડ BLDC પંખા, CFL અને હેલોજન લાઈટોના સ્થાને LED લાઈટો, ઓક્યુપન્સી સેન્સર અને એસ્ટ્રોનોમિકલ ટાઈમરનો ઉપયોગ કરીને ઊર્જા બચત સુનિશ્ચિત કરવામાં આવી છે.

વર્ષા જળ સંચય અને ભૂગર્ભ જળ પુનર્ભરણ પ્રણાલીણના માધ્યમથી દર વર્ષે લગભગ 20.5 લાખ લિટર પાણીનું પુનર્ભરણ કરવાની ક્ષમતા વિકસાવવામાં આવી છે. લોકોમોટિવના વિન્ડશીલ્ડ વોશર સિસ્ટમમાં નવીન ફેરફારો તથા જળવિહોણા યુરિનલની વ્યવસ્થાના માધ્યમથી પાણીની બચત અને લોકો પાયલોટોની સ્વચ્છતા સુનિશ્ચિત કરવામાં આવી છે. પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થતા ગંદા પાણી અને શુદ્ધિકૃત પાણીના નિકાલને શૂન્ય સુધી લાવી તાજા પાણીના વિશિષ્ટ વપરાશમાં સતત ઘટાડો નોંધાયો છે.

અમદાવાદ મંડળમાં આશરે 1,863 કિલોવોટ પીક (kWp) ક્ષમતાના સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના દ્વારા દર વર્ષે અંદાજે 24.22 લાખ યુનિટ સ્વચ્છ ઊર્જાનું ઉત્પાદન થઈ રહ્યું છે. ઉપરાંત વટવા શેડ માટે સમર્પિત રૂફટોપ સોલાર પ્રોજેક્ટ પણ પ્રસ્તાવિત છે. આથી ભારતીય રેલવેના વર્ષ 2030 સુધી નેટ જીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યને વધુ મજબૂતી મળી રહી છે.

Scope-1, Scope-2 અને Scope-3 હેઠળ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનની તીવ્રતામાં દર વર્ષે સતત ઘટાડો નોંધાયો છે. 800થી વધુ જીવંત વૃક્ષોના સંરક્ષણ અને નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન દ્વારા કાર્બન ઑફસેટને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

"Zero Waste to Landfill" અભિગમ અપનાવી સ્ત્રોત સ્તરે કચરાનું વિભાજન, અધિકૃત રિસાયક્લિંગ એજન્સીઓ દ્વારા તેનો નિકાલ તથા ISO 14001 અને ISO 50001 પ્રમાણિત વ્યવસ્થાપન પ્રણાલીઓનું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે. વાર્ષિક સરેરાશ વપરાશ (AAC)ની સમીક્ષા અને સ્પેર પાર્ટ્સના પુનઃઉપયોગ દ્વારા દર વર્ષે અંદાજે 38 લાખની બચત સુનિશ્ચિત કરવામાં આવી છે.

ગ્રીન પ્રમાણિત વિક્રેતાઓ પાસેથી ખરીદી, પેકેજિંગમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ તથા પેકિંગ કચરાના પરત સંગ્રહ જેવી વ્યવસ્થાઓ અમલમાં મૂકવામાં આવી છે. શેડ દ્વારા વિકસાવવામાં આવેલા એક સુધારાને RDSO દ્વારા અપનાવવામાં આવ્યો છે તેમજ રેલવે બોર્ડની ઈલેક્ટ્રિક લોકોમોટિવ કેબિન અપગ્રેડેશન સ્પર્ધામાં સંયુક્ત રીતે પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત સલામતી અને ઉત્પાદકતા વધારતા અનેક નવીન ઉપાયો પણ વિકસાવવામાં આવ્યા છે.

ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવાને પ્રાપ્ત થયેલી આ GreenCo GOLD Rating ત્યાં કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓના સામૂહિક પ્રયાસો, પ્રતિબદ્ધતા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેના સમર્પણનું પરિણામ છે. આ સિદ્ધિ પશ્ચિમ રેલવે અને ભારતીય રેલવેની સતત વિકાસ તથા વર્ષ 2030 સુધી નેટ જીરો કાર્બન ઉત્સર્જન બનવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

## પ્રાકૃતિક કૃષિ અભિયાન-2026

# ખેડા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના પ્રચાર-પ્રસાર માટે 17-06-2026 રોજ પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા તથા પ્રદર્શન યોજાશે



**નડીઆદ, તા.15**

ખેડા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના વ્યાપક પ્રચાર-પ્રસાર અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુસર તા. ૧૭-૦૬-૨૦૨૬ બુધવારના રોજ જે. એમ. દેસાઈ હાઈસ્કૂલ, ઠાસરા, જિ. ખેડા ખાતે પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા તથા પ્રાકૃતિક કૃષિ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં રાજ્ય અન્ન નાગરિક અને પુરવઠામંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રી રમણભાઈ સોલંકી, ખેડા લોકસભા વિસ્તારના સંસદસભ્ય દેવુસિંહ ચૌહાણ વિવિધ ધારાસભ્યઓ, જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય તથા જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર વિશેષ ઉપસ્થિત રહી ખેડૂતોને સંબોધન કરશે. આ કાર્યક્રમ સાંજે ૦૪:૦૦ કલાકે યોજાનાર છે.

કાર્યક્રમ દરમિયાન પ્રાકૃતિક કૃષિ સંબંધિત વિવિધ પ્રદર્શન સ્ટોલ, નવીન કૃષિ પદ્ધતિઓ, પ્રાકૃતિક ખેતીના સફળ અનુભવો તેમજ ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં ખેડૂત અને પશુપાલક ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેશે.

જિલ્લાના તમામ ખેડૂતોને આ કાર્યક્રમનો લાભ લેવા તથા પ્રાકૃતિક કૃષિ અંગે વધુ માહિતી મેળવવા માટે ઉપસ્થિત રહેવા આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## અમદાવાદ મંડળ 'કવચ 4.0'થી થશે સંપૂર્ણ સજ્જ

# ₹140 કરોડના ખર્ચે 598 રૂટ કિલોમીટર પર સ્થાપિત થશે સ્વદેશી ટ્રેન સુરક્ષા પ્રણાલી 'કવચ 4.0'ના વિસ્તરણને મળી મંજૂરી

**અમદાવાદ, તા.15**

રેલ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ભારતીય રેલવેએ એક મહત્વપૂર્ણ પગલું ભરતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં 'કવચ' સંસ્કરણ 4.0ના વિસ્તરણને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ મંડળના 598 રૂટ કિલોમીટરમાં ફેલાયેલા 48 બ્લોક સેક્શનમાં કવચ પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે. આ કાર્ય માટે 140 કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ યોજના ભારતીય રેલવેના બાકીના માર્ગો પર એલટીઈ (LTE) આધારિત સંચાર નેટવર્ક સાથે કવચ પ્રણાલી ઉપલબ્ધ કરાવવાના વ્યાપક કાર્યક્રમ અંતર્ગત મંજૂર કરવામાં આવી છે.




મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશે માહિતી આપતાં જણાવ્યું કે, અગાઉ અમદાવાદ મંડળના આશરે 702 રૂટ કિલોમીટર પર કવચ કાર્યને પહેલેથી જ મંજૂરી આપવામાં આવી ચૂકી છે. વર્તમાન પ્રોજેક્ટની મંજૂરી સાથે મંડળના બાકીના રેલખંડો પણ કવચ પ્રણાલીના દાયરામાં આવી જશે. પરિણામે, અમદાવાદ મંડળનું સમગ્ર નેટવર્ક કુલ 1300 રૂટ કિલોમીટર સુધી કવચ પ્રણાલીથી આવરી લેવામાં આવશે અને મંડળ 'કવચ 4.0'થી શત-પ્રતિશત સજ્જ બની જશે.

'કવચ' ભારતીય રેલવે દ્વારા વિકસાવવામાં આવેલી અત્યાધુનિક અને સ્વદેશી ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) પ્રણાલી છે, જેનો મુખ્ય હેતુ રેલ સંચાલનને વધુ સુરક્ષિત બનાવવાનો છે. આ પ્રણાલી–

સિગ્નલ પાસિંગ એટ ડેન્જર (SPAD) જેવી ઘટનાઓને અટકાવવામાં મદદરૂપ બને છે. જરૂરિયાત મુજબ આપોઆપ બ્રેક લગાવી અસુરક્ષિત પરિસ્થિતિઓને ટાળે છે. સંવેદનશીલ પરિસ્થિતિઓમાં ટ્રેનની ગતિને નિયંત્રિત કરે છે. રેલ અકસ્માતો અને ટ્રેનો વચ્ચેની ટક્કરનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડે છે.

ભારતીય રેલવે મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં પોતાના સમગ્ર નેટવર્ક પર કવચ પ્રણાલીનો તબક્કાવાર વિસ્તાર કરી રહી છે. અમદાવાદ મંડળમાં 'કવચ 4.0'નું સંપૂર્ણ અમલીકરણ સુરક્ષિત, આધુનિક અને આત્મનિર્ભર રેલવે વ્યવસ્થાના નિર્માણ તરફનું એક મહત્વપૂર્ણ સોપાન સાબિત થશે. આ પહેલ માત્ર મુસાફરોની સુરક્ષાને વધુ મજબૂત બનાવશે એટલું જ નહીં, પરંતુ ભારતીય રેલવેના ટેક્નોલોજીકલ આધુનિકીકરણની દિશામાં પણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.

## "વરિષ્ટજન અધિકાર, સશક્તિકારણ અને ગરિમા"

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નડીઆદ દ્વારા વર્લ્ડ એલ્ડર એબયુઝ અવેરનેસ ડે અન્વયેસિનિયર સિટીઝનો માટે વિશેષ કાનૂની જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

## વાર્ષિક 3 લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતાં તમામ પીડિતોને કોઈપણ જાતની આવક મર્યાદા સિવાય કાનૂની સહાય તથા મફત વકીલ સહાય મળવાપાત્ર

**નડીઆદ, તા.15**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રીમ કોર્ટ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા નિયત કર્યા અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ પરવીન કુમારનાં નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ નડીઆદનાં ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ આર એન. પટેલ દ્વારા નિયમિતરૂપે કાનૂની શિક્ષણ-જનજાગૃતિનાં કાર્યક્રમો કરવામાં આવે છે. જે અનુસાર આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬ વર્લ્ડ એલ્ડર એબયુઝ અવેરનેસ ડે નિમિતે "વરિષ્ટજન અધિકાર, સશક્તિકારણ અને ગરિમા" અભિયાન અન્વયે નડીઆદ સ્થિત "દીકરાનું ઘર" વૃદ્ધાશ્રમ ખાતે સિનિયર સીટીઝનો માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદનાં ફુલ ટાઈમ સેક્રેટરી(સિનિયર સિવિલ જજ કેડર) જે જે. જાદવનાં અધ્યક્ષસ્થાને એક વિશેષ કાનૂની જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સંચાલક મનુભાઈ મહારાજે સૌનું હાર્દિક સ્વાગત કર્યુ હતુ. સિનિયર પેરા લિગલ વોલન્ટીયર આર આર. સોલંકીએ મફત અને સક્ષમ કાનૂની સેવાઓ વિશે માહિતી આપતા જણાવેલ કે વાર્ષિક ૩ લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતાં સામાન્ય વર્ગનાં પુરૂષ અરજદારોને તથા આ સિવાય મહિલાઓ-બાળકો, અનુ. જાતિ, અનુ. જનજાતિ વર્ગનાં અરજદારો, દિવ્યાંગજનો, જેલમાં રહેલા કેદીઓ, માનવ તસ્કરીના પીડિતો, કુદરતી આપતિનો ભોગ બનેલા પીડિતો તમામને કોઈપણ જાતની આવક મર્યાદા સિવાય કાનૂની સહાય તથા મફત વકીલ સહાય મળવાપાત્ર છે. એ એસ. આઈ. કિરણભાઈ ગઢવીએ સાયબર ક્રાઈમથી સુરક્ષા માટે માહિતી આપી હતી. કાર્યક્રમમાં અધ્યક્ષ જે જે. જાદવ દ્વારા વર્લ્ડ એલ્ડર એબયુઝ ડે નિમિતે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળનાં "વરિષ્ટજન અધિકાર, સશક્તિકારણ અને ગરિમા" અંતર્ગત જાગૃતિ સ્કીમ અન્વયે સિનિયર સિટીઝનોને મળવાપાત્ર વિશેષ કાનૂની સહાય, માતા પિતા અને વરિષ્ઠ નાગરીકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતનો અધિનિયમ ૨૦૦૭, સિનિયર સીટીઝન હેલ્પલાઈન ૧૮૦૦૧૮૦૧૨૫૩, કાનૂની સહાય હેલ્પલાઈન ૧૫૧૦૦, મહિલા અભયમ ૧૮૧, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની સિનિયર સીટીઝન માટેની કાનૂની સહાય યોજના-૨૦૧૬ સહીત વિવિધ બાબતોની વિસ્તારપૂર્વક માહિતી અને સમજ આપી હતી. સૌ વડીલોને તેઓનાં પ્રશ્નો માટે જરૂરી માર્ગદર્શન આપીને તેઓને આરોગ્યપ્રદ શતાયુ જીવન માટે શુભેચ્છાઓ આપી હતી. આ કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા જય માનવ સેવ પરિવાર ટ્રસ્ટ સંચાલિત દીકરાનું ઘર નાં સંચાલક મનુભાઈ મહારાજ દ્વારા કરવામાં આવેલ, જેમાં સૌ સિનિયર સિટીઝનોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો એમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદની અખબારી યાદીમાં જણાવેલ છે.




# નડિયાદ તાલુકાના ચકલાસી ખાતે ખેડૂત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ખેડૂતોને સરકારની વિવિધ કૃષિ અને બાગાયતલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવી

**નડીઆદ, તા.15**

નડિયાદ તાલુકાના ચકલાસી ગામ ખાતે ખેત બચાવો અભિયાન-૨૦૨૬અંતર્ગત ખેડૂત જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૭૯ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને ખેતીમાં પાક સંરક્ષણ, જીવાત અને રોગોના નિયંત્રણ, વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ, સંતુલિત ખાતર વ્યવસ્થાપન તેમજ ખેતી ખર્ચ ઘટાડીને ઉત્પાદન વધારવાના મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે ખેડૂતોને સરકારની વિવિધ કૃષિ અને બાગાયતલક્ષી યોજનાઓની માહિતી પણ આપવામાં આવી હતી.



ઉપસ્થિત અધિકારીઓ દ્વારા ખેડૂતોના પ્રશ્નોના જવાબ આપી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ખેડૂતોએ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ખેતીને વધુ નફાકારક તથા ટકાઉ બનાવવા માટે ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી હતી. ખેત બચાવો અભિયાન અંતર્ગત ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી તરફ પ્રેરિત કરવાનો મહત્વપૂર્ણ પ્રયાસ સફળ રહ્યો હતો.

કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ તથા કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રવિભાઈ પંચાલ (બાગાયત અધિકારી), હિતેન્દ્રસિંહ ચૌહાણ (BTM), પંકજ પઢિયાર (વિસ્તરણ અધિકારી - ઈન્ચાર્જ), વિજયભાઈ પઢિયાર (ગ્રામસેવક), કેયુર ગળથરીયા (ગ્રામસેવક), પુષ્પાબેન રાઠવા (ગ્રામસેવક), સુરેશભાઈ વાઘેલા (CRP) તથા શંકરભાઈ વાઘેલા (ફાર્મર ફ્રેન્ડ) હાજર રહ્યા હતા.

## ખેડા જિલ્લા વહીવટી તંત્રની ઈંધણ બચાવ માટે અનોખી પહેલ:

# સોમવારે અધિકારીઓ અને કર્મચારી સાયકલ લઈને આવ્યા ઓફિસ

■ **પેડલ ટુડે ફોર બેટર ટુમોરો**

**નડીઆદ, તા.15**

મહાનગર પાલિકા નડિયાદ ખાતે તાલીમ લઈ રહેલ આઈ.એ.એસ ત્રિલોકસિંહ રાઠોડ સાયકલ લઈને ઓફિસ પહોંચ્યા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈંધણ બચાવોના પ્રેરક સંદેશને અનુસરતા મહાનગર પાલિકા નડિયાદ ખાતે તાલીમ લઈ રહેલ આઈ.એ.એસ ત્રિલોકસિંહ રાઠોડ સાયકલ લઈને ઓફિસ પહોંચ્યા હતા.

પેડલ ટુડે ફોર બેટર ટુમોરો સૂત્રને સાર્થક કરતા જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગર પાલિકાના અધિકારીઓ સોમવારના રોજ સાઈકલ ચલાવીને ઓફિસ પહોંચી રહ્યા છે. આ રીતે એક સારા વિચારને જાતે અનુસરીને સમગ્ર ખેડા જિલ્લા વાસીઓને પ્રેરણા આપી રહ્યા છે.

નોંધનીય છે કે ગયા સોમવારની જેમ જ આજે પણ જિલ્લા કલેકટર, મ્યુનિસિપલ કમિશનર, નિવાસી અધિક કલેક્ટર, પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના અધિકારીઓઓ અને કર્મચારીઓ સાયકલ લઈને ઓફિસ પહોંચ્યા હતા.

# વસો તાલુકાના અલીન્દ્રા ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ, 632 લાભાર્થીઓએ વિવિધ સરકારી યોજનાઓનો લાભ મેળવ્યો

**નડીઆદ, તા.15**

રાજ્ય સરકારના જનકેન્દ્રિત અભિગમને અનુરૂપ વસો તાલુકાના અલીન્દ્રા ગામની પ્રાથમિક શાળામાં જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાયેલી આ શિબિરમાં કુલ ૬૩૨ લાભાર્થીઓએ ભાગ લઈ વિવિધ સરકારી યોજનાઓનો લાભ મેળવ્યો હતો. શિબિર દરમિયાન પીએમ સૂર્ય ઘર યોજના, વ્હાલી દીકરી યોજના, લખપતિ દીદી યોજના, કુંવરબાઈનું મામેરું, પંડિત દિનદયાળ આવાસ યોજના, પીએમ કિસાન યોજના, ફાર્મર રજિસ્ટ્રેશન, તાર ફેન્સિંગ યોજના, સ્માર્ટફોન સહાય યોજના, નમો યોજના, આયુષ્માન ભારત-પીએમજેએવાય યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મુખ્યમંત્રી લક્ષ્મી યોજના, આધાર કાર્ડ સેવાઓ સહિત અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો અને સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય (પીજ), જિલ્લા પંચાયત સભ્ય (વસો), તાલુકા પંચાયત પ્રમુખશ્રી વસો, તાલુકા પંચાયત સભ્ય અલીન્દ્રા, પ્રદેશમંત્રી કિશાન મોરચા સંઘ, સરપંચ અલીન્દ્રા ગ્રામ પંચાયત, ઉપસરપંચ અલીન્દ્રા ગ્રામ પંચાયત, મામલતદાર વસો, તાલુકા વિકાસ અધિકારી વસો, તાલુકા હેલ્થ ઓફિસર વસો તેમજ સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વસો સહિતના મહાનુભાવો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહાપ્રબંધક પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના કર્મચારી રામરાજ મીણા સંરક્ષા પુરસ્કારથી સન્માનિત

**અમદાવાદ, તા.15**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક રામાશ્રય પાંડે દ્વારા અમદાવાદ મંડળના કર્મચારી શ્રી રામરાજ મીણાને તેમના ઉત્કૃષ્ટ કાર્ય, સતર્કતા અને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ "મેન ઓફ ધ મન્થ" (એપ્રિલ-2026) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.



રામરાજ મીણા ગાંધીધામના બીજી યાર્ડમાં એમ.સી.એફ. (MCF) તરીકે કાર્યરત છે તથા ગાંધીધામમાંથી પસાર થતી માલગાડીઓ તથા યાત્રી ગાડીઓનું રોલિંગ-ઈન અને રોલિંગ-આઉટ પરીક્ષણનું કાર્ય કરે છે. તા.04 એપ્રિલ, 2026ના રોજ ફરજ દરમિયાન તેમણે ટ્રેન સંખ્યા DWLP/MDCC/Cont. ના લોકોથી 11મા ક્રમે આવેલા વેગનના R-4 વ્હીલમાં અસામાન્યતા જોઈ. તેમણે તાત્કાલિક ટ્રેન મેનેજરને જાણ કરી ગાડીને અટકાવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે CTRB (કાર્ટ્રિજ ટેપર રોલર બેરિંગ) ની ગ્રીસ સીલ ખસી ગઈ હતી. વિસ્તૃત નિરીક્ષણ અને જરૂરી સુરક્ષા પગલાં લીધા બાદ ગાડીને એસ્કોર્ટિંગ તથા ગતિ મર્યાદા સાથે બીજી યાર્ડ સુધી લઈ જવામાં આવી હતી અને સંબંધિત વેગનને વ્હીલ બદલવા માટે સિક લાઈનમાં અલગ કરવામાં આવ્યો હતો.

રામરાજ મીણાની સતર્કતા અને ફરજ દરમિયાન કરવામાં આવેલી સૂક્ષ્મ તપાસને કારણે આ ગંભીર ખામી સમયસર શોધી શકાઈ, જેના પરિણામે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી શક્ય બની. તેમની જાગરૂકતા, દૂરંદેશી અને સમર્પણ રેલવે સેવાના ઉચ્ચ ધોરણો તથા સુરક્ષિત રેલ સંચાલન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# IPL પછી ઓછો થયો વૈભવ સૂર્યવંશીના બેટનો પાવર?

**નવી દિલ્હી, તા.15**

IPL 2026માં પોતાના ધમાકેદાર પ્રદર્શનથી ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવનારા અને તાજેતરમાં જ ભારતની T20 ટીમમાં સ્થાન મેળવનારા યુવા ઓપનર વૈભવ સૂર્યવંશી હાલમાં શ્રીલંકામાં રમાઈ રહેલી ટ્રાઈ-નેશન વન-ડે સિરીઝમાં ઈન્ડિયા A ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. જોકે, IPL દરમિયાન જોવા મળેલી તેની પ્રચંડ આક્રમકતા અને સતત મોટા શોટ્સ ફટકારવાની ક્ષમતાની સરખામણીએ આ સિરીઝમાં તેનું પ્રદર્શન અત્યાર સુધી ખાસ અસરકારક રહ્યું નથી.

માત્ર 15 વર્ષની નાની ઉંમરે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બનેલા વૈભવ સૂર્યવંશીએ આ સિરીઝની ત્રણ ઈનિંગ્સમાં કુલ 79 રન જ બનાવ્યા છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે, IPLમાં સિક્સર કિંગ તરીકે ઉભરી આવેલા વૈભવ આ ટ્રાઈ-નેશન સિરીઝમાં અત્યાર સુધી માત્ર એક જ છગ્ગો મારી શક્યો છે. ભારત A, શ્રીલંકા A અને અફઘાનિસ્તાન A વચ્ચે રમાઈ રહેલી આ વન-ડે સિરીઝમાં વૈભવે અત્યાર સુધી ત્રણ ઈનિંગ્સ રમી છે. પ્રથમ મેચમાં શ્રીલંકા A સામે તે માત્ર 14 રન બનાવીને સસ્તામાં આઉટ થઈ ગયો હતો.



ત્યારબાદ અફઘાનિસ્તાન A સામે તેણે 44 રનની થોડી પ્રતિકારક ઈનિંગ્સ રમી હતી, જ્યારે ફરી એકવાર શ્રીલંકા A સામે રમાયેલી મેચમાં તે 21 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. આમ, ત્રણ ઈનિંગ્સમાં તેના નામે કુલ 79 રન નોંધાયા છે. ક્રિકેટ નિષ્ણાતોના મતે, વન-ડે ક્રિકેટની માંગ અને મિજાજ T20 ફોર્મેટ કરતાં તદ્દન અલગ હોય છે અને આ જ તફાવત વૈભવની બેટિંગમાં પણ સ્પષ્ટ જોવા મળ્યો છે. સિરીઝ દરમિયાન તે મોટાભાગે ગ્રાઉન્ડ શોટ્સ રમતો જોવા મળ્યો છે, પરંતુ નબળી બાબત એ રહી કે તે જ્યારે પણ આઉટ થયો છે ત્યારે મોટો શોટ રમવાની લાલચમાં જ તેણે પોતાની વિકેટ ગુમાવી છે. જોકે રનની દ્રષ્ટિએ વૈભવનું પ્રદર્શન સામાન્ય રહ્યું છે, તેમ છતાં તેની સ્ટ્રાઈક રેટ હજુ પણ ખૂબ જ પ્રભાવશાળી અને આક્રમક જોવા મળી છે. સિરીઝની એક મેચમાં તેનો સ્ટ્રાઈક રેટ 200 રહ્યો હતો, બીજી મેચમાં 150 અને જ્યારે તે 14 રન બનાવી આઉટ થયો તે મેચમાં પણ તેનો સ્ટ્રાઈક રેટ 116થી વધુનો હતો. આ આંકડા દર્શાવે છે કે તેની નેચરલ ગેમ અને આક્રમકતા હજુ પણ યથાવત્ છે, પરંતુ તે પોતાની શરૂઆતને મોટી ઈનિંગ્સમાં બદલવામાં નિષ્ફળ રહ્યો છે. વૈભવ પાસે હજુ પણ આ સિરીઝમાં પોતાનું પ્રદર્શન સુધારવાની સુવર્ણ તક છે. જો ભારત A ટીમ ટ્રાઈ-નેશન સિરીઝની ફાઈનલમાં પહોંચશે તો તેને વધુ એક મહત્ત્વપૂર્ણ ઈનિંગ્સ રમવાની તક મળશે. આ સિરીઝ પૂરી થયા બાદ તે ભારતીય ટીમ સાથે આયર્લેન્ડ પ્રવાસે જશે, જ્યાં ભારત બે T20 મેચોની દ્વિપક્ષીય સિરીઝ રમવાનું છે.

સોમવારે રમાયેલી રોમાંચક મેચમાં પણ વૈભવ સૂર્યવંશી માત્ર 21 રન બનાવીને આઉટ થયો હતો. આ મેચમાં ભારત A ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી અને ટીમે 29ના સ્કોરે વૈભવના રૂપમાં પોતાની પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ ફોર્મમાં ચાલી રહેલા પ્રભસિમરન સિંહ પણ 39ના કુલ સ્કોરે પેવેલિયન પરત ફર્યો હતો. ત્યારબાદ મધ્યમ ક્રમના બેટ્સમેનો જેવા કે તિલક વર્મા અને રુતુરાજ ગાયકવાડ પણ કોઈ મોટી ઈનિંગ્સ રમી શક્યા નહોતા અને સસ્તામાં આઉટ થયા હતા. જોકે, મુશ્કેલ સમયમાં સૂર્યાંશ શેડગે અને વિપરાજ નિગમે ભારતીય ઈનિંગ્સને ધૈર્યપૂર્વક સંભાળી હતી. શેડગેએ શાનદાર બેટિંગ કરતા પોતાની પ્રથમ લિસ્ટ-A અર્ધસદી ફટકારી હતી અને ટીમના સ્કોરને 200 રનની પાર પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. IPLમાં મળેલી ભવ્ય સફળતા અને ભારતીય ટીમમાં પસંદગી થયા બાદ વૈભવ સૂર્યવંશી પાસેથી ક્રિકેટ ચાહકોને ઘણી મોટી અપેક્ષાઓ છે, પરંતુ અત્યાર સુધી આ સિરીઝમાં તે પોતાની ખાસ છાપ છોડી શક્યો નથી. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે આગામી મેચોમાં તે ફરી પોતાના જુના વિસ્ફોટક અંદાજમાં વાપસી કરી શકે છે કે નહીં.

# સ્કોટલેન્ડનો 36 વર્ષ બાદ વર્લ્ડ કપમાં પ્રથમ વિજય

**સ્કોટલેન્ડ વર્ષ 1990માં પોતાની છેલ્લી વર્લ્ડ કપ મેચ જીત્યું હતું : હૈતીને 1-0થી હરાવ્યું**

**નવી દિલ્હી, તા.15**

વર્લ્ડ કપ ગ્રુપ સીના અન્ય એક મુકાબલામાં સ્કોટલેન્ડે હૈતીને ૧-૦થી પરાજય આપી વિજયી શરૂઆત કરી હતી. સ્કોટલેન્ડની વર્લ્ડ કપમાં ૩૬ વર્ષ બાદ આ પ્રથમ જીત છે. સ્કોટલેન્ડે વર્ષ ૧૯૯૦ બાદ પ્રથમ વખત વર્લ્ડ કપમાં જીત મેળવી છે જ્યારે ૧૯૮૨ બાદ આ પ્રથમ વખત છે જેમાં વર્લ્ડ કપના પોતાના પ્રથમ મુકાબલામાં વિજય મેળવ્યો હોય. ૧૯૮૨માં સ્કોટલેન્ડે ન્યૂઝીલેન્ડને ૫-૨થી પરાજય આપ્યો હતો. આ ઉપરાંત ૧૯૯૮ બાદ સ્કોટલેન્ડની મેન્સ ટીમનો વર્લ્ડ કપમાં આ પ્રથમ મુકાબલો હતો. આ મેચમાં સ્કોટલેન્ડ તરફથી ૨૯મી મિનિટે જોન મેકિગને ગોલ કરી ટીમને ૧-૦ની લીડ અપાવી હતી જે મેચના અંત સુધી જાળવી રાખી સ્કોટલેન્ડે જીત મેળવી હતી. બીજી તરફ રેફરીના કેટલાક નિર્ણયોને કારણે પણ આ મેચ વિવાદિત રહ્યો હતો. મેચની ૭૩મી મિનિટે સ્કોટલેન્ડના ડિફેન્ડરના હાથે બોલ વાગ્યો હતો પરંતુ રેફરીએ પેનલ્ટી આપી નહોતી. આ ઉપરાંત ફર્સ્ટ હાફમાં કેની મેકલિને જોસુ કાસિમિરના ઘૂટણ પર ખતરનાક રીતે ટેકલ



કર્યું. તેને રેડ કાર્ડ મળી શકે તેમ હતું છતાં રેફરીએ આપ્યું નહોતું. જ્યારે મેચની ૭૯મી મિનિટે હૈતીના જીન રિકનર બેલેગાર્ડે કિક મારી જે બોલ બોક્સમાં સ્કોટલેન્ડના ડિફેન્ડરના હાથે લાગ્યો હતો. હૈતીના ખેલાડીઓએ જોરદાર અપીલ કરી છતાં રેફરીએ ધ્યાન આપ્યું નહોતું. આ ઉપરાંત વીએઆરએ પણ તેમાં દખલ કરી નહોતી.

# મહિલા ટી-20 વર્લ્ડ કપમાં ભારતનો કટ્ટર હરીફ પાકિસ્તાન સામે 64 રને વિજય....

**ભારતીય સ્પિન આક્રમણ સામે પાકિસ્તાનની બેટિંગ પત્તાના મહેલની જેમ વિખેરાઈ**

**બર્મિંઘમ, તા.15**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે સ્પીનર દીપ્તિ શર્માની ઘાતક બોલિંગના સહારે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૬૪ રને કારમો પરાજય આપી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપમાં વિજયી પ્રારંભ કર્યો હતો.



ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતાં ઓપનર સ્મૃતિ મંધાનાની અર્ધી સદી અને કેપ્ટન હરમનપ્રીતના ૩૬ રન તથા રીચા ઘોષની અંતિમ ઓવરોમાં આક્રમક બેટિંગની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટ ગુમાવી ૧૭૦ રન બનાવ્યા હતા જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ ૧૭ ઓવરમાં ૧૦૬ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતની સ્ટાર સ્પિનર દીપ્તિ શર્માએ ૪ ઓવરમાં માત્ર ૧૦ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી જ્યારે શ્રી ચારીણીએ ૩ વિકેટ ખેરવી હતી તો એક વિકેટ શેફાલી વર્માને મળી હતી. ૪ ઓવરમાં માત્ર ૧૦ રન આપી પાંચ વિકેટ ઝડપનારી દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. આ સાથે મહિલા ટી-૨૦ ઈન્ટરનેશલમાં દીપ્તિ શર્મા ૧૬૬ વિકેટ સાથે સૌથી વધુ વિકેટ ઝડપનાર ખેલાડી બની ગઈ છે. તેણે થાઈલેન્ડની થીપાચા પુથુવોંગના ૧૬૫ વિકેટના રેકોર્ડને તોડ્યો હતો.

# બ્રાઝિલ અને મોરક્કો વચ્ચે રોમાંચક મુકાબલો 1-1થી ડ્રો

**મોરક્કો તરફથી ઈસ્માઈલ સૈબારીએ જ્યારે બ્રાઝિલ તરફથી વિનીસિયસ જુનિયરે ગોલ કર્યા**

**ન્યૂજર્સી, તા.15**

ફૂટબોલ વર્લ્ડ કપના ગ્રુપ સીના મુકાબલામાં પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલ અને આફ્રિકન ચેમ્પિયન મોરક્કો વચ્ચે રમાયેલો રોમાંચક મુકાબલો ૧-૧થી ડ્રો રહ્યો હતો. આ સાથે બંને ટીમોને ૧-૧ પોઈન્ટ મળ્યા હતા.

મોરક્કોએ મેચની શરૂઆતથી જ આક્રમક રમત દર્શાવી બ્રાઝિલના ડિફેન્સ પર સતત દબાણ વધાર્યું હતું. દરમિયાન ૨૧મી મિનિટે બ્રાહિમ ડિયાઝના પાસ પર ઈસ્માઈલ સૈબારીએ ગોલ કરી મોરક્કોને ૧-૦થી લીડ અપાવી



હતી. જોકે, બ્રાઝિલે પણ મેચમાં વળતો પ્રહાર કરી સ્ટાર ફોરવર્ડ વિનીસિયસ જુનિયરે ૩૨મી મિનિટે ગોલ કરી ૧-૧ની બરાબરી કરી લીધી હતી.

સેકન્ડ હાફમાં બંને ટીમોએ મેચ જીતવા પૂરી તાકાત લગાવી હતી. જોકે, બ્રાઝિલે મોટાભાગે બોલ પરપોતાનું નિયંત્રણ બનાવ્યું અને સતત આક્રમણ કર્યા હતા. રાફિન્હાને ઘણી તક મળી પરંતુ મોરક્કોના ગોલકીપર બોનોએ શાનાદાર બચાવ કરતાં બ્રાઝિલને લીડ લેતાં અટકાવી હતી.

મોરક્કોએ પણ આક્રમક રમત દર્શાવી હતી પરંતુ બ્રાઝિલના ગોલકીપર એલિસન બેકરે મોરક્કોને ગોલ કરતાં રોક્યા હતા. મેચની અંતિમ ક્ષણોમાં મોરક્કો જીતની નજીક પહોંચી ગયું હતું પરંતુ એલિસને શાનદાર ડબલ સેવ કરી બ્રાઝિલને હારથી બચાવી લીધું હતું. જ્યારે બોનોએ પણ રાફિન્હાના બે પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા. આમ, બંને ગોલકીપરોના શાનદાર પ્રદર્શનથી મેચ ૧-૧ની બરાબરી પર રહી હતી. આ ડ્રો સાથે બ્રાઝિલ વર્ષ ૧૯૩૪ બાદ અત્યાર સુધી ફિફા વર્લ્ડ કપમાં પોતાની પ્રથમ મેચ ન હારવાનો રેકોર્ડ જાળવી રાખ્યો હતો.

# 'કુમકુમ ભાગ્ય' એક્ટ્રેસ Sanchita Ugaleનો આપઘાત, મુંબઈમાં ઘરમાંથી મળ્યો મૃતદેહ....

**ટીવી જગતમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. પ્રખ્યાત અભિનેત્રી સંચિતા ઉગલે (30 વર્ષ)એ 14 જૂનના રોજ મુંબઈમાં આત્મહત્યા કરી છે. આ સમાચારથી ચાહકો અને સેલિબ્રિટી બંને ચોંકી ગયા હતા. સંચિતાના આત્યંતિક પગલા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી**

**મુંબઈ, તા.15**

લોકપ્રિય ટીવી અભિનેત્રી સંચિતા ઉગલેનું 30 વર્ષની વયે અવસાન થયું છે. તેમનો મૃતદેહ મુંબઈના નાલાસોપારા સ્થિત તેમના ઘરમાં લટકતો મળી આવ્યો હતો. આ ઘટના રવિવારે સાંજે 6:30 થી 7:30 વાગ્યાની વચ્ચે બની હોવાનું કહેવાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સંચિતા તેના માતાપિતા અને 15 વર્ષની બહેન સાથે નાલાસોપારા પૂર્વના અચોલે ગામમાં રહેતી હતી. રવિવારે સાંજે ઘરે એકલી હતી ત્યારે આપઘાત કર્યો હોવાનું કહેવાય છે.

પરિવાર તાત્કાલિક અભિનેત્રીને મ્યુનિસિપલ કોર્પોરેશનની તુલિંજ હોસ્પિટલમાં લઈ ગયો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.



ત્યારબાદ પરિવારના સભ્યોએ પોલીસને જાણ કરી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃત્યુના કારણની તપાસ શરૂ કરી. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. પોલીસે અકસ્માત મૃત્યુ રિપોર્ટ નોંધ્યો છે અને તપાસ કરી રહી છે. ઘટનાસ્થળે કોઈ સુસાઈડ નોટ મળી નથી. અભિનેત્રી સંચિતા ઉગલે ફિલ્મોમાં પણ જોવા મળી છે. તેણે ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'માં સુકૂનની ભૂમિકા ભજવી હતી. તેણે 'છાવા' ફિલ્મમાં તારાબાઈની ભૂમિકા પણ ભજવી હતી. તે 'કુમકુમ ભાગ્ય' અને 'વાગલે કી દુનિયા' જેવી લોકપ્રિય સિરિયલોમાં પણ જોવા મળી હતી.

# 'સ્પાઇડર-મેન : બ્રાન્ડ ન્યૂ ડે' નો નવો કૂદકો ભારતમાં એક દિવસ વહેલું આગમન

■ **ટોમ હોલેન્ડની ફિલ્મ 'સ્પાઇડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' દુનિયાભરના લોકો કરતા એક દિવસ પહેલાં ભારતમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે**

**મુંબઈ, તા.15**

ટોમ હોલેન્ડના ભારતીય ચાહકો માટે રોમાંચક સમાચાર આવ્યા છે. જેની દર્શકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, તે માર્વેલ સિનેમેટિક યુનિવર્સ (MCU) ફિલ્મ 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' તેના વૈશ્વિક રિલીઝના એક દિવસ પહેલા ભારતમાં સિનેમાઘરોમાં આવશે.

જ્યારે આ ફિલ્મ 31 જુલાઈ, 2026 ના રોજ વિશ્વભરમાં રિલીઝ થશે, ત્યારે ભારતીય દર્શકો ગુરુવાર, 30 જુલાઈ, 2026 થી તેનો આનંદ માણી શકશે. સોની પિક્ચર્સ ઈન્ડિયાએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટર શેર કરીને આ વાતની પુષ્ટિ કરી છે. ઈન્સ્ટાગ્રામ પર ઈન્ડિયા રિલીઝ ડેટ પોસ્ટર શેર કરતા, સોની પિક્ચર્સ ઈન્ડિયાએ લખ્યું, "ભારત, પહેલા



સ્વિંગ કરવા માટે તૈયાર થઈ જાઓ! ★SpiderManBrandNewDay 30 જુલાઈ, 2026 ના રોજ એક દિવસ વહેલી સિનેમાઘરોમાં આવી રહી છે. આ ફિલ્મ અંગ્રેજી ઉપરાંત હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષામાં ડબિંગ સાથે ભારતમાં રજૂઆત પામશે. સ્પાઈડરના ઈતિહાસમાં પહેલી વાર ટિકિટ ફક્ત એક અઠવાડિયામાં વેચાણ માટે ઉપલબ્ધ થશે." સોશિયલ મીડિયા યુઝર્સે 'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' ના વહેલા રિલીઝ પર પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો છે.

'સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' એ સ્પાઈડર-મેન શ્રેણીની ચોથી ફિલ્મ છે જે હિટ માર્વેલ સિનેમેટિક યુનિવર્સમાં સેટ છે. તે માર્વેલ સ્ટુડિયો અને સોની પિક્ચર્સ ટેલિવિઝન દ્વારા નિર્મિત છે અને તેને અવી અરાડ, લુઈસ ડી'એસ્પોસિટો, કેવિન ફીજ, રશેલ ઓ'કોનોર અને એમી પાસ્કલ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. ફિલ્મનું સંગીત માઈકલ ગિયાચિનો દ્વારા રચિત છે, અને સિનેમેટોગ્રાફી બ્રેટ પાવલેક દ્વારા કરવામાં આવી છે.

સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે ફિલ્મમાં, ટોમ હોલેન્ડનું પાત્ર, પીટર પાર્કર, મદદ માટે માર્ક રફાલોના બ્રુસ બેનર સાથે જોડાય છે અને જોન બર્નથલના પનિશર સાથે પણ ફરી જોડાય છે. ગયા માર્ચ મહિનામાં રિલીઝ થયેલા ટ્રેલરમાં તે ડીએનએ પરિવર્તનનો સામનો કરતો દેખાય છે. ચાહકોને ટોમ હોલેન્ડના વાસ્તવિક જીવનસાથી, ઝેન્ડાયાની ઝલક પણ મળી છે.

# હોરર ફિલ્મ 'ઓબ્સેશન'નો દુનિયાભરમાં ધમાકો : 6 કરોડના બજેટ સામે 1900 કરોડની કમાણી!!

**મુંબઈ, તા.15**

મનોવૈજ્ઞાનિક હોરર ફિલ્મ "ઓબ્સેશન" આજકાલ દુનિયાભરમાં ચર્ચા જગાડી રહી છે. વ્યક્તિઓથી લઈને સેલિબ્રિટી સુધી દરેક વ્યક્તિએ આ ફિલ્મ વિશે વાત કરી રહ્યા છે.9 કરોડના બજેટ સાથે 1400 કરોડની કમાણી કરીને ઓબ્સેશને હિટ ફિલ્મોના રેકોર્ડ તોડી નાખ્યા છે, ટિકિટો હોટ કેકની જેમ વેચાય છે. આજકાલ, હોલિવૂડમાં એક અનોખો ક્રેઝ ચાલી રહ્યો છે. ફક્ત 9 કરોડમાં બનેલી, કરી બાર્કર દ્વારા દિગ્દર્શિત "ઓબ્સેશન" એ પહેલેથી જ ઘણા ઐતિહાસિક રેકોર્ડ સર્જ્યા છે.

"ઓબ્સેશન" એ હોલિવૂડમાં તોફાન મચાવી દીધું છે, મુખ્ય ફિલ્મ સ્ટુડિયો અને સુપરસ્ટાર્સનું ધ્યાન ખેંચ્યું છે. જ્યારે તે દર્શકો માટે મનોરંજક છે, ત્યારે ફક્ત 9 કરોડમાં બનેલી આ ફિલ્મે રિલીઝના માત્ર ચાર અઠવાડિયામાં વિશ્વભરમાં 1400 કરોડની કમાણી કરી છે.

અમેરિકન મનોવૈજ્ઞાનિક હોરર ફિલ્મ "ઓબ્સેશન" ઓનલાઈન ટ્રેન્ડ કરી રહી છે, અને તેની મુખ્ય અભિનેત્રી, ઈન્દે નવરેટ, ફિલ્મની સૌથી વધુ ચર્ચિત વ્યક્તિઓમાંની એક બની ગઈ છે. તેના અભિનયની ટીકાકારો અને વિવેચકો બંને દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. ફિલ્મની સફળતા વચ્ચે, ફિલ્મ નિર્માતા શુભમ સંજય શેવડેએ તાજેતરમાં તેમની ટૂંકી ફિલ્મ "ક્રોસવર્ડ્સ ટુગેધર" ની યાદ તાજી કરી છે અને નવરેટ "ઓબ્સેશન" નો ચહેરો બન્યા તે પહેલાંના વર્ષોની વાતો તાજી કરી છે.

ઈન્સ્ટાગ્રામ પર પ્રોજેક્ટના



પડદા પાછળના ફોટા શેર કરતાંશેવડેએ લખ્યું છે કે, "8 વર્ષ પહેલાં, મેં એક ટૂંકી ફિલ્મ - ક્રોસ વર્ડ્સ ટુગેધર - દિગ્દર્શિત કરી હતી અને @indenavarretteસાથે કામ કરવાનો લહાવો મળ્યો હતો. આજે આ પડદા પાછળના ફોટા જોતાં, તે કેટલી મોટી થઈ ગઈ છે તે આશ્ચર્યજનક છે. ઓબ્સેશનમાં તેના અભિનયથી દુનિયા પાગલ થઈ ગઈ તે પહેલાં, મને એક રોમેન્ટિક શોર્ટ ફિલ્મમાં તેનું દિગ્દર્શન કરતી વખતે તેની પ્રતિભા જોવાનો લહાવો મળ્યો હતો... તેણીને તે માન્યતા મળતી જોઈને ખૂબ જ આનંદ થાય છે જે તેણીને લાયક છે." ઈન્દે નવરેટે ભારતીય દિગ્દર્શક સાથે કામ કર્યું

શેવડેએ ફિલ્મ નિર્માણ દરમિયાન નવરેટે સાથે કામ કરવાના તેમના અનુભવ વિશે IFP વર્લ્ડ સાથે પણ વાત કરી. તેમણે સમજાવ્યું, "આ ઘટના 2018 માં લોસ એન્જલસમાં મારી થીસીસ ફિલ્મ 'ક્રોસ વર્ડ્સ ટુગેધર' દરમિયાન બની હતી, જે SAG પ્રોજેક્ટ હતો. તે સમયે, ઈન્ડેને SAG માટે ક્વોલિફાય થવા માટે બીજા પ્રોજેક્ટની જરૂર હતી, અને તેણે મુખ્ય ભૂમિકાઓમાંથી એક માટે ઓડિશન આપ્યું હતું.

'ઓબ્સેશન' પહેલા ઈન્ડેની ટૂંકી ફિલ્મ તેમણે આગળ કહ્યું, "અમારી ફિલ્મ જીવનના વિવિધ તબક્કામાં ત્રણ મહિલાઓની વાર્તા કહે છે: એક કિશોરી, એક ગર્ભવતી સ્ત્રી અને એક વૃદ્ધ સ્ત્રી. ઈન્ડે કિશોરીની ભૂમિકા ભજવી હતી, એક યુવાન છોકરી જે હજુ પણ પ્રેમને સમજવાનો પ્રયાસ કરી રહી છે. આ ભૂમિકા માટે એક અનોખી નિર્દોષતા અને ભાવનાત્મક પ્રામાણિકતાની જરૂર હતી, અને આ એવી વસ્તુ હતી જે તેણી કુદરતી રીતે સ્ક્રીન પર લાવી."

કેરી બાર્કર દ્વારા લખાયેલ, દિગ્દર્શિત અને સંપાદિત, "ઓબ્સેશન" એક અલૌકિક હોરર ફિલ્મ છે જે બેર નામના મ્યુઝિક સ્ટોર કર્મચારીની વાર્તા કહે છે, જેનું પાત્ર માઈકલ જોહ્નસ્ટન ભજવે છે. આજ સુધી, આ ફિલ્મે $1 મિલિયનથી ઓછા બજેટમાં બનેલી હોવા છતાં $17 મિલિયનથી વધુની કમાણી કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેણે 'ધુરંધર 2'નો રેકોર્ડ સરળતાથી તોડી નાખ્યો છે.

# જથ્થાબંધ મોંઘવારી 43 મહિનામાં સૌથી વધુ

## મે મહિનામાં તે 9.68% પર પહોંચી, રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ અને ઇંધણ મોંઘા થયા

**નવી દિલ્હી, તા.15**

દેશમાં સામાન્ય નાગરિકોના ખિસ્સા પર મોંઘવારીનો બોજ સતત વધી રહ્યો છે અને આ બાબતની પુષ્ટિ કરતા આંકડા આજે સત્તાવાર રીતે સામે આવ્યા છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા આજે એટલે કે ૧૫ જૂનના રોજ જાહેર કરવામાં આવેલા અહેવાલ અનુસાર, મે મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) વધીને ૯.૬૮% ની ચિંતાજનક સપાટી પર પહોંચી ગયો છે. આ પહેલાના મહિનામાં એટલે કે એપ્રિલમાં આ દર ૮.૩૦% પર નોંધાયો હતો, જે દર્શાવે છે કે એક જ મહિનામાં જથ્થાબંધ ભાવોમાં મોટો ઉછાળો આવ્યો છે. ચિંતાની વાત એ છે કે મે મહિનામાં જોવા મળેલો મોંઘવારીનો આ દર છેલ્લા ૪૩ મહિનામાં સૌથી વધુ છે. આ અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૨ના સમયગાળા દરમિયાન જથ્થાબંધ મોંઘવારીનો આંકડો ૧૦.૭૦% ના સ્તરે પહોંચ્યો હતો અને હવે બજાર ફરીથી એ જ દિશામાં આગળ વધી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.



આ પ્રકારે જથ્થાબંધ મોંઘવારીમાં અચાનક તીવ્ર વધારો થવા પાછળનું મુખ્ય કારણ રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ તેમજ ઈંધણ અને વીજળીના ભાવોમાં થયેલો અવિરત વધારો છે. આ આર્થિક દબાણ એવા સમયે દેશ પર આવી પડ્યું છે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચે ભૂરાજકીય તણાવ ખૂબ જ વધેલો છે. આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે જો વૈશ્વિક સ્તરે આ તણાવ લાંબા સમય સુધી ચાલશે અને પરિસ્થિતિ વધુ વણસશે, તો આંતરરાષ્ટ્રીય બજારમાં સપ્લાય ચેઈનને માઠી અસર થશે જેના કારણે આગામી દિવસોમાં મોંઘવારીનો ગ્રાફ હજુ પણ વધુ ઉપર જઈ શકે છે.

જથ્થાબંધ મોંઘવારીના માળખાને સમજવા માટે તેને મુખ્યત્વે ચાર મહત્ત્વના ભાગોમાં વહેંચવામાં આવે છે, જેમાં અલગ-અલગ ક્ષેત્રોને ચોક્કસ વેઈટેજ આપવામાં આવ્યું છે. આ ઈન્ડેક્સમાં પ્રાઈમરી આર્ટિકલ એટલે કે પ્રાથમિક ચીજવસ્તુઓનો હિસ્સો ૨૨.૬૨% જેટલો રાખવામાં આવ્યો છે, જ્યારે ફ્યુઅલ એન્ડ પાવર એટલે કે ઈંધણ અને ઊર્જા ક્ષેત્રનું વેઈટેજ ૧૩.૧૫% જેટલું નક્કી થયેલું છે. આ સમગ્ર માળખામાં સૌથી મોટો હિસ્સો મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સ એટલે કે કારખાનાઓમાં ઉત્પાદિત થતી ચીજવસ્તુઓનો છે, જેનું વેઈટેજ સૌથી વધુ ૬૪.૨૩% જેટલું થાય છે. આ ઉપરાંત જે પ્રાઈમરી આર્ટિકલ છે તેના પણ પેટા ચાર ભાગ પડે છે, જેમાં પ્રથમ ભાગમાં અનાજ, ઘઉં અને લીલા શાકભાજી જેવા તમામ ખાદ્ય પદાર્થોનો સમાવેશ થાય છે, બીજા ભાગમાં બિન-ખાદ્ય પદાર્થો જેવા કે વિવિધ તેલીબિયાં આવે છે, ત્રીજા ભાગમાં દેશના મહત્વના ખનિજોનો સમાવેશ થાય છે અને ચોથા ભાગમાં ક્રૂડ પેટ્રોલિયમ એટલે કે કાચા તેલનો સમાવેશ કરવામાં આવે છે. જથ્થાબંધ બજારની સાથે સાથે સામાન્ય ગ્રાહકોને સીધી અસર કરતી છૂટક મોંઘવારીના મોરચેથી પણ બહુ સારા સમાચાર નથી આવ્યા. મે મહિના દરમિયાન દેશમાં છૂટક મોંઘવારી દર એટલે કે રિટેલ ઈન્ફ્લેશન પણ વધીને ૩.૯૩% ના સ્તરે પહોંચી ગયું છે, જે આની અગાઉના એપ્રિલ મહિનામાં ૩.૪૮% ના સ્તર પર સ્થિર હતું. છેલ્લા ૫ મહિનાના સમયગાળામાં આ પહેલી એવી ઘટના છે જ્યારે દેશની છૂટક મોંઘવારી ભારતીય રિઝર્વ બેંક એટલે કે આરબીઆઈ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા ૪% ના મહત્તમ લક્ષ્યાંકની આટલી બધી નજીક પહોંચી ગઈ છે, જે આવનારા સમય માટે એક મોટો ચેતવણીરૂપ સંકેત છે. હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સમાં થતો વધારો ભલે વેપારીઓ સાથે જોડાયેલો હોય, પરંતુ લાંબા ગાળે સામાન્ય માણસના જીવન પર તેની અત્યંત માઠી અને વ્યાપક અસર પડે છે. જો જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી સતત ઊંચા સ્તરે જળવાઈ રહે, તો દેશના મોટાભાગના ઉત્પાદક અને ઔદ્યોગિક ક્ષેત્રો પર તેની ખૂબ જ ખરાબ અસર પડવા લાગે છે કારણ કે તેમનો ઉત્પાદન ખર્ચ વધી જાય છે. જ્યારે ઉત્પાદકો માટે આ ખર્ચ સહન કરવો અશક્ય બની જાય છે, ત્યારે તેઓ આ વધારાનો તમામ આર્થિક બોજ આખરે ગ્રાહકો પર નાખી દે છે અને વસ્તુઓના ભાવ વધારી દે છે. આવી પરિસ્થિતિમાં સરકાર પાસે જથ્થાબંધ મોંઘવારીને નિયંત્રિત કરવા માટે ફક્ત ટેક્સના દરોમાં ફેરફાર કરવાનો જ એકમાત્ર આશારો બચે છે.

# પેટ્રોલ-ડીઝલ સસ્તા થશે? અમેરિકા-ઈરાન વચ્ચે 'ડીલ' બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં કડાકો

## રિપોર્ટ અનુસાર- 2030 સુધીમાં નોન-મેટ્રો શહેરો કુલ વપરાશમાં 50% થી વધુ યોગદાન આપશે

**નવી દિલ્હી, તા.15**

વૈશ્વિક રાજકારણ અને આંતરરાષ્ટ્રીય અર્થતંત્રના મોરચેથી એક બહુ જ મોટા અને રાહત આપનારા સમાચાર સામે આવી રહ્યા છે, જેની અસર સમગ્ર દુનિયા પર જોવા મળશે. અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલા ભારે તણાવ અને વિવાદ બાદ આખરે એક વ્યાપક તેમજ ઐતિહાસિક શાંતિ સમજૂતી પર બંને દેશો વચ્ચે સત્તાવાર સહમતિ સધાઈ ગઈ છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ડીલની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આ જાહેરાતની સાથે જ તેમણે વૈશ્વિક વ્યાપાર માટે સૌથી સંવેદનશીલ ગણાતા હોર્મુઝ સ્ટ્રેટ પરથી અમેરિકન નૌસેનાની તમામ પ્રકારની ઘેરાબંધી અને નાકાબંધીને તાત્કાલિક અસરથી હટાવી લેવાની પણ મંજૂરી આપી દીધી છે. દુનિયાભરના દેશો માટે ઉર્જા સુરક્ષાની દ્રષ્ટિએ સૌથી મહત્વપૂર્ણ ગણાતો આ દરિયાઈ માર્ગ ફરીથી ખૂલવાના સમાચાર વહેતા થતાં જ વૈશ્વિક બજારમાં તેની જોરદાર પ્રતિક્રિયા જોવા મળી છે. સોમવારના રોજ શરૂઆતી કારોબાર દરમિયાન જ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઇલ એટલે કે કાચા તેલના ભાવોમાં એકાએક મોટો કડાકો બોલાયો છે અને ભાવો ક્રેશ થઈ ગયા છે.



અમેરિકા અને ઈરાન વચ્ચેના આ શાંતિ કરાર પર અંતિમ મહોર વાગવાની સાથે જ વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના વાયદા બજારમાં રોકાણકારોએ રાહતનો શ્વાસ લીધો છે અને તેના કારણે કિંમતોમાં ભારે ઘટાડો નોંધાવા લાગ્યો છે. સોમવારે બજાર ખુલતાની સાથે જ શરૂઆતી ટ્રેડિંગ સેશનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે બેન્ચમાર્ક ગણાતા બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૪% જેટલો મોટો ગગડીને પ્રતિ બેરલ ૮૩ ડોલરની સપાટી પર આવી ગયો છે. કાચા તેલના ભાવોમાં આ ઘટાડો માત્ર બ્રેન્ટ ક્રૂડ પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ અમેરિકાના વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિએટ એટલે કે ડબ્લ્યુટીઆઈ ક્રૂડના ભાવોમાં પણ ૪.૬% થી વધુનો પ્રચંડ કડાકો જોવા મળ્યો છે અને તેની કિંમત હવે પ્રતિ બેરલ ૮૦ ડોલરની એકદમ નજીક પહોંચી ગઈ છે. આ સિવાય એશિયન અને અન્ય બજારો માટે મહત્વનું ગણાતું મુરબાન ક્રૂડ પણ આંતરરાષ્ટ્રીય બજારમાં તૂટીને ૮૩ ડોલર પ્રતિ બેરલના સ્તર પર ટ્રેડ કરતું જોવા મળ્યું હતું, જે બજારમાં તેલની પુષ્કળ ઉપલબ્ધતાના સંકેતો આપે છે. આ ઐતિહાસિક સફળતા અંગે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ વૈશ્વિક સ્તરે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર આ મહત્વની ડીલ અંગે ભારે ખુશી વ્યક્ત કરતા સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન સાથેની આ શાંતિ ડીલ હવે સંપૂર્ણ રીતે પાકી થઈ ગઈ છે અને આ મોટી સફળતા બદલ તેઓ સૌને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવે છે. તેમણે આગળ ઉમેર્યું કે તેઓ આ કરારના માધ્યમથી હોર્મુઝ સ્ટ્રેટને કોઈપણ પ્રકારની રોકટોક વગર અને સંપૂર્ણપણે ટોલ-ફ્રી પદ્ધતિથી ફરીથી ખોલવાની મંજૂરી આપી રહ્યા છે.

# AI જાતે જ પોતાના નવા મોડેલ બનાવશે!: વૈજ્ઞાનિકોની ચિંતા- ક્યાંક મશીનોના નિર્ણયો પર માનવીય લગામ છૂટી ન જાય

**ન્યૂયોર્ક, તા.15**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI ટેક્નોલોજીની ક્ષમતાઓને લઈને અત્યાર સુધી સમગ્ર દુનિયામાં માત્ર એ જ સવાલ પૂછવામાં આવી રહ્યો હતો કે તે મનુષ્યો દ્વારા અપાતા કામોને કેટલી ઝડપથી અને સચોટતાથી પૂરા કરી શકે છે. પરંતુ હવે આ ટેક્નોલોજી જે દિશામાં આગળ વધી રહી છે તે જોતાં વૈજ્ઞાનિકોની ચિંતા આનાથી પણ ઘણી આગળ વધી ચૂકી છે. આજના સમયમાં વિશ્વભરના અગ્રણી ટેક નિષ્ણાતો એવો ગંભીર પ્રશ્ન પૂછી રહ્યા છે કે જો ભવિષ્યમાં AI પોતાની આગામી પેઢીના મોડેલ્સ સંપૂર્ણપણે પોતે જ આપમેળે બનાવવા લાગશે, તો શું મનુષ્યો તેને પોતાના નિયંત્રણમાં રાખી શકશે ખરા.



આ વિષયની ગંભીરતાને રેખાંકિત કરતા તાજેતરમાં જ જાણીતી AI કંપની એન્થ્રોપિક દ્વારા એક મોટું નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં તેમણે સ્પષ્ટ આશંકા વ્યક્ત કરી છે કે ભવિષ્યના જોખમોથી બચવા માટે ફ્રન્ટિયર AI ડેવલપમેન્ટની ગતિને ધીમી કરવાનો અથવા તો તેના પર અસ્થાયી રૂપે સંપૂર્ણ પ્રતિબંધ કે રોક લગાવવાનો મજબૂત વિકલ્પ વૈશ્વિક સ્તરે હોવો જ જોઈએ. આ કંપની દ્વારા જાહેર કરાયેલા આશ્ચર્યજનક આંકડા અનુસાર, મે ૨૦૨૬ ના મહિનામાં તેમની લેબોરેટરીમાં પ્રકાશિત કરવામાં આવેલા સોર્સ કોડનો ૮૦% થી પણ વધુ ભાગ કોઈ માણસે નહીં પરંતુ ખુદ AI સિસ્ટમે પોતે લખ્યો હતો. એન્થ્રોપિક કંપનીના સહ-સ્થાપક જેક ક્લાર્ક આ બાબતે એવું ચોંકાવનારું અનુમાન લગાવી રહ્યા છે કે વર્ષ ૨૦૨૮ સુધીમાં દુનિયામાં એવી અતિ-આધુનિક સિસ્ટમ અસ્તિત્વમાં આવી જશે, જે કોઈપણ પ્રકારની માનવીય મદદ કે દખલગીરી વિના પોતાનું જ એક તદ્દન નવું અને સુધારેલું સંસ્કરણ એટલે કે વર્ઝન જાતે જ તૈયાર કરી શકશે. વિજ્ઞાન અને ટેક્નોલોજીની ભાષામાં આ પ્રક્રિયાને 'રિકર્સિવ સેલ્ફ ઈમ્પ્રૂવમેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે, જેનો સરળ અર્થ એ થાય છે કે AI નું એક મોડેલ પોતાનાથી વધુ સ્માર્ટ એવા બીજા મોડેલને જન્મ આપશે, ત્યારબાદ તે બીજું મોડેલ ત્રીજાને બનાવશે અને ત્રીજું મોડેલ ચોથાને તૈયાર કરશે. આ સાંકળમાં બનનારું દરેક નવું મોડેલ તેના પુરોગામી મોડેલ કરતાં બુદ્ધિ અને ક્ષમતાની બાબતમાં ઘણું વધારે શક્તિશાળી અને સક્ષમ સાબિત થશે. આ અત્યંત ઝડપી વિકાસ પર ચિંતા વ્યક્ત કરતાં વિશ્વ પ્રસિદ્ધ સંસ્થા એમઆઈટી (MIT) ના ભૌતિકશાસ્ત્રી અને AI સુરક્ષા બાબતોના નિષ્ણાત મેક્સ ટેગમાર્કે એક મોટી ચેતવણી આપી છે. તેમનું કહેવું છે કે જો અત્યારથી જ આ ટેક્નોલોજીના વિકાસની અનિયંત્રિત ગતિ પર કડક નજર રાખવામાં નહીં આવે અથવા તો યોગ્ય વૈશ્વિક નિયમો બનાવવામાં નહીં આવે, તો ટૂંક સમયમાં જ AI કોઈપણ મહત્વના વિષય પર નિર્ણય લેવાની અને જટિલ સમસ્યાઓ ઉકેલવાની બાબતમાં મનુષ્યો કરતાં ઘણી આગળ નીકળી જશે. જો આવી પરિસ્થિતિનું નિર્માણ થશે તો દુનિયાભરની સરકારો, મોટી કોર્પોરેટ કંપનીઓ અને દેશની અતિ મહત્વપૂર્ણ સંસ્થાઓના સંચાલનમાં માનવીય ભૂમિકા એકદમ નબળી પડી જશે અને વહીવટ મશીનોના હાથમાં જતો રહેશે. અહીં નોંધવું રહ્યું કે થોડા વર્ષો પહેલા સુધી AI માત્ર માણસો દ્વારા આપવામાં આવતા ચોક્કસ નિર્દેશો અને કમાન્ડનું આંધળું પાલન કરતું હતું.

# ઈરાન-અમેરિકા વચ્ચે સમજૂતીના સમાચારોથી શેરબજારમાં તેજી

## સેન્સેક્સ 736 અંક વધીને 76,264 પર બંધ, ઓટો અને બેન્કિંગ શેરોમાં ખરીદી

**મુંબઈ, તા.15**

ઈરાન અને અમેરિકા વચ્ચે સંભવિત શાંતિ કરાર થવાના જે સકારાત્મક સમાચાર સામે આવ્યા છે તેના કારણે આજે શેરબજારમાં જબરદસ્ત રોનક જોવા મળી છે. લાંબા સમયથી ચાલી રહેલી વૈશ્વિક ચિંતાઓ વચ્ચે આ આશાસ્પદ અહેવાલે રોકાણકારોમાં નવો ઉત્સાહ ફૂંક્યો છે અને તેના સીધા પરિણામે સ્થાનિક શેરબજાર આજે એટલે કે ૧૫ જૂનના રોજ મોટા ઉછાળા સાથે બંધ થયું છે. દિવસભર બજારમાં ખરીદીનો માહોલ જામ્યો હતો, જેના કારણે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ ૭૩૬ પોઈન્ટના તોતિંગ વધારા સાથે ૭૬,૨૬૪ ના મજબૂત સ્તર પર બંધ થવામાં સફળ રહ્યો છે. સેન્સેક્સની સાથે સાથે નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી પણ પાછળ રહ્યો નથી અને તેમાં ૨૩૧ પોઈન્ટનો મોટો ઉછાળો નોંધાયો છે, જેના કારણે તે ૨૩,૮૫૩ ના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો છે. બજારના આજના આ નફામાં સૌથી મોટો ફાળો ઓટોમોબાઈલ ક્ષેત્ર, બેન્કિંગ ક્ષેત્ર અને રિયલ્ટી ક્ષેત્રના શેરોનો રહ્યો છે, જ્યાં રોકાણકારોએ આજે સૌથી વધુ રસ દાખવીને ભારે ખરીદી કરી છે.

બીજી તરફ, આ શાંતિ કરારની અસરો માત્ર શેરબજાર પૂરતી મર્યાદિત નથી રહી પરંતુ તેની સીધી અસર આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના બજાર પર પણ જોવા મળી છે. હોર્મુઝ સ્ટ્રેટ એટલે કે હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવાના અહેવાલો વહેતા થતાં જ વૈશ્વિક બજારમાં કાચા તેલના પુરવઠાને લઈને ઊભી થયેલી ચિંતાઓ હળવી થઈ ગઈ છે. આ સકારાત્મક બદલાવને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં આજે એક જ દિવસમાં ૪% નો મોટો ઘટાડો નોંધાયો છે અને તે ઘટીને પ્રતિ બેરલ ૮૩ ડોલરની સપાટી પર આવી ગયો છે, જે ભારતીય અર્થતંત્ર માટે રાહતના મોટા સમાચાર કહી શકાય.

વૈશ્વિક મોરચે નજર કરીએ તો આજે માત્ર ભારત જ નહીં પરંતુ તમામ એશિયન બજારોમાં પણ જોરદાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો. સાઉથ કોરિયાનો મુખ્ય ઈન્ડેક્સ કોસ્પી ૪૩૪ પોઈન્ટના વધારા સાથે એટલે કે ૫.૩૦% ના મજબૂત ઉછાળા સાથે ૮૫૧૬ ના લેવલ પર બંધ થયો હતો. જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં તો જાણે હોબાળો મચી ગયો હોય તેમ તેમાં ૩૫૯૭ પોઈન્ટનો પ્રચંડ



વધારો થયો હતો જે ૫.૪૧% નો ઉછાળો દર્શાવે છે અને તે ૬૯૫૯૪ ના સ્તરે બંધ રહ્યો હતો. આ સાથે હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં પણ ૧૧૬ પોઈન્ટ એટલે કે ૦.૪૪% નો સામાન્ય સુધારો જોવા મળ્યો હતો અને તે ૨૪૮portfolio૩૪ ના લેવલ પર પહોંચ્યો હતો. આ વૈશ્વિક તેજીની શરૂઆત વાસ્તવમાં ગયા શુક્રવારે અમેરિકી બજારોથી થઈ હતી, જ્યાં ડાઉ જોન્સ ૩૫૪ પોઈન્ટ અથવા ૦.૭૦% વધીને ૫૧૨૦૨ પર, નાસ્ડેક ૭૯ પોઈન્ટ અથવા ૦.૩૧% વધીને ૨૫૮૮૯ પર અને એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ ૩૭ પોઈન્ટ એટલે કે ૦.૫૦% ના વધારા સાથે ૭૪૩૧ ના સ્તરે બંધ રહીને સ્થાનિક બજારો માટે મજબૂત સંકેતો આપી ગયા હતા.

જોકે બજારમાં આટલી મોટી તેજી હોવા છતાં વિદેશી સંસ્થાગત રોકાણકારો એટલે કે એફઆઈઆઈ તરફથી સતત વેચવાલીનો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. આંકડાઓ અનુસાર વિદેશી રોકાણકારોએ છેલ્લા ૭ દિવસમાં ભારતીય બજારમાંથી ૯,૭૬૦ કરોડ રૂપિયાના શેર વેચી નાખ્યા છે અને જો છેલ્લા ૩૦ દિવસનો આંકડો જોઈએ તો આ વેચવાલી ૭૭,૭૩૮ કરોડ રૂપિયા જેટલી મોટી છે. આજે પણ વિદેશી રોકાણકારોએ બજારમાં ૧,૦૮૨ કરોડ રૂપિયાની નેટ વેચવાલી કરી હતી. પરંતુ આ વિદેશી વેચવાલી સામે સ્થાનિક સંસ્થાગત રોકાણકારો એટલે કે ડીઆઈઆઈ દીવાલ બનીને ઊભા રહ્યા છે. દેશી રોકાણકારોએ આજે બજારને સંપૂર્ણ ટેકો આપતાં ૫,૩૪૧ કરોડ રૂપિયાની ભારે ખરીદી કરી છે, જ્યારે છેલ્લા ૭ દિવસમાં તેમનું કુલ રોકાણ ૧૮,૮૪૯ કરોડ રૂપિયા અને છેલ્લા ૩૦ દિવસમાં તો ૧,૦૦,૬૯૯.૧ કરોડ રૂપિયા જેટલું જંગી રહ્યું છે, જેના કારણે બજાર વિદેશી વેચવાલીના દબાણ છતાં તૂટવાને બદલે સતત આગળ વધી રહ્યું છે.

અહીં એ પણ નોંધવું જરૂરી છે કે બજારમાં તેજીનો આ સિલસિલો અગાઉના ટ્રેડિંગ સેશનથી જ શરૂ થઈ ગયો હતો. આ પહેલા શુક્રવારે એટલે કે ૧૨ જૂનના રોજ પણ ભારતીય શેરબજારમાં રોકાણકારો ભારે ઉત્સાહમાં હતા. તે દિવસે પણ સેન્સેક્સમાં ૧,૬૯post૫ અંકનો મોટો ઉછાળો આવ્યો હતો અને તે ૭૫,૫૨૭ ના સ્તર પર બંધ થયો હતો. તેની સાથે જ નિફ્ટીમાં પણ શુક્રવારે ૪૬૧ અંકની જોરદાર તેજી નોંધાઈ હતી અને તે ૨૩,૬૨૨ ના મજબૂત સ્તર પર બંધ રહેવામાં સફળ રહ્યો હતો. આમ, સતત બે ટ્રેડિંગ સેશનથી બજાર નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું છે જે રોકાણકારો માટે ખૂબ જ પ્રોત્સાહક બાબત છે.

# ચાંદી ₹8,429 વધીને ₹2.51 લાખ પર પહોંચી: આ વર્ષે કિંમત ₹21 હજાર વધી, સોનું 2,369 મોંઘું થઈને ₹1.50 લાખ/10gm થયું

**નવી દિલ્હી, તા.15**

આંતરરાષ્ટ્રીય સ્તરે બદલાતા રાજદ્વારી સમીકરણોની સીધી અસર ભારતીય બજારો પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે, જેના કારણે સોના અને ચાંદીના ભાવમાં ૧૫ જૂનના રોજ એક મોટો ઉછાળો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે આઈબીજેએ (IBJA) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર, કિંમતી ધાતુઓના બજારમાં આજે ભારે લેવાલી જોવા મળી હતી. આ તેજીના કારણે એક કિલો ચાંદીના ભાવમાં રૂપિયા ૮,૪૨૯ નો જંગી વધારો ઝીંકાયો છે અને તે વધીને હવે ૨.૫૧ લાખ રૂપિયાની સપાટી પર પહોંચી ગઈ છે. આ જબરદસ્ત વધારા પહેલા ચાંદીની કિંમત પ્રતિ કિલો ૨.૪૩ લાખ રૂપિયાના સ્તરે ટ્રેડ થઈ રહી હતી. ચાંદીની સાથે સાથે સોનાના ભાવોએ પણ આસમાન આંબ્યું છે, જેમાં ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમતમાં રૂપિયા ૨,૩૬૯ નો મોટો વધારો થયો છે અને આ ઉછાળા સાથે શુદ્ધ સોનું હવે ૧.૫૦ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ઐતિહાસિક સ્તર પર પહોંચી ગયું છે.

બજારના નિષ્ણાતોના મતે સોના અને ચાંદીની કિંમતોમાં આવેલી આ અચાનક તેજી પાછળનું મુખ્ય કારણ અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલી શાંતિ વાટાઘાટોના સકારાત્મક અહેવાલો છે. આ વૈશ્વિક ઘટનાક્રમને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ એટલે કે ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો ઘટાડો નોંધાયો છે, જેનાથી દુનિયાભરમાં મોંઘવારી વધવાનો ડર ઘણો ઓછો થઈ ગયો છે. આ સાથે જ વૈશ્વિક બજારમાં અમેરિકી ડોલર પણ નબળો પડ્યો છે. જ્યારે પણ ડોલર નબળો પડે છે અને મોંઘવારીની ચિંતા હળવી થાય છે, ત્યારે રોકાણકારો શેરબજાર કે અન્ય જોખમી સાધનોને બદલે સુરક્ષિત રોકાણ ગણાતા સોના અને ચાંદી તરફ ઝડપથી પાછા ફરે છે અને આ જ નવેસરની ખરીદીના કારણે બજારમાં આટલી મોટી તેજી જોવા મળી રહી છે.



વર્ષ ૨૦૨૬ ની શરૂઆતથી જ સોના-ચાંદીની કિંમતોમાં સતત ભારે ઉતાર-ચઢાવનો દોર જોવા મળી રહ્યો છે, તેમ છતાં એકંદરે આ આખું વર્ષ રોકાણકારો માટે ભારે નફાકારક સાબિત થયું છે. ચાલુ વર્ષ ૨૦૨૬ માં અત્યાર સુધીના સમયગાળા દરમિયાન સોનું રૂપિયા ૧૭ હજાર જેટલું મોંઘું થઈ ચૂક્યું છે, જ્યારે ચાંદીના ભાવમાં રૂપિયા ૨૧ હજારનો મોટો વધારો નોંધાયો છે. આંકડાકીય સરખામણી કરીએ તો ગત વર્ષના અંતે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦ rally૫ ના રોજ બજારમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયાના સ્તરે બંધ રહ્યો હતો, જે ચાલુ વર્ષના ગણતરીના મહિનાઓમાં જ સતત વધીને હવે ૧.૫૦ લાખ રૂપિયા સુધી પહોંચી ગયો છે. તેવી જ રીતે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ બજારમાં પ્રતિ કિલો ચાંદીની કિંમત ૨.૩૦ લાખ રૂપિયા હતી, જે આજના ઉછાળા બાદ હવે ૨.૫૧ લાખ રૂપિયાના સ્તરને સ્પર્શી ગઈ છે.

ચાલુ વર્ષ દરમિયાન સોના અને ચાંદીની ચાલ પર નજર કરીએ તો દર મહિને તેમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ગયા વર્ષના અંતે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સોનું રૂપિયા ૧,૩૩,૧૯૫ અને ચાંદી રૂપિયા ૨,૩૦,૪૨૦ પર હતા. ત્યારબાદ વર્ષની શરૂઆતમાં ભારે તેજી આવતા ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સોનાનો ભાવ વધીને રૂપિયા ૧,૬canvas૭,૭૯૫ અને ચાંદીનો ભાવ રૂપિયા ૩,૩૯,૩૫૦ ના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. જોકે ફેબ્રુઆરી મહિનામાં બજાર થોડું શાંત પડ્યું અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સોનું રૂપિયા ૧,૫૦,૯૯૭ અને ચાંદી રૂપિયા ૨,૬૬,૭૦૦ પર આવી ગયા હતા. આ ઘટાડો માર્ચ મહિનામાં પણ ચાલુ રહ્યો અને ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ સોનાના ભાવ ઘટીને રૂપિયા ૧,૪૬,૭૩૩ તેમજ ચાંદીના ભાવ ઘટીને રૂપિયા ૨,૩૦,૧૩૫ ના નીચલા સ્તરે આવી ગયા હતા. એપ્રિલ મહિનાથી બજારે ફરી બેઠા થવાનું શરૂ કર્યું અને ૩૦ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સોનું રૂપિયા ૧,૫૦,૨૬૩ અને ચાંદી રૂપિયા ૨,૪૦,૩૩૧ પર પહોંચ્યા. આ તેજી મે મહિનામાં પણ આગળ વધી અને ૩૧ મે ૨૦૨૬ ના રોજ સોનાની કિંમત રૂપિયા ૧,૫૬,૪૬૩ અને ચાંદીની કિંમત રૂપિયા ૨,૬૩,૩૫૦ નોંધાઈ હતી, જે આજના દિવસે એટલે કે ૧૫ જૂન ૨૦૨૬ ના રોજ થોડા સુધારા સાથે સોનું રૂપિયા ૧,૫૦,૧૬૯ અને ચાંદી રૂપિયા ૨,૫૧,૦૧૧ પર ટ્રેડ થઈ રહ્યા છે.

આવી ભારે તેજીના માહોલમાં જ્યારે સામાન્ય ગ્રાહકો જ્વેલર્સ પાસેથી સોનાની ખરીદી કરવા જાય ત્યારે કેટલીક અત્યંત મહત્વની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બને છે. સૌપ્રથમ તો ગ્રાહકોએ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે બીઆઈએસ (BIS) નો અધિકૃત હોલમાર્ક લગાવેલું સર્ટિફાઇડ ગોલ્ડ ખરીદવાનો જ આગ્રહ રાખવો જોઈએ. આ હોલમાર્કિંગ નંબર એક ખાસ આલ્ફાન્યુમેરિક કોડના રૂપમાં હોય છે, જે ઉદાહરણ તરીકે AZ4524 જેવો દેખાઈ શકે છે અને તેનાથી સોનાની શુદ્ધતા તેમજ તે કેટલા કેરેટનું છે તેની ચોક્કસ માહિતી મળે છે. આ ઉપરાંત સોનું ખરીદતી વખતે તેની કિંમત અને વજનને બજારના સત્તાવાર સ્રોતો સાથે ક્રોસ ચેક કરવું ખૂબ જ અનિવાર્ય છે. ખરીદીના દિવસે સોનાનું સાચું વજન કેટલું છે અને તે દિવસે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ પર ભાવ શું ચાલી રહ્યો છે તેની ચકાસણી કરી લેવી જોઈએ, કારણ કે સોનાના ભાવ ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટની શુદ્ધતાના હિસાબે તદ્દન અલગ-અલગ હોય છે.

સોનાની જેમ જ બજારમાં નકલી ચાંદીની પણ ભારે હાજરી હોવાથી અસલી ચાંદીની સચોટ ઓળખ કરવા માટે ઘરે જ ચાર સરળ રીતો અપનાવી શકાય છે. પ્રથમ રીત મેગ્નેટ ટેસ્ટ છે, જેના દ્વારા જાણી શકાય છે કે અસલી ચાંદી ક્યારેય પણ ચુંબક તરફ આકર્ષાતી નથી કે તેની સાથે ચોંટતી નથી, તેથી જો તમારી ચાંદી ચુંબક સાથે ચોંટી જાય તો સમજી લેવું કે તે નકલી છે. બીજી રીત આઈસ ટેસ્ટ છે, જેમાં ચાંદીના દાગીના કે સિક્કા પર બરફનો ટુકડો મૂકવામાં આવે છે અને જો ચાંદી અસલી હશે તો તેના પર રાખેલો બરફ ખૂબ જ ઝડપથી પીગળવા લાગશે. ત્રીજી રીત સ્મેલ ટેસ્ટ છે, જે અંતર્ગત અસલી ચાંદીને સુંઘવાથી તેમાંથી કોઈ પણ પ્રકારની ગંધ આવતી નથી, જ્યારે નકલી ચાંદીમાંથી તાંબા એટલે કે કોપર જેવી તીવ્ર ગંધ આવે છે. ચોથી અને છેલ્લી રીત ક્લોથ ટેસ્ટ છે, જેમાં ચાંદીની વસ્તુને કોઈ પણ સાફ સફેદ કપડાથી જોરથી ઘસવામાં આવે છે અને જો ઘસવાના કારણે સફેદ કપડા પર કાળા રંગના નિશાન કે ડાઘ દેખાવા લાગે, તો તે ચાંદી સંપૂર્ણપણે અસલી હોવાની પાકી ઓળખ છે.

### ખેડૂતના ટ્રેક્ટર VS પોલીસનું JCB

# ભાજપ સરકાર સામે ધરતીપુત્રોએ હળ ઉગામ્યું, રેલીમાં ઘર્ષણ, એક ખેડૂતનો આપઘાતનો પ્રયાસ





**અમદાવાદ, તા.15**

ખેડૂતોના અધિકારો માટે આજે (15 જૂન) કોંગ્રેસે ટ્રેક્ટરો સાથે અમદાવાદના શાંતિપુરા ચોકડીથી ગાંધીનગર સુધી કિસાન અધિકાર યાત્રા યોજી હતી. આ રેલીમાં અંદાજે 20થી વધુ ખેડૂત સંગઠનો જોડાયા હતા. કોંગ્રેસે કુલ 5 માગણી સરકાર સમક્ષ મૂકી હતી.

કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજી દેસાઈ, પાલ આંબલિયા, જયેશ પટેલ, મહેશ રાજકોટીયા, પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ જિજ્ઞેશ મેવાણીએ યાત્રાનું સંકલન કર્યું હતું.

શાંતિપુરા ચોકડીથી રેલી ઓગણજ ખાતે આવેલા શતાબ્દી મહોત્સવ મેદાનમાં પહોંચતા હોબાળો થયો હતો. કોંગ્રેસની ટેક્ટર રેલીને ગાંધીનગર સુધી જવાની મંજૂરી નહીં હોવાથી પોલીસે રેલીને અટકાવતા મામલો બિચક્યો હતો. એક સમયે ખેડૂતના ટ્રેક્ટર VS પોલીસનું JCB જેવી સ્થિતિ સર્જાઈ હતી.

થોડા સમય માટે અમદાવાદ રિંગ રોડ રણમેદાનમાં પરિવર્તિત થઈ ગયો હતો. ખેડૂતોએ ટ્રેક્ટર લઈ ગાંધીનગર જવાની જીદ કરતા પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું.

પોલીસે ટ્રેક્ટર રેલીને અટકાવવા રોડ પર JCB આડું મૂકી દીધું તો ખેડૂતોએ પણ ટ્રેક્ટર આડા મૂકી રસ્તા બંધ કરી દીધા હતા. પરિસ્થિતિ એટલી તંગ બની હતી કે ઓગણજ ટોલ ટેક્સથી વૈષ્ણોદેવી સર્કલ તરફનો રિંગ રોડ વાહન વ્યવહાર માટે થોડા સમય માટે બંધ કરી દેવાયો હતો.

આ હોબાળા દરમિયાન ખેડૂતોમાં બે ભાગ પડી ગયા હતા. એક ભાગ ગાંધીનગર જવાની જીદમાં ટ્રેક્ટરથી ના જઈ શકતા ચાલતા ગાંધીનગર જવા નીકળી ગયો હતો. તો અન્ય ખેડૂતોને કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષ લાલજી દેસાઈ સમજાવી સભા સ્થળે લઈ ગયા હતા. આ દરમિયાન અન્ય ખેડૂતોએ હોબાળો કરતા કોંગ્રેસની સભાનો ફિયાસ્કો થઈ ગયો હતો. અમિત ચાવડા સભા કર્યા વગર જ નીકળી ગયા હતા તો પાલ આંબલિયા ખેડૂતોને સભામાં સંબોધન કરતા રડવા લાગ્યા હતા.

સભામાં 30 તારીખે દરેક જિલ્લામાં રસ્તાઓ રોકીને ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. કોઈ પણ પાર્ટીના ખેસ અને ઝંડા વગર રસ્તાઓ રોકવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, સરકારને અલ્ટીમેટમ આપવા માંગીએ છીએ કે માંગણીઓને લઈને જેલમાં જવા માટે તૈયાર છીએ. 11 દિવસ પછી સરકાર જવાબ નહીં આપે તો જિલ્લાઓમાં ટ્રેક્ટર લઈને રોડ પર ઊભા રહીને ચક્કાજામ કરીશું. કિસાન સંઘર્ષ સમિતિ અને કિસાન કોંગ્રેસ સમિતિ સાથે બીજા કોઈએ આવવું હોય તો રસ્તા રોકવા માટે આવી જાય. 12માં દિવસે સરકાર નહીં માને તો તેમનું બારમું કરી નાખીશું.

ખેડૂતોને સભામાં સંબોધન કરતા પાલ આંબલિયા રડવા લાગ્યા હતા. તેમણે કહ્યું હતુ કે આગામી સમયમાં ખેડૂતો માટે લડીશ કે નહીં તે પરિવાર સાથે વાતચીત કરીને નક્કી કરીશ. મારા ખેતરમાં થાંભલો આવતો નથી, કે મારા માટે લડતો રહું. તમારા માટે લડવા નીકળ્યો હતો અને આજે ખેડૂતો કહે છે કે પાલભાઈ ગુમરાહ કરે છે. મને પોલીસે બાંધીને માર્યો હતો ત્યારે દુઃખ નહોતું થતું એટલું દુઃખ આજે ગુમરાહ કરતા હોવાના આક્ષેપ લગાવવાથી થયો છે.

કોંગ્રેસની સભામાં કેટલાક ખેડૂતો વિરોધ કરવા આવ્યા હતા જેમને કોંગ્રેસના કાર્યકરોએ પાછા કાઢ્યા હતા.

ઓગણજ ટોલ ટેક્સથી વૈષ્ણોદેવી સર્કલ તરફનો રિંગ રોડ પોલીસે જે બંધ કરાવ્યો હતો તેને ફરીથી શરૂ કરી દેવામાં આવ્યો છે. ઓગણજ ટોલ ટેક્સ ફરીથી શરૂ થતા વાહન વ્યવહાર પૂર્વવત થઈ ગયો છે.

## નિવૃત ટ્રાફિક કોન્સ્ટેબલે વાહનચાલકને રૂ. 30 હજાર ચૂકવવા પડશે.....

### 2007માં ફરજ દરમિયાન નોટપેડ ફેંકીને મારતા બાઈકચાલકને ઈજા પહોંચી હતી, કોર્ટે દોષિત ઠેરવ્યા

**અમદાવાદ, તા.15**

અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટે નિવૃત્ત ટ્રાફિક કોન્સ્ટેબલ લાલજી મકવાણાને ટ્રાફિક ચેકિંગ દરમિયાન મોટરસાયકલ ચાલક તરફ નોટપેડ ફેંકીને ચાલકને ઈજા પહોંચાડવા બદલ દોષિત ઠેરવ્યા છે. જો કે વિવિધ રાહત આપનારા પરિબળોને ધ્યાનમાં રાખીને, કોર્ટે તેમને જેલની સજામાંથી રાહત આપી છે અને પ્રોબેશનનો લાભ આપ્યો છે. પરંતુ 30 હજારનું વળતર ફરિયાદીને ચૂકવવા કોર્ટે આદેશ કર્યો છે. આ રૂપિયા કોર્ટમાં જમા કરાવવાના રહેશે.

આ ઘટના 19 નવેમ્બર, 2007ની છે, જ્યારે ટ્રાફિક કોન્સ્ટેબલ શિવરંજની ચાર રસ્તા પર ફરજ બજાવતા હતા. એક ટુ વ્હીલર ચાલક પોતાની બહેનને પાછળ બેસાડીને મોટરસાયકલ લઈને ચાર રસ્તા પાસે આવ્યા હતા. બાઈક ચાલકે હેલ્મેટ પહેર્યું ન હતું. પ્રોશિક્યુશનના જણાવ્યા અનુસાર ટ્રાફિક કોન્સ્ટેબલે બાઈક ચાલકને ઊભા રહેવાનો ઈશારો કર્યો હતો. જ્યારે તેમને લાગ્યું કે ચાલક ઊભો નહીં રહે, ત્યારે તેમણે પોતાની પાસે રહેલું નોટપેડ તેની તરફ ફેંક્યું હતું.

આ નોટપેડ બાઈક ચાલકના મોઢા પર વાગ્યું હતું. જેના કારણે મોટરસાયકલ ચાલકે સંતુલન ગુમાવ્યું અને બંને સવારો રોડ પર પડી ગયા. ચાલકના ચશ્મા તૂટી ગયા અને તેની આંખમાં ઈજા થઈ હતી. ફરજ પરના અન્ય એક પોલીસકર્મી તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા.

બીજા દિવસે બાઈક ચાલકે કોન્સ્ટેબલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ચાર્જશીટ ફાઈલ થઈ અને ટ્રાયલ ચાલ્યા બાદ કોર્ટે ટ્રાફિક કોન્સ્ટેબલને બાઈક ચાલક પર હુમલો કરવા બદલ દોષિત ઠેરવ્યા છે. કોન્સ્ટેબલ કોર્ટે સમક્ષ નરમ વલણ અપનાવવા અને જેલની સજાને બદલે વળતર ચૂકવવાનો આદેશ કરવા વિનંતી કરી હતી. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આ વિનંતીનો સ્વીકાર કરાયો હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે ઘટના સમયની આરોપીની ઉંમર તેમજ તેમની વર્તમાન ઉંમર, તેમનો વ્યવસાય, કૌટુંબિક જવાબદારીઓ, કેસના સંજોગો, ગુનાનું સ્વરૂપ અને તેમના ભવિષ્યની સંભાવનાઓ પર દોષિત ઠરવાની અસરોને ધ્યાનમાં લેતા, કોર્ટે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, 1958 ની કલમોનો લાભ આપવો યોગ્ય માને છે.

## 13 વર્ષની સગીરાના ગર્ભપાત માટે હાઈકોર્ટની મંજૂરી

### ત્રણ સિનિયર ગાયનેકોલોજિસ્ટ અને એક સાયકિયાટ્રિસ્ટની ટીમ બનાવો, તાત્કાલિક પ્રક્રિયા હાથ ધરો

**અમદાવાદ, તા.15**

ગુજરાત હાઈકોર્ટમાં જૂનાગઢથી એક 13 વર્ષની સગીર દુષ્કર્મ પીડિતા વતી અરજી દાખલ કરવામાં આવી હતી. જેને 19 અઠવાડિયાનો ગર્ભ હોવાથી ગર્ભપાતની માંગ કરી હતી. આરોપી સામે ઉના પોલીસ મથકે BNS અને પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. પીડિતા સગીર હોવાથી અને તેના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યને ગંભીર ઈજા ન પહોંચે તે હેતુથી, તેના ગર્ભપાતની મંજૂરી માંગવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટે વર્ષ 2026માં 15 જૂન સુધીમાં એટલે કે સાડા પાંચ મહિનામાં 12 પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપી છે.

હાઈકોર્ટના અગાઉના આદેશ અનુસાર GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલ, જૂનાગઢના નિષ્ણાત



ડૉક્ટરોની ટીમ દ્વારા પીડિતાની તપાસ કરવામાં આવી હતી. મેડિકલ રિપોર્ટ અનુસાર ગર્ભપાત કરવો તબીબી રીતે શક્ય છે અને તેમાં જોખમ ખૂબ જ ઓછું છે. જો કે પીડિતામાં એનિમિયા હોવાથી મલ્ટી-ડિસિપ્લિનરી અભિગમ હેઠળ તેની સારવાર કર્યા બાદ જ આ પ્રક્રિયા હાથ ધરવાનું જણાવાયું હતું. ગુજરાત હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના આદેશ ટાંકતા નોંધ્યું હતું કે દુષ્કર્મના કારણે રહેલો ગર્ભ સ્ત્રીના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર ઈજા સમાન છે. બંધારણની કલમ 21 હેઠળ સ્ત્રીને પોતાના શરીર અને પ્રજનન અંગે નિર્ણય લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. સગીર વયની પીડિતાને દુષ્કર્મ કરનાર વ્યક્તિના બાળકને જન્મ આપવા અને ઉછેરવા માટે મજબૂર કરવી એ અમાનવીય છે, અને તે બાળપણમાં જ બીજા બાળકને ઉછેરવા જેવી આઘાતજનક સ્થિતિ પેદા કરે છે.

હાઈકોર્ટે પીડિતાની માનસિક પીડાને ધ્યાનમાં રાખીને ગર્ભપાતની મંજૂરી આપી હતી. કોર્ટે GMERS મેડિકલ કોલેજ જૂનાગઢના હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટને તાત્કાલિક ત્રણ સિનિયર ગાયનેકોલોજિસ્ટ અને એક સાયકિયાટ્રિસ્ટ સહિતના નિષ્ણાતોની ટીમ બનાવીને તાકીદે આ પ્રક્રિયા હાથ ધરવા આદેશ અપાયો છે. કોર્ટે પીડિતાના ગર્ભના પેશીઓના નમૂના વૈજ્ઞાનિક પદ્ધતિથી એકત્રિત કરી તપાસ કરનાર પોલીસ અધિકારીને DNA ઓળખ અને પુરાવા માટે સોંપવાના રહેશે.

## રીનીટના પેપરની લાલચ આપી 1 હજાર વિદ્યાર્થી પાસેથી પૈસા પડાવ્યા: 1.50 કરોડના ટ્રાન્જેક્શન મળ્યા

**અમદાવાદ, તા.15**

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) પરીક્ષાના પેપર લીક વિવાદ વચ્ચે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા હાથ લાગી છે. સાયબર ક્રાઈમે અલગ-અલગ રાજ્યોમાં ઓપરેશન પાર પાડીને કુલ 3 આરોપી એવા સુમેરસિંગ મીણા, આકાશ મીણા અને નવીન યાદવની ધરપકડ કરી છે. જેમાં સોશિયલ મીડિયા એપ ટેલિગ્રામ પર ચેનલો બનાવીને લાખો રૂપિયામાં NEETના પેપરો વેચવાનો ધંધો કરનારા 2 શખસોને રાજસ્થાનથી અને પરીક્ષા ફીના રિફંડના નામે વિદ્યાર્થીઓ સાથે ઓનલાઈન ઠગાઈ આચરનારા એક આરોપીને બિહારથી દબોચી લેવાયો છે. સુમેરસિંગ મીણા, આકાશ મીણા રાજસ્થાનના અને નવીન યાદવ બિહારનો છે.




આરોપીઓ ગેમિંગ વેબસાઈટ પર એકાઉન્ટ ખોલાવીને પોતાના એકાઉન્ટમાં પૈસા મેળવતા અને થોડીવાર રમીને થોડી હાર-જીત કરીને પૈસા પોતાના એકાઉન્ટમાં મેળવી લેતા હતા.

બનાવની વિગત એવી છે કે, દેશભરમાં ચાલી રહેલા NEET પેપર લીક વિવાદનો ગેરકાયદે ફાયદો ઉઠાવવા માટે અમુક સાયબર ગુનેગારો સક્રિય થયા હોવાની ચોક્કસ બાતમી અમદાવાદ સાયબર ક્રાઈમને મળી હતી. તપાસમાં સામે આવ્યું કે, બે આરોપી ટેલિગ્રામ પર અલગ-અલગ ચેનલો બનાવી NEETના પેપર વેચે છે, જેને રાજસ્થાનથી ઝડપી પાડ્યા છે. આરોપીઓ ટેલિગ્રામ પર NEETના પેપર વેચવા અંગેનો મેસેજ મુકતા હતા. જે બાદ જેને ખરીદવું હોય તે આરોપીઓને મેસેજ કરતા હતા અને આરોપી લાખો રૂપિયા લઈને પેપર અને આન્સર કી આપતા હતા. જોકે, આરોપીઓ કોઈ જુના પેપર કે ખોટા પેપર વેચીને ફ્રોડ કરતા હતા. બંને આરોપીની ધરપકડ કરી સાયબર ક્રાઈમે વધુ તપાસ હાથ ધરી છે.

NEETની પરીક્ષામાં રિફંડના નામે ફ્રોડ કરતા અન્ય એક આરોપીની પણ ધરપકડ કરવામાં આવી છે, જેમાં આરોપી રિફંડના નામે વિદ્યાર્થીઓ સાથે ઠગાઈ કરતો હતો. વિદ્યાર્થીઓના આઈડી અને પાસવર્ડ સાથે ચેડા કરીને તેઓની સાથે ફ્રોડ કરતો હતો, જેની સાયબર ક્રાઈમે બિહારથી ધરપકડ કરી છે.

આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના જેસીપી શરદ સિંઘલે જણાવ્યું હતું કે પકડાયેલા આરોપીએ પેપર લીક નથી કર્યા. 44 વેબસાઈટ અને 8 ટેલિગ્રામ ચેનલ ચલાવતા હતા. આરોપીઓએ ટેલિગ્રામ મારફતે જાહેરાત કરી હતી કે તેમની પાસે રીનીટનું પેપર છે. આરોપીઓએ ચેનલ અને ગ્રુપ ચલાવતા હતા. જેમાં મેસેજ નાખતા હતા. આરોપીઓ મેસેજ નાખે તે બાદ આરોપીઓના જ માણસો ગ્રુપમાં એડવાન્સ પૈસા આપ્યાના સ્ક્રીન શોટ નાખી આભારનો મેસેજ કરતા હતા. જેનાથી વાલીઓ અને વિદ્યાર્થીઓને વિશ્વાસ આવે. આરોપીના માણસો જ ગ્રુપમાં લખતા હતા કે તમે ગત વર્ષે જે પેપર આપ્યું હતું તેમાંથી 70 થી 80 ટકા પેપર આવ્યું હતું.

વાલીઓ અને વિદ્યાર્થીઓએ આ મેસેજ જોઈને ગ્રુપમાં વિશ્વાસ કરીને NEETનું પેપર ખરીદવા આરોપીનો સંપર્ક કર્યો હતો. લગભગ 1 હજારથી વધુ લોકોએ NEETનું પેપર લેવા આરોપીને પૈસા આપ્યા છે. આરોપીના બેંક એકાઉન્ટમાંથી 1.50 કરોડના ટ્રાન્જેક્શન મળ્યા છે.

સાયબર ક્રાઈમે આ અંગે ગુનો નોંધી સુમેર સિંગ મીણા અને આકાશ મીણા નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી. બંને રાજસ્થાનના રહેવાસી છે. તેના મોબાઈલમાંથી 8 ટેલિગ્રામ ચેનલ મળી આવી હતી.


## જમીન ફાળવણી કેસમાં હાઈકોર્ટે યુસુફ પઠાણને 4 અઠવાડિયાનો સમય આપ્યો

**અમદાવાદ, તા.15**

વડોદરા મનપા દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટર અને TMC યુસુફ પઠાણને જમીન ફાળવણી વિવાદમાં હાઈકોર્ટે વધુ 4 અઠવાડીયાનો સમય આપ્યો છે. જમીન ખાલસા કરવાના સિંગલ જજના ચુકાદા બાદ યુસુફે ડબલ જજની બેન્ચ સમક્ષ અપીલ કરી છે. અપીલમાં આજે યુસુફ દ્વારા સિવિલ એપ્લિકેશન દાખલ કરી સમય માંગવામાં આવ્યો હતો. જેમાં યુસુફે કહ્યું આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોને જમીન ફાળવણીની સરકારની પોલિસી તેઓ કોર્ટ સમક્ષ મુકવા માંગે છે, જે માટે સમયની જરૂર છે. ત્યાર બાદ કોર્ટે કહ્યું અમે તમને સમય આપીએ છીએ .પરંતુ જેટલું તમે મોડું કરશો એટલો દંડ વધુ થશે, કારણકે વર્ષ 2014 થી જમીન ઉપર તમારો અનધિકૃત કબ્જો છે.

ઉલ્લેખનીય છે કે, VMC દ્વારા યુસુફને જમીન ફાળવવાના પ્રસ્તાવને રાજ્ય સરકારે રદ કર્યો હતો. 2014 થી 2026 સુધી જમીન યુસુફના કબ્જામાં છે.

જમીન વિવાદના કેસની વાત કરીએ તો, યુસુફ પઠાણ દ્વારા વડોદરામાં જમીન મેળવવા માટે અરજી કરતા વર્ષ 2012માં સ્ટેન્ડિંગ કમિટીએ રિઝોલ્યુશન પસાર કરીને માર્કેટ કિંમતે જમીન આપવા પ્રસ્તાવ કર્યો હતો. વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય



સભાએ તેને મંજૂરી આપી પછી તેની મંજૂરી માટે રાજ્ય સરકાર પાસે ગઈ હતી. રાજ્ય સરકારે વર્ષ 2024માં જમીન આપવાની અરજી નકારી કાઢી હતી. મૂળ આ કેસમાં યુસુફ પઠાણ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં વર્ષ 2024માં અરજી કરવામાં આવી હતી. જેમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના 6 જૂન,2024ના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. આ આદેશમાં VMCએ અરજદારને તેમની તરફેણમાં જાહેર હરાજી વિના 99 વર્ષના લીઝ પર પ્લોટ ફાળવવાનો પ્રસ્તાવ નકાર્યો હતો અને પ્લોટ પરનું દબાણ તાત્કાલિક દૂર કરવા સૂચના આપી હતી. ઉપરાંત રાજ્ય સરકારના 9 જૂન ,2014ના આદેશને પણ પડકારવામાં આવ્યો હતો, જેમાં અરજદારને પ્લોટ ન ફાળવવાનો નિર્ણય લેવાયો હતો. હાઈકોર્ટના સિંગલ જજે નોંધ્યું હતું કે, અરજદાર પાસે પ્લોટના કબજા અંગે કોઈ કાયદેસરનો આદેશ કે ફાળવણી પત્ર ન હોવા છતાં, તેમણે ત્યાં બાઉન્ડ્રી વોલ બનાવીને પ્લોટ પર કબજો જમાવ્યો હતો, જે દબાણ સમાન છે. અરજદારનો દાવો હતો કે VMC સ્વાયત્ત સંસ્થા છે, તેથી રાજ્ય સરકારની મંજૂરીની જરૂર નથી. જો કે કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે અહીં મુદ્દો ફક્ત સેક્શન 79 નો નથી, પરંતુ જાહેર હરાજીની પ્રક્રિયા ટાળવા માટે દરખાસ્ત સરકારને મોકલવામાં આવી હતી.

TMC સાંસદ અને પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણનું ઘર વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલું છે. આખો વિવાદ શુભમ પાર્ટી પ્લોટ પાસે 978 ચો.મી.ના પ્લોટ સાથે સંબંધિત છે. યુસુફ પઠાણે વર્ષ 2012માં જમીનની માલિકીની અરજી કરી હતી જેને કોર્પોરેશન દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ બાદમાં રાજ્ય સરકારે તેને ફગાવી દીધી હતી. આ પછી તે જગ્યાએ કથિત રીતે બાઉન્ડ્રી વોલ અને પશુઓ માટે શેડ બનાવવામાં આવ્યો હતો. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી નોટિસ મળ્યા બાદ યુસુફ પઠાણે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. આ પહેલાં 8 જૂને થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પઠાણનો ઉધડો લીધો હતો. હાઈકોર્ટે કહ્યું હતું કે, જમીન આપવાનો ફક્ત સ્ટેન્ડિંગ કમિટીનો પ્રસ્તાવ છે. જમીનનું એલોટમેન્ટ થયું જ નથી તો જમીન પર કબજો કેવી રીતે કર્યો? વળી તમે એકપણ રૂપિયો આપ્યો નથી.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

